બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**સપ્ટેમ્બર-૨૦૨૪**

સફરૂલ્ મુઝફ્ફર - રબીઉલ અવ્વલ શરીફ
હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૧, અંક : ૦૯, સળંગ અંક : ૨૪૮

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | મીલાદનો ઝિક્ર તથા તેમાં ક઼યામ પૂર્વજ ઉલમાની દૃષ્ટિએ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 13 |
| 04 | ક઼ાનૂને શરીઅત (ભાગ-૨) | 16 |
| 05 | અવામી ગલતફેહમી અને તેની સુધારણા | 20 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત યૂસુફ બિન હુસૈન رحمۃ اللہ علیہ | 23 |
| 07 | રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 26 |
| 08 | સાચા ઈબ્રાહીમી કોણ ?! | 30 |
| 09 | આપણા નબી હયાતુન્નબી ﷺ | 33 |
| 10 | નજાત પામનાર ફિર્કો કેવળ એહલે સુન્નત | 43 |
| 11 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## ★ નબી આજ પૈદા હુવા ચાહતા હે ★

નબી આજ પૈદા હુવા ચાહતા હે — યે કા'બા ઘર ઉસ કા હુવા ચાહતા હે
ન ક્યૂં આજ કા'બા બને રશ્કે ગુલશન — વો ગુલ જલ્વા ફર્મા હુવા ચાહતા હે
યે રો રો કે આપસ મેં બુત કેહ રહે હૈં — ખુદા જાને અબ કયા હુવા ચાહતા હે
નિદા આ રહી હે કે હક્ક઼ કે ક઼મર કા — જહાં મેં ઉજાલા હુવા ચાહતા હે
ખરીદેગા ઈસ્યાં કો રહમત કે બદલે — ખરીદાર પૈદા હુવા ચાહતા હે
જો આલમ કો કતરે સે સૈરાબ કર દે — રવાં ઐસા દરયા હુવા ચાહતા હે
ફલક કે સિતારે ઝુકે આ રહે હૈં — કે પૈદા વો મૌલા હુવા ચાહતા હે
ખુદા કે ખઝાનોં કા મુખ્તાર હાકિમ — શહે દીનો દુન્યા હુવા ચાહતા હે
મલાઈક મુઅદબ રહેં હુકમે રબ હે — કે મહબૂબ પૈદા હુવા ચાહતા હે
સલાતો સલામ અર્ઝ કર ઐ 'જમીલ' અબ — ઈજાબત કા દરબાં હુવા ચાહતા હે

# મીલાદનો ઝિક્ર તથા તેમાં કયામ પૂર્વજ ઉલમાની દૃષ્ટિએ

**તંત્રી લેખ**

**અ**લ્લાહ તઆલાની આપણને આપેલી શ્રેષ્ઠ નેઅમત, રહમતુલ લિલ્ આલમીન, ખાતમુન્નબીય્યીન, શફીઉલ મુઝનબીન, યતીમો, મઝલૂમો, બેવાઓ બેસહારાઓના સહારા, દાનાએ ગુયૂબ હુઝૂર નબીએ કરીમ ﷺના ૧૨ રબીઉલ અવ્વલ શરીફના રોજ આગમને જુલ્મો સિતમ તથા કુફ્ર ગુમરાહીના અંધકારમાં ઘેરાયેલી દુનિયાને અમ્નો અમાન તથા હિદાયતનું નૂર બખ્શ્યું તેવા અલ્લાહ ﷻના સૌથી પ્યારા મહબૂબ ﷺની વિલાદતની ખુશીમાં દુનિયાભરના ખુશઅકીદા મુસલમાન, અહલે સુન્નત વ જમાઅત મીલાદ શરીફની મેહફિલો તથા સલામો કયામની મજલિસોમાં નબીએ રહમત ﷺની શાને આ'લાનો, મીલાદ પાકનો ઝિક્ર તથા આપની તાઝીમમાં સલામ વખતે કયામ કરે છે, જેને બદઅકીદા શિર્ક બિદઅતના ફત્વા આપીને રસૂલે પાક ﷺ પ્રત્યે પોતાની અદાવતને પ્રદર્શિત કરે છે. દેવબંદી પેશવા રશીદ અહમદ ગંગોહીએ "ફતાવા રશીદિયા" (૨/૮૩)માં મજલિસે મીલાદને હર હાલતમાં નાજાઈઝ દર્શાવી, તો કાસિમ નાનોત્વીએ "બરાહીને કાતિઅહ"માં "કનૈયાના જન્મ દિવસ સાથે એની તુલના કરી" અને એને ખોટી ક્રિયા, નિંદાને પાત્ર તથા હરામ તથા ગુનો કહ્યું. (અલ્લાહની પનાહ) તો આવો આપણે આપણા પૂર્વજ બુઝુર્ગો (સલફે સાલેહીન)થી જાણીએ (જેઓ કુર્આન હદીષના હુકમોના નિષ્ણાત તથા પાબંદ હતા) કે મીલાદ શરીફ મનાવવી તથા તેમાં કયામ સાથે સલાતો સલામ કેવું છે ?

## વિલાદતના ઝિક્ર વખતે કયામનો સદીઓથી રિવાજ છે

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાની કિતાબ "અલ ઈકામતુલ કિયામહ"માં લખે છે : **નબી કરીમ ﷺની વિલાદતના ઝિક્ર વખતે કયામ સૈંકડો વરસોથી દારુલ ઈસ્લામના શહેરોમાં રિવાજ પામેલ તથા નિયમિતપણે થાય છે** અને અકાબિર (અગ્રગણ્ય) ઉલમામાં મુકર્રર તથા મકબૂલ છે. શરીઅતમાં એનાથી મનાઈ નથી અને શરીઅતની મનાઈ વગર મના કરવું મરદૂદ છે. મક્કા મોઅઝ્ઝમા મદીના મુનવ્વરા જે દીન ઈમાનનું કેન્દ્ર છે (ત્યારે ત્યાં સુન્ની ઉષ્માની તુર્કી હુકૂમત હતી અને ત્યાં અહલે સુન્નતના ઉલમાનું ચલણ હતું, પણ હાલ બદઅકીદા વહાબીઓનું છે) ત્યાંના અકાબિર ઉલમા તથા ચારેવ મઝહબના મુફતીઓ મુદ્દતથી આ કાર્યના કર્તા તથા આમિલ તથા કાઈલ તથા કાબિલ છે. વિશ્વાસુ ઉલમાએ એને હરામ નથી કહ્યું બલ્કે વિના શંકાએ મુસ્તહબ તથા મુસ્તહસન ઠરાવ્યું. અલ્લામા જલીલુશશાન અલી બિન બુરહાનુદ્દીન હલબી رحمۃ اللہ علیہએ સીરતે મુબારકા ઈન્સાનુલ્ ઓયૂનમાં સ્પષ્ટતા કરી કે આ કયામ સારી બિદઅત છે અને આદેશ આપે છે : બેશક ! હુઝૂર સૈયદુલ અનામ ﷺના નામે પાકના ઝિક્ર વખતે કયામ કરવો ઈમામ તકીઉલ મિલ્લત વદ્દીન رحمۃ اللہ علیہથી જોવામાં આવ્યો જેઓ આ ઉમ્મતે મર્હૂમાના આલિમ અને દીન તથા તકવામાં ઈમામોના ઈમામ છે. અને આ કયામ પર તેમના સમકાલિન ઈમામો તથા મશાઈખે ઈસ્લામે તેમનું અનુસરણ કર્યું. અમુક ઉલમા એટલે એ જ ઈમામે અજલના સાહબઝાદા ઈમામ શયખુલ ઈસ્લામ અબૂ નસ્ર અબ્દુલ વહહાબ ઈબ્ને અબીલ હસન તકીઉલ મિલ્લત વદ્દીને "તબકાતે કુબરા"માં નકલ કર્યું કે ઈમામ સુબકી સમક્ષ એ જમાનાના ઉલમાની એક મોટી જમાઅત ભેગી થઈ, એ મજલિસમાં કોઈએ ઈમામ સરસરીના નઅતના

www.barkatekhwaja.net

આ શેઅરો પઢયા જેનો ખુલાસો એ છે કે, "મુસ્તફા ﷺની પ્રશંસા માટે એ પણ થોડુ જ છે કે જે સૌથી સારા સુંદર રાઈટિંગવાળો હોય તેના હાથથી ચાંદીના પત્ર પર સોનાના પાણી વડે લખવામાં આવે. અને જે લોકો દીની શરફ ધરાવે તેઓ તેમની નઅત સાંભળીને સફ બાંધીને સરોક઼દ અથવા ગુઠણોભેર ઉભા થઈ જાય." આ શેઅરોને સાંભળતાં જ ઈમામ સુબક઼ી તથા સર્વ મજલિસ મુબારકમાં હાજર ઉલમાએ કિરામે ક઼યામ કર્યો અને એના કારણે એ મજલિસમાં અતિશય મહોબ્બતની કૈફિયત હાંસલ થઈ. ................

આલિમે કામિલ આરિફ બિલ્લાહ સૈયદે સનદ મૌલાના સૈયદ જઅફર બરઝંજી رحمۃ اللہ علیہ જેમની કિતાબ અક઼દુલ જૌહરમાં મૌલૂદુન્નબીયુલ અઝહર ﷺ હરમૈન મોહતરમૈન (મક્કા મદીના) તથા દારુલ ઈસ્લામના અન્ય શહેરોમાં મનાવવાનો રિવાજ છે અને મુસ્તનદ માનેઈ઼ન મૌલાના રફીઉદ્દીને "તારુખુલ હરમૈન"માં આ કિતાબ તથા આ જલીલુલ ક઼દર લેખકની ખૂબ જ પ્રશંસા કરી છે. પોતાની એ જ મુબારક કિતાબમાં ફર્માવે છે, બેશક ! નબી કરીમ ﷺના વિલાદતના ઝિક્ર વખતે ક઼યામ કરવો એ ઈમામોએ મુસ્તહસન સમજ્યું છે જેઓ સાહિબે રિવાયત તથા દિરાયત હતા, તે ખુશી તેના માટે જેની અતિશય મક઼સૂદ તથા મુરાદ નબી ﷺની તાઝીમ છે.

## વિલાદતના ઝિક્ર વખતે ક઼યામ પુષ્કળ સવાબ તથા મહાન ફઝ્‌લનો સબબ

ફાઝિલે અજલ સૈયદી જઅફર બિન ઈસ્માઈલ બિન ઝયનુલ આબિદીન અલ્વી મદનીએ તેની શરહ અલ કૌકબુલ અઝહર અલા અક઼દુલ જૌહરમાં આ વિષય પર ચર્ચા કરી. ફક઼ીહ મુહદ્દિષ મૌલાના ઉષ્માન બિન હસન દમિયાતી પોતાની કિતાબ અષ્બાતે ક઼યામમાં લખે છે : મૌલુદ શરીફ પઢવામાં નબી કરીમ ﷺની વિલાદતના ઝિક્ર વખતે હુઝૂરે અક઼દસ ﷺની તાઝીમ માટે ક઼યામ કરવો બેશક ! મુસ્તહબ તથા મુસ્તહસન તથા મન્દૂબ (સરાહનીય) છે જેના કર્તાને અઢળક સવાબ તથા મહાન ફઝ્‌લ હાંસલ થશે કે એ તાઝીમ છે, અને કેવી તાઝીમ છે તે નબી કરીમ સાહિબે ખુલ્ક઼ે અઝીમ ﷺની જેમની બરકતથી અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા આપણને કુફ્રની ગુમરાહીથી ઈમાનના નૂરની તરફ લાવ્યો અને એમના સબબે આપણને જહાલતની દોઝખથી બચાવીને મઅરેફત તથા યકીનની જન્નતમાં દાખલ કર્યા તો હુઝૂરે અક઼દસ ﷺની તાઝીમમાં રબ્બુલ આલમીનની ખુશ્નુદીની તરફ દોડવું છે. અને દીનની સૌથી મજબૂત નિશાનીઓને જાહેર કરવું તથા જે તાઝીમ કરે ખુદાની નિશાનીઓની તો તે દિલોની પરહેઝગારીથી છે, અને જે તાઝીમ કરે ખુદાની હુર્મતોની તો એ તેના માટે તેના રબને ત્યાં બેહતર છે .............. પછી દલીલો નક઼લ કર્યા બાદ ફર્માવ્યું : આ સૌ દલીલોથી સાબિત થયું કે વિલાદત શરીફાના ઝિક્ર વખતે ક઼યામ મુસ્તહબ છે કે એમાં નબી ﷺની તાઝીમ છે. કોઈ એવું ન કહે કે આ ક઼યામ તો બિદઅત છે, એટલા માટે કે અમે કહીએ છીએ કે દરેક બિદઅત બુરી નથી હોતી, જેવો કે એ જ જવાબ આપ્યો ઈમામ મુહક્કિક઼ વલી અબૂ ઝરઆ ઈરાક઼ીએ જ્યારે તેમને મજલિસે મીલાદ વિશે પૂછવામાં આવ્યું હતું કે મુસ્તહબ છે કે મકરૂહ ? અને એમાં કાંઈ વારિદ થયું છે કે કોઈ પેશવાએ કરેલ છે ? તો જવાબમાં ફર્માવ્યું, વલીમો ખાવો તથા ખવડાવવો દરેક વખતે મુસ્તહબ છે પછી આ સ્થિતિનું શું પૂછવું ?! જ્યારે એની સાથે એ માહે મુબારકમાં નૂરે નબુવ્વતના ઝહૂરની ખુશી મળી જાય અને અમને એ બાબત સલફ (પૂર્વજ બુઝુર્ગો)થી માલૂમ નથી ન બિદઅત હોવાથી કરાહત લાઝિમ થશે, કેમ કે ઘણી બધી બિદઅતો મુસ્તહબ બલ્કે વાજિબ હોય છે જ્યારે એની સાથે કોઈ ખરાબી જોડાયેલી ન હોય, અને અલ્લાહ તૌફીક આપનાર છે.

www.barkatekhwaja.net

પછી ઈર્શાદ ફર્માવે છે : "બેશક ! ઉમ્મતે મુસ્તફા ﷺથી અહલે સુન્નત જમાઅતનો ઈજમાઅ તથા એકમતી છે કે આ કયામ મુસ્તહસન છે અને બેશક ! નબી ﷺ ફર્માવે છે, મારી ઉમ્મત ગુમરાહી પર જમા નથી થતી.

ઈમામ અલ્લામા મદાલકી رحمۃ اللہ علیہ ફર્માવે છે : કૌમની આદત જારી (રિવાજ) છે કે જ્યારે મદહખ્વાં (પ્રશંસા કરનાર) ઝિક્રે મીલાદે હુઝૂરે અક્દસ ﷺ સુધી પહોંચે છે તો લોકો ઉભા થઈ જાય છે અને આ મુસ્તહબ બિદઅત છે કે એમાં નબી ﷺની પેદાઈશ પર ખુશી અને હુઝૂરની તાઝીમનુ પ્રદર્શન છે.

અલ્લામા અબૂ ઝયદ પોતાની કિતાબ "મીલાદ"માં લખે છે : વિલાદતના ઝિક્ર વખતે કયામ મુસ્તહસન છે. ખાતમુલ મુહદ્દિષીન, ઝયનુલ હરમ અયનુલ કરમ, મૌલાના સૈયદ અહમદ ઝયન દહલાન મક્કી رحمۃ اللہ علیہ પોતાની કિતાબે મુસ્તતાબ અદ્દુર્રુસ્સુન્નહ ફી રદ્દે અલલ વહાબિયહમાં લખે છે : "નબી ﷺ ની તાઝીમથી છે કે વિલાદતની રાતે ખુશી મનાવવી અને મૌલુદ શરીફ પઢવું અને વિલાદતે અક્દસના ઝિક્ર વખતે ઉભા થવું અને મજલિસ શરીફમાં હાજરજનોને ખાવા આપવું અને એમના સિવાય અન્ય નેકીની વાતો કે જે મુસલમાનોમાં રિવાજ પામેલ છે અને સૌ નબી ﷺની તાઝીમથી છે અને મસ્અલો મજલિસે મીલાદ અને તેના સંબંધિત બાબતોનો એવો છે જેમાં મજબૂત કિતાબો લખાયી અને ખૂબ જ પ્રમાણમાં દીનના ઉલમાએ એની વ્યવસ્થા કરી અને દલીલોથી ભરેલી કિતાબો એના વિશે લખી જેથી આપણે આ મસ્અલામાં ચર્ચાની જરૂરત નથી."

## વિલાદતના ઝિક્ર પર કયામને સલફે સાલેહીને મુસ્તહસન કહ્યું

શયખુલ મશાઈખ ખાતિમુલ મુહક્કિકીન ઈમામુલ ઉલમા, સૈયદુલ મુદર્રિસીન મુફતીયુલ હનફિય્યા બ મક્કા સૈયદના વ બરકતના અલ્લામા જમાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર મક્કી رحمۃ اللہ علیہ પોતાના ફતાવામાં આદેશ આપે છે, ઝિક્રે મૌલુદે અઅતર ﷺના વખતે કયામ સલફની એક જમાઅતે મુસ્તહસન કહ્યું, તો એ બિદઅતે હસના છે. પછી અલ્લામા અંબારીની મવરિદુઝ્ ઝમ્આનથી નકલ કરે છે : ઈમામ સુબ્કી અને સર્વ હાજરજનોની મજલિસે કયામ કર્યો અને આટલુ ઈક્તેદા (અનુસરણ) માટે બસ છે. અલ્ફતાવા. મૌલાના જમાલ ઉમર رحمۃ اللہ علیہના આ ફતાવા પર સમર્થન કર્યું : મૌલાના સિદ્દીક બિન અબ્દુર્રહમાન કમાલે મુદર્રિસે મસ્જિદે હરામ અને હઝરત અલ્લામા અલ્વરી ઈલ્મુલ હુદા મૌલાના વ શૈખના વ બરકતના સૈયદ સનદ અહમદ ઝયન દહલાન શાફઈ અને મૌલાના મુહમ્મદ બિન મુહમ્મદ કતબી મક્કા અને મૌલાના હુસૈન બિન ઈબ્રાહીમ મક્કી માલિકી મુફતીયે માલિકિયા વગેરે અગ્રગણ્ય મહાન ઉલમાએ............એ જ મૌલાના હુસૈન બીજી જગાએ ફર્માવે છે : એને (ઝિક્રે મીલાદને) ઘણા ઉલમાએ મુસ્તહસન રાખ્યું અને તે હસન છે, કેમ કે આપણા પર નબી કરીમ ﷺની તાઝીમ વાજિબ છે.

## ઝિક્રે મીલાદની મેહફિલમાં રૂહે મુહમ્મદ હાજર થાય છે

મૌલાના મુહમ્મદ બિન યહ્યા હંબલી મુફતીયે હનાબિલા ફર્માવે છે કે, હા ! ઝિક્રે વિલાદતે હુઝૂરે અક્દસ ﷺના સમયે કયામ જરૂરી છે કે રૂહે પાક હુઝૂરે અક્દસ ﷺ જલ્વાફર્મા (હાજર) થાય છે જેથી એ વખતે તાઝીમ તથા કયામ લાઝિમ થયાં. મૌલાના અબ્દુલ્લાહ ઈબ્ને મુહમ્મદ મુફતીયે હનફિયા ફર્માવે છે : તેને ઘણા બધા ઉલમાએ મુસ્તહસન રાખેલ છે. શયખ મશાઈખના મૌલાના અલ ઈમામુલ અજલ અલ ફકીહુલ હદીષ સિરાજુલ ઉલમા અલ્લામા સિરાજ મક્કી મુફતીયે હનફિયા ફર્માવે છે : આ કયામ મશહૂર ઈમામોમાં સતત

મુતવારિષ ચાલ્યો આવે છે અને તેને ઈમામો તથા હાકિમોએ યથાવત ચાલુ રાખ્યો અને કોઈએ રદ કે ઈન્કાર ન કર્યો જેથી મુસ્તહબ ઠર્યો. અને નબી ﷺ સિવાય બીજો કોણ તાઝીમનો મુસ્તહિક઼ છે ?! અને સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની હદીષ પૂરતી છે કે જે ચીજને મુસલમાનો નેક સમજે તે અલ્લાહ તઆલાની નજીક પણ નેક છે. એ જ પ્રમાણે મુફ્તી ઉમર બિન અબી બકર શાફઈએ તેના ઈસ્તેહબાબ તથા ઈસ્તેહસાન (મુસ્તહબ તથા મુસ્તહસ હોવા) પર સ્પષ્ટતા કરી. ફતાવાએ ઉલમાએ હરમૈન મોહતરમૈન જેના પર મુફતીયે મક્કા મોઅઝ્ઝમા મૌલાના મુહમ્મદ બિન હુસૈન કતબી હનફી અને રઈસુલ ઉલમા, શયખુલ મુદર્રિસીન મૌલાના જમાલ હનફી અને મુફતીયે માલિકિયા મૌલાના હુસૈન ઈબ્રાહીમ મક્કી અને સૈયદુલ મુહક્કિક઼ીન મૌલાના અહમદ બિન ઝયન શાફઈ તથા મુદર્રિસે મસ્જિદે નબવી ﷺ મૌલાના મુહમ્મદ બિન મુહમ્મદ ગરબ શાફઈ અને મૌલાના અબ્દુલ કરીમ બિન અબ્દુલહકીમ હનફી મદની અને ફક઼ીહે જલીલ મૌલાના અબ્દુલ જબ્બાર હંબલી બસરી નઝીલ મદીના મુનવ્વરા અને મૌલાના ઈબ્રાહીમ બિન મુહમ્મદ ગયાર હુસૈની શાફઈ મદનીની મોહરો છે. અને અસલ ફત્વો લખાયેલો તથા વર્ણવેલ ઉલમાની મોહરોવાળો ફક઼ીરે ખુદ મારી આંખોએ જોયો અને મુદ્દતો સુધી ફક઼ીર પાસે રહ્યો જેમાં મોટા ભાગે વિવાદાસ્પદ મસાઈલ પર ચર્ચા કરેલી છે અને રોશન દલીલો વડે વહાબી મઝહબને સરાસર મરદૂદ બાતિલ ઠરાવેલો છે.

## ક઼યામને હરામ તથા મના કહેવો મુહક્કિક઼ોની નજીક ગલત છે

હુઝૂરે અક઼દસ ﷺની વિલાદતના ઝિક્ર વખતે એ મેહફિલમાં મુસલમાનોનું તાઝીમ તથા એહતેરામ દર્શાવવા માટે ક઼યામ કરવું એ ઈન્સાનુલ ઓયૂન મશહૂર કિતાબ સીરતે હલબિયાની સ્પષ્ટતા પ્રમાણે "મુસ્તહસન" છે. અને અલ્લામા બરઝંજી રિસાલા મૌલુદમાં ફર્માવે છે, મૌલુદ શરીફના ઝિક્ર વખતે ક઼યામ રિવાયત તથા દિરાયતના ઈમામો નજીક 'મુસ્તહબ' છે, તો ખુશી થાય તેને જેની ખૂબ અધિક મુરાદ (હેતુ) હુઝૂર સૈયદુલ અનામ ﷺની તાઝીમ છે. ............ અને આ તાઝીમને એ કારણે કે આ વિશિષ્ટતાની સાથે હદીષમાં વર્ણન થયેલ નથી એ કારણે હરામ તથા મના કહેવું જમહૂર (બહુમતી) મુહક્કિક઼ોની નજીક ફાસિદ (ગલત) છે. અયનુલ ઈલ્મમાં ફર્માવે છે, જે ચીજથી શરીઅતમાં નેહી (મના) ન આવી અને સલફ (પૂર્વજ બુઝુર્ગો)ના જમાના પછી લોકોમાં ચાલુ થઈ એમાં મુવાફિક઼ત (સમર્થન) કરીને મુસલમાનોનું દિલ ખુશ કરવું બેહતર છે, ભલે તે ચીજ બિદઅત હોય ............ હું કહું છું કે એના પર દલીલ એ હદીષ છે જે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી નબી ﷺના ઈર્શાદ અને ખુદ તેમના ક઼ૌલથી રિવાયત થઈ છે કે, "મુસલમાનો જે ચીજને નેક જાણે તે ખુદાની નજીક પણ નેક છે." અને તે હદીષ કે નબી ﷺએ ફર્માવ્યું, "લોકો સાથે તેમની આદતોના મુજબ વર્તાવ કરો." હાકિમે એને રિવાયત કરી અને કહ્યું કે બુખારી તથા મુસ્લિમની શર્ત પર સહીહ છે અને ઈમામ હુજ્જતુલ ઈસ્લામ ગિઝાલી "અહયાઉલ ઉલૂમ"માં ફર્માવે છે : "પાંચમો અદબ કૌમની મુવાફિક઼ત (સમર્થન) કરવું (તેમના જેમ કરવું) છે. ક઼યામમાં જ્યારે કોઈ એમનામાંથી સાચા વજ્દમાં બનાવટ તથા દેખાડો કર્યાં વિના અથવા વજ્દ વિના પોતાના અખત્યારથી ઉભો થાય તો જરૂરી છે કે સર્વ હાજરજનો તેમની જેમ કરે અને ઉભા થઈ જાય કે એ સોહબતના આદાબથી છે. અને દરેક ક઼ૌમની એક રસ્મ હોય છે, અને લોકો સાથે તેમની આદતોના મુજબનો વર્તાવ કરવો લાઝિમ છે. જેવું કે હદીષમાં આવ્યું. ખાસ કરીને એ આદતોમાં સારો વર્તાવ દિલોની ખુશ્નુદી હોય. અને કહેનારાનું એ કહેવું કે "બિદઅત છે ! સહાબાથી સાબિત નથી !" તો એ ક્યારે છે કે જે ચીજના જાઈઝ

www.barkatekhwaja.net

હોવાનો હુકમ આપવામાં આવે તે સહાબાથી નક્લ થયેલ હોય ?! બુરી તે બિદઅત છે જે કોઈ સુન્નત મામૂર બિહ (જેના આદેશ થયેલો હોય) તેની વિરૂધ્ધ જાય. અને આ વાતોથી મનાઈ ક્યાંય નથી આવી.........

## મદીનાના ઉલમાની નજીક પણ ક્યામ તથા વિલાદતનો ઝિક્ર મુસ્તહબ

આખિર રોઝતુન્નઈમમાં જે ઉલમાએ કિરામના ફત્વા છપાયા એમાં હઝરાતે ઉલમાએ મદીનાના ફત્વામાં મેહફિલે મીલાદની સાબિતી ખૂબીપૂર્વક સારી રીતે દર્શાવેલ છે. હેતુનો ખુલાસો એ છે કે મીલાદ શરીફમાં વલીમા કરવા અને રસૂલે પાક ﷺના વિલાદતે અક્દસના હાલ વર્ણવતી વખતે ક્યામ કરવો અને ગુલાબ છાંટવુ અને ખુશ્બુઓ સળગાવવી (ફેલાવવી) અને મકાનને સજાવવું અને કાંઈક કુર્આન તથા નબી ﷺ દુરૂદ પઢવું અને ખુશીનું પ્રદર્શન કરવું બેશક ! બિદઅતે હસના છે, મુસ્તહબ તથા ફઝીલત શરીફ મુસ્તહસન છે. કેમ કે દરેક બિદઅત હરામ નથી હોતી, બલ્કે ક્યારેક વાજિબ હોય છે, જેમ કે ગુમરાહ ફિર્કાઓના રદના માટે દલીલો કાયમ કરવી અને તે ઈલ્મો શીખવા જેની મદદથી કુર્આન તથા હદીષ ખૂબીપૂર્વક સમજમાં આવી શકે. અને ક્યારેક મુસ્તહબ હોય છે જેમ કે મુસાફરખાનાં તથા મદ્રસા કાયમ કરવા. અને ક્યારેક મુબાહ હોય છે જેમ કે સ્વાદિષ્ટ મજેદાર ખાણી પીણી અને કપડામાં વધારો કરવું. જેવું કે અલ્લામા મુનાદીએ શરહે જામેઅ સગીરમાં તહઝીબ ઈમામ અલ્લામા નવવીથી નક્લ કર્યું. તો એ બાબતોનો ઈન્કાર એ જ કરશે જે (ખુદ) બિદઅતી હશે, તેની વાત સાંભળવી ન જોઈએ. ઈસ્લામી હાકિમ પર વાજિબ છે કે તેને સજા આપે. વલ્લાહુ તઆલા અઅ્લમ.......

## મક્કાના ઉલમાની નજીક મીલાદ તથા ક્યામ મુસ્તહબ છે

આ ફત્વા પર મૌલાના અબ્દુલ જબ્બાર તથા ઈબ્રાહીમ બિન ખિયાર વગેરે ત્રીસ ઉલમાની મોહરો છે, અને ફતાવાએ ઉલમાએ મક્કા મોઅઝ્ઝમામાં મીલાદ તથા ક્યામનું મુસ્તહબ હોવું ઉલમાએ સલફ (પૂર્વજ ઉલમા)થી નક્લ કરીને ફર્માવે છે : જેથી મીલાદની મજલિસ તથા ક્યામનો મુન્કિર બિદઅતી છે. અને એ મુન્કિરની બુરી બિદઅત છે કે તેણે એવી ચીજ પર ઈન્કાર કર્યો જે ખુદા તથા મુસલમાનોની નજીક નેક હતી, જેવું કે હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہની હદીષમાં આવ્યું છે કે જે ચીજને મુસલમાન નેક એ'તેકાદ કરે તે ખુદાની નજીક નેક છે. અહીં મુસલમાનોથી કામિલ મુસલમાન મુરાદ છે, જેમ કે ઉલમાએ બાઅમલ. અને મજલિસ તથા ક્યામને અરબ તથા મિસર તથા શામ તથા રોમ તથા ઉન્દલુસના ઉલમાએ સલફ (પૂર્વજ ઉલમાએ) આજ સુધી મુસ્તહસન જાણ્યું, જેથી ઈજમાઅ થઈ ગયો અને જે બાબત ઉમ્મતના ઈજમાઅથી સાબિત હોય તે હક્ક છે, ગુમરાહી નથી. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : ''મારી ઉમ્મત ગુમરાહી પર ઈત્તેફાક (એકમતી) નથી કરતી.'' જેથી શરઈ હાકિમ પર લાઝિમ છે કે મુન્કિરને સજા આપે. વલ્લાહુ તઆલા અઅ્લમ

આ ફત્વા પર હઝરત સૈયદુલ ઉલમા અહમદ દહલાન મુફતીએ શાફઈય્યા તથા જનાબ મુસ્તતાબ શૈખના વ બરકતના સિરાજુલ ફુઝલા મૌલાના અબ્દુર્રહમાન સિરાજ મુફતીયે હનફિયા તથા મૌલાના હસન મુફતીયે હંબલિયા તથા મૌલાના મુહમ્મદ શરફી મુફતીયે માલિકિયા વગેરે ૪૫ ઉલમાની મોહરો છે.

## મીલાદનો ઝિક્ર તથા ક્યામ જિદ્દાના ઉલમા નજીક પણ મુસ્તહબ

ફતાવાએ ઉલમાએ જિદ્દામાં મુજીબે અવ્વલ મૌલાના બાસિર બિન બિન અહમદ અલી મજલિસે મીલાદ

અને તેમાં કયામ તથા દિવસ નિશ્ચિત કરવું તથા મકાન સજાવવું તથા ખુશ્બુ વાપરવી તથા કુર્આન પઢવું તથા ખુશી પ્રદર્શિત કરવું તથા ખાણાની વ્યવસ્થા કરવી એના સંબંધે ફર્માવે છે : ''જે મજલિસમાં આ સર્વ વાતો કરવામાં આવે તે શરીઅતની રૂએ સારી બિદઅત તથા મુસ્તહબ છે, **જેનો ઈન્કાર કરશે પણ તે જેના દિલમાં નિફાક્ની શાખોથી એક શાખ છે અને નબી ﷺથી અદાવત છે.** અને આ ઈન્કાર એને કઈ રીતે જાઈઝ થશે જ્યારે કે હક્ક તઆલા ફર્માવે છે : ''ખુદાની નિશાનીઓની તાઝીમ કરે તે દિલોની પરહેઝગારીથી છે.'' *(સૂ. હજ, ૨૨/૩૨)*

મૌલાના અબ્બાસ ઈબ્ને જઅફર ઈબ્ને સાદિક ફર્માવે છે : ''શયખ અલ્લામા બાસિર બિન અહમદ બિન અલીએ જે જવાબ આપ્યો તે જ હક્ક છે. **એનો વિરોધ ન કરશે પણ મુનાફિકો.** અને જે કાંઈ સવાલમાં લખ્યું છે સૌ હસન છે, અને કેમ હસન હોય કે એનાથી મુસ્તફા ﷺની તાઝીમનો હેતુ હોય છે. અલ્લાહ તઆલા આપણને મેહરૂમ ન કરે તેમની ઝિયારતથી દુનિયામાં અને ન તેમની શફાઅતથી આખેરતમાં (આમીન) અને જે એનાથી ઈન્કાર કરશે એ બંનેથી મેહરૂમ છે. *(બહવાલા : ઈસ્તિકામત ડાયજેસ્ટનો તહફફુઝે અકાઈદ નંબર, ઈ.સ. ૧૯૯૬)*

## મેહફિલે મીલાદ તથા કયામના મુન્કિર મેહરૂમ કોણ લોકો છે ?!

પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! નબી કરીમ ﷺની વિલાદતના દિવસે ખુશી મનાવવી, મીલાદની મેહફિલ રચવી, ખુશ્બુ ફેલાવવી, ઘરો મહોલ્લાને સજાવવા, કુર્આનની તિલાવત, દુરૂદ શરીફની, નઅતની, ઝિક્રની મજલિસ તથા ન્યાઝની વ્યવસ્થા વગેરે કરવું એ ખુશ અકીદા મુસલમાનોનો તરીકો છે અને **એને બુરી બિદઅત કહેવું અને તેનો ઈન્કાર કરવો એ મુનાફિકોનો તરીકો છે.** એ બાબત ઉપરોક્ત લખાણમાં વિશ્વભરના પૂર્વજ ઉલમાએ અહલે સુન્નતના ફત્વાઓથી જાહેર કરી આપ્યું. અને એ મુનાફિકો જગજાહેર છે વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ, મૌદૂદી.....વગેરે ફિર્કાવાળા કે સેંકડો વરસથી મહાન ઉલમા જેને કરતા આવ્યા, જેના પર ''ઉમ્મતનો ઈજમાઅ'' છે એની વિરૂધ્ધ જઈને આ બાતિલ ફિર્કાવાળાઓ હમેશાં તેની વિરૂધ્ધ પ્રચાર કરતા રહે છે. તો એવા બદ અકીદાઓથી દૂર રહેશો. કેમ કે હુઝૂર ﷺની વિલાદત પર શૈતાન ખૂબ જ નિરાશ તથા નારાજ થયો હતો, તો તેઓ પણ શૈતાનના ચેલા બનીને નિરાશ તથા દુઃખી થઈ રહ્યા છે ! જેથી એવા ઈબ્લીસના ચાહકોની વાતો પ્રતિ ધ્યાન કરવું ન જોઈએ.

*નિષાર તેરી ચહલ પહલ પર, હઝારોં ઈદે રબીઉલ અવ્વલ – સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં*

## સુન્નીઓ ! મીલાદ શરીફ મનાવો પણ એમાં શૈતાની કામોની ભેળસેળથી બચો

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો પ્રસ્તુત લેખને વારંવાર વાંચો અને સબક હાંસલ કરો કે આપણા પૂર્વજ ઉલમાએ બુઝુર્ગોએ મીલાદની ખુશી મનાવનારને કેવી બશારતો સંભળાવી છે અને નકારનારને મુનાફિક કહેલ છે. તો અલ્હમ્દુલિલ્લાહ ! આપણે મુનાફિકતથી મેહફૂઝ છીએ તો આપણે મીલાદની મેહફિલો જુલૂસોમાં બુઝુર્ગોએ જણાવ્યાં તે શરીઅત મુજબનાં કામો સિવાય કોઈ ગૈર શરઈ કામો જેમ કે મ્યુઝિક સાથે ડાન્સ કે ડી.જે.ના ભયાનક ઘોંઘાટો વચ્ચે કૂદાકૂદ કરીને કે જુલૂસોમાં બેપર્દા સ્ત્રીઓની ભેળસેળ સાથે ધાંધલ ધમાલ કરતા કરતા મીલાદ ન મનાવવી જોઈએ, બલ્કે શરીઅતથી મના સર્વ ચીજોથી તથા રિયાકારીથી બચીને અલ્લાહ વ રસૂલને રાજી કરવાની નિય્યતથી તિલાવતે કુર્આન તથા દુરૂદ શરીફની, વિલાદતના ઝિક્રની, નઅતે પાક તથા સલાતો સલામની બાઅદબ મેહફિલો તથા જુલૂસો કાઢવાં જોઈએ. અલ્લાહ સૌને નેક તૌફીક આપે. આમીન.

www.barkatekhwaja.net

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليه

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمة الله عليه

## સૂરએ અનઆમની તફસીર

આ[૪૧] એટલા માટે કે તારો રબ આબાદીઓને[૪૨] જુલ્મથી નાશ નથી કરતો, કે તેના લોકો બેખબર હો[૪૩] (૧૩૧) અને દરેક માટે[૪૪] તેમના કામોમાંથી દરજ્જા છે. અને તારો રબ તેમના કર્મોથી અજાણ નથી. (૧૩૨) અને હે મહબૂબ ! તમારો રબ બેપરવાહ છે રહમતવાળો. હે લોકો ! તે ઈચ્છે તો તમને લઈ જાય,[૪૫] અને જેને ઈચ્છે તેને તમારી જગ્યાએ લાવે. જેમ કે તમને બીજાઓના વંશમાં જન્માવ્યા[૪૬] (૧૩૩) બેશક ! જેનો તમને વાયદો આપવામાં આવે છે[૪૭] (તે) જરૂર આવનાર છે, અને તમે (તેને) થકવી શકતા નથી (૧૩૪) તમે કહો, "હે મારી કૌમ ! તમે તમારી જગ્યાએ કામ કર્યે જાવ, હું મારું કામ કરું છું." તો અબ ઘડી જાણશો કે આખિરતનું ઘર કોનું થાય છે. બેશક ! જુલ્મીઓ સફળતા પામતા નથી (૧૩૫) અને[૪૮] અલ્લાહે જે ખેતી અને જાનવરો બનાવ્યાં, તેમાં તેને એક ભાગીદાર બનાવ્યો, તો બોલ્યા, "આ અલ્લાહનું છે, તેમની માન્યતામાં, અને આ અમારા (બનાવી કાઢેલા અલ્લાહના) ભાગીદારોનું[૪૯] તો તે જે એમના ભાગીદારોનું છે તે તો (તેમની માન્યતા અનુસાર) ખુદાને પહોંચતું

**આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.**

ذٰلِكَ اَنْ لَّمْ يَكُنْ رَّبُّكَ مُهْلِكَ الْقُرٰى بِظُلْمٍ وَّ اَهْلُهَا غٰفِلُوْنَ ﴿۱۳۱﴾ وَ
لِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا عَمِلُوْا ؕ وَ مَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا يَعْمَلُوْنَ ﴿۱۳۲﴾ وَ رَبُّكَ
الْغَنِيُّ ذُو الرَّحْمَةِ ؕ اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ وَ يَسْتَخْلِفْ مِنْۢ بَعْدِكُمْ مَّا
يَشَآءُ كَمَاۤ اَنْشَاَكُمْ مِّنْ ذُرِّيَّةِ قَوْمٍ اٰخَرِيْنَ ﴿۱۳۳﴾ؕ اِنَّ مَا تُوْعَدُوْنَ
لَاٰتٍ ۙ وَّ مَاۤ اَنْتُمْ بِمُعْجِزِيْنَ ﴿۱۳۴﴾ قُلْ يٰقَوْمِ اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ اِنِّيْ
عَامِلٌ ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ ۙ مَنْ تَكُوْنُ لَهٗ عَاقِبَةُ الدَّارِ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ
الظّٰلِمُوْنَ ﴿۱۳۵﴾ وَ جَعَلُوْا لِلّٰهِ مِمَّا ذَرَاَ مِنَ الْحَرْثِ وَ الْاَنْعَامِ نَصِيْبًا
فَقَالُوْا هٰذَا لِلّٰهِ بِزَعْمِهِمْ وَ هٰذَا لِشُرَكَآىِٕنَا ۚ فَمَا كَانَ لِشُرَكَآىِٕهِمْ
فَلَا يَصِلُ اِلَى اللّٰهِ ۚ وَ مَا كَانَ لِلّٰهِ فَهُوَ يَصِلُ اِلٰى شُرَكَآىِٕهِمْ ؕ سَآءَ مَا
يَحْكُمُوْنَ ﴿۱۳۶﴾ وَ كَذٰلِكَ زَيَّنَ لِكَثِيْرٍ مِّنَ الْمُشْرِكِيْنَ قَتْلَ اَوْلَادِهِمْ
شُرَكَآؤُهُمْ لِيُرْدُوْهُمْ وَ لِيَلْبِسُوْا عَلَيْهِمْ دِيْنَهُمْ ؕ وَ لَوْ شَآءَ اللّٰهُ مَا
فَعَلُوْهُ فَذَرْهُمْ وَ مَا يَفْتَرُوْنَ ﴿۱۳۷﴾ وَ قَالُوْا هٰذِهٖۤ اَنْعَامٌ وَّ حَرْثٌ حِجْرٌ ۖۗ
لَّا يَطْعَمُهَاۤ اِلَّا مَنْ نَّشَآءُ بِزَعْمِهِمْ وَ اَنْعَامٌ حُرِّمَتْ ظُهُوْرُهَا وَ
اَنْعَامٌ لَّا يَذْكُرُوْنَ اسْمَ اللّٰهِ عَلَيْهَا افْتِرَآءً عَلَيْهِ ؕ سَيَجْزِيْهِمْ بِمَا
كَانُوْا يَفْتَرُوْنَ ﴿۱۳۸﴾ وَ قَالُوْا مَا فِيْ بُطُوْنِ هٰذِهِ الْاَنْعَامِ خَالِصَةٌ
لِّذُكُوْرِنَا وَ مُحَرَّمٌ عَلٰۤى اَزْوَاجِنَا ۚ وَ اِنْ يَّكُنْ مَّيْتَةً فَهُمْ فِيْهِ
شُرَكَآءُ ؕ سَيَجْزِيْهِمْ وَصْفَهُمْ ؕ اِنَّهٗ حَكِيْمٌ عَلِيْمٌ ﴿۱۳۹﴾ قَدْ خَسِرَ
الَّذِيْنَ قَتَلُوْۤا اَوْلَادَهُمْ سَفَهًۢا بِغَيْرِ عِلْمٍ وَّ حَرَّمُوْا مَا رَزَقَهُمُ اللّٰهُ
افْتِرَآءً عَلَى اللّٰهِ ؕ قَدْ ضَلُّوْا وَ مَا كَانُوْا مُهْتَدِيْنَ ﴿۱۴۰﴾ؑ

• • •

*નથી. અને જે ખુદાનું છે તે તેમના ભાગીદારોને પહોંચે છે. કેટલો ખરાબ હુકમ લાગુ કરે છે.[૫૦] (૧૩૬) અને આમ જ ઘણા મુશ્રિકોની દ્રષ્ટિમાં તેમના ભાગીનારોએ ઔલાદને મારી નાખવાનું સરસ કરી દેખાડયું છે [૫૧] કે (જેથી) તેમનો નાશ કરે અને તેમનો ધર્મ તેમના પર શંકાસ્પદ કરી દે.[૫૨] અને અલ્લાહ ઈચ્છતે તો આમ ન કરત, તો તમે એમને છોડો, તેઓ છે અને તેમનાં જૂઠાણાં (૧૩૭) અને બોલ્યા,[૫૩] "આ ઢોરો અને ખેંચી રોકી દેવાયેલી[૫૪] છે, અને તે જ ખાય જેને અમે ઈચ્છીએ" પોતાના જૂઠા ખ્યાલથી.[૫૫] અને અમુક જાનવરો છે કે તેમના પર સવારી કરવી હરામ ઠરાવ્યું[૫૬] અને અમુક જાનવરોના ઝુબેહ પર અલ્લાહનું નામ નથી લેતા.[૫૭] આ બધું અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડવું છે. નજીકમાં જ તે તેમને તેમના અસત્ય ઘડવાનો બદલો આપશે (૧૩૮) અને બોલ્યા, "જે આ જાનવરોના પેટોમાં છે તે માત્ર અમારા પુરૂષો માટે છે.[૫૮] અને અમારી સ્ત્રીઓ પર હરામ છે. અને મરેલું નીકળે તો તે બધાં[૫૯] એમાં ભાગીદાર છે." નજીક છે કે અલ્લાહ તેમને તેમની વાતોનો બદલો આપશે. બેશક ! તે હિકમત અને ઈલ્મવાળો છે (૧૩૯) બેશક ! તબાહ થયા તે જેઓ પોતાની ઔલાદને મારી નાખે છે મૂર્ખતા, જહાલતથી.[૬૦] અને હરામ ઠેરવે છે તે જે અલ્લાહે તેઓને રોજી આપી[૬૧] અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડવા[૬૨] બેશક ! તેઓ ભટકયા અને માર્ગ ન મેળવ્યો (૧૪૦)*

## :: સમજૂતી ::

**૪૧** : અર્થાત રસૂલોનું પધારવું.

**૪૨** : તેમની ગુનાહખોરી અને

**૪૩** : બલ્કે રસૂલો મોકલવામાં આવે છે, તેઓ એમને સીધો માર્ગ દેખાડે છે, દલીલો કાયમ કરે છે, તે છતાં તેઓ માથુ ઊંચકે છે, ત્યારે નાશ કરવામાં આવે છે.

**૪૪** : તે સારા હોય કે નરસા. સારા નરસાના ક્રમ છે, તે મુજબ જ સવાબ કે અઝાબ મળશે.

**૪૫** : અર્થાત નાશ કરી નાખે.

**૪૬** : અને તેમની જગ્યાએ બેસાડયા.

**૪૭** : તે વસ્તુ કયામત હોય કે મૃત્યુ પછી ઉઠાવાનું હોય અથવા હિસાબ, અઝાબ વિગેરે હોય.

**૪૮** : અજ્ઞાનયુગમાં મુશ્રિકોની રીત રસમ એવી હતી કે તેઓ પોતાના ખેતી, ઝાડોનાં ફળો અને ઢોરઢાંખર અને બધા જ માલમાંથી એક ભાગ તો અલ્લાહનો નક્કી કરતા હતા, અને એક ભાગ મૂર્તિઓનો. જે ભાગ અલ્લાહ માટે નક્કી કરતા હતા તેને તો મહેમાનો અને ગરીબો માટે ખર્ચી કાઢતા હતા. અને જે અલ્લાહ માટે નક્કી કરતા તેમાંથી જો થોડું મૂર્તિઓવાળા ભાગમાં ભેગું થઈ જતું તો તેને છોડી દેતા, અને જો મૂર્તિઓવાળા ભાગમાંથી થોડુ પેલા ભાગમાં ભળી જાય તો તેને કાઢીને પાછું મૂર્તિઓવાળા ભાગમાં મૂકી દેતા હતા. આ આયતમાં તેમની એવી જહાલત કુબુદ્ધિનું વર્ણન કરી તેની બાબત ચેતવણી આપવામાં આવી.

**૪૯** : એટલે કે મૂર્તિઓનું.

**૫૦** : અને હદ દરજ્જાની અજ્ઞાનતામાં સપડાયેલા છે, સર્જન કરનાર દાતાની ઈજ્જત અને જલાલની તેમને જરા પણ ઓળખ નથી. અને બુદ્ધિની ખરાબી એટલી હદે પહોંચી ગઈ કે તેમણે નિર્જીવ મૂર્તિઓ અને પથ્થરના આકારોને જગતનો કારોબાર ચલાવનારની સરખાં કરી દીધા. અને જેવો તેનો ભાગ નક્કી કર્યો તેવો જ મૂર્તિઓ માટે પણ કર્યો. બેશક ! આ ઘણુ જ ખરાબ કાર્ય અને હદ દરજ્જાની અજ્ઞાનતા

તેમજ મહાન ભૂલ અને ભટકેલપણુ છે. ત્યારબાદ તેમની જહાલત અને ગુમરાહીની બીજી એક હાલત વર્ણવવામાં આવે છે.

**૫૧** : અહીં ભાગીદારોનો મતલબ તે શયતાનો છે જેમની તાબેદારીના શોખમાં મુશ્રિકો અલ્લાહની નાફરમાની અને આજ્ઞાઓનું ઉલ્લંઘન ચલાવી લેતા હતા. અને એવા ખરાબ કૃત્યો અને જહાલતનાં કામો કરતા હતા કે જેને સદ્‌બુધ્ધિ કદી સહી ન શકે, અને જેના ખરાબ હોવામાં ઓછા સમજના માણસને પણ શંકા ન હોય. મૂર્તિપૂજાની વબાલથી તેઓ એવી કુબુધ્ધિમાં ફસાયા કે જાનવરોથી પણ ખરાબ બની ગયા. અને ઔલાદ કે જેની સાથે પ્રાકૃતિક રીતે દરેક સજીવને પ્રેમ હોય છે, શૈતાનોની તાબેદારીમાં તેનું નાહક ખૂન કરવું તેમણે ચલાવી લીધું, અને એને સારું સમજવા માંડયા.

**૫૨** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું છે કે, એ લોકો પહેલાં હઝરત ઈસ્માઈલ علیہ السلام ના દીન પર હતા, શયતાનોએ એમને ભટકાવીને એવી ગુમરાહીઓમાં નાખ્યા કે એમને ઈસ્માઈલી દીનથી ફેરવી કાઢયા.

**૫૩** : મુશ્રિક પોતાના અમુક ઢોર અને ખેતીને પોતાના જૂઠા મઅ્‌બૂદોના નામનું નક્કી કરીને બોલ્યા,

**૫૪** : એનાથી ફાયદો પ્રાપ્ત કરવાની મનાઈ છે.

**૫૫** : અર્થાત મૂર્તિઓની સેવા ચાકરી કરનાર વગેરે.

**૫૬** : જેને 'બહીરા' 'સાઈબા' 'હામી' કહે છે.

**૫૭** : બલ્કે પેલી મૂર્તિઓના નામ પર ઝુબેહ કરે છે. અને બધાં સંબંધે એવું ગુમાન કરે છે કે તેમને અલ્લાહે એનો હુકમ આપ્યો છે.

**૫૮** : જો જીવતું જન્મે તો ફક્ત તેમના માટે જ હલાલ છે. **૫૯** : પુરૂષો અને સ્ત્રીઓ.

**૬૦. શાને નુઝૂલ** : આ આયત અજ્ઞાનયુગના તે લોકો બાબત ઉતરી જેઓ પોતાની પુત્રીઓને ઘણા જ અત્યાચાર અને નિર્દયતાથી જીવતી દાટી દેતા હતા. રબીઆ અને મુદર વગેરે કબીલાઓમાં એનો રિવાજ ખૂબ હતો. અને તે સમયના અમુક લોકો પુત્રોને મારી નાખતા હતા. અને નિર્દયતાની હાલત એ હતી કે કૂતરાઓને પાળતા હતા, અને ઔલાદને મારી નાખતા હતા, તેમના માટે ફર્માવ્યું કે તબાહ થયા. અને એમાં શક નથી કે ઔલાદ અલ્લાહ તઆલાની નેઅમત છે. અને તેનો નાશ કરવાથી પોતાની જ સંખ્યા ઓછી થાય છે. પોતાનો જ વંશ ખતમ થાય છે. આ દુનિયાનું નુકસાન, ઘરનો વિનાશ, અને આખિરતમાં એના પર સખત અઝાબ છે. તો એ કાર્ય દુનિયા અને આખેરત બન્નેમાં તબાહીનું કારણ બન્યું. તેથી પોતાની દુનિયા અને આખેરત બન્ને તબાહ કરવી, અને ઔલાદ જેવી પ્યારી વસ્તુ સાથે આવી નિર્દયતા વાપરવી એ સખ્ત દરજ્જાની અજ્ઞાનતા અને મૂર્ખતા છે.

**૬૧** : અર્થાત બહીરા, સાઈબા, હામી વિગેરે જે ઉપર વર્ણવાઈ ચૂક્યા.

**૬૨** : કારણ કે તેઓ એવું માને છે કે આવા બુરાં કામોનો હુકમ અલ્લાહે આપ્યો છે. તેમનો એ ખ્યાલ અલ્લાહ પર જૂઠ છે.

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *-તંત્રી...*

બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000303** Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR (પાંચમો અંક ઝિરો છે.) | Phone pay Google pay Mo. 9427464411 | WhatsApp No. Mo.9664521477

## દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

### એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે તમારામાંથી કોઈ પોતાની નમાઝથી શૈતાનનો હિસ્સો ન બનાવે. એ સમજે કે એના પર વાજિબ છે કે હમેશાં જમણી બાજુ જ ફર્યા કરે.[1] મેં રસૂલુલ્લાહ ﷺ ને ઘણીવાર ડાબી બાજુ ફરતા જોયા.[2]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એવો અક઼ીદો રાખવો કે નમાઝ બાદ ઈમામે જમણી બાજુ ફરીને બેસવું વાજિબ છે અને ડાબી બાજુ ફરવું જાઈઝ જ નથી ! એ ગલત અક઼ીદો છે. એવું સમજનારો પોતાની ઈબાદતોમાં શૈતાનનો હિસ્સો રાખી રહ્યો છે. કેમ કે ગલત અક઼ીદો રાખીને નમાઝ પઢવી નમાઝના નુકસાનનો સબબ છે. આ પરથી જાણવા મળ્યું કે **ગૈર જરૂરી ચીજને ફર્ઝ સમજવી, એ જ પ્રમાણે મુબાહને હરામ જાણવું એ અક઼ીદાની ખરાબી છે.** આ જ હદીષમાં નિર્દેશ રૂપે ફર્માવ્યું કે જો કોઈ ઈમામ હમેશાં જમણી બાજુ ફરે પણ તેને વાજિબ ન સમજે તો કાંઈ વાંધો નથી. જેમ કે "યરા" થી માલૂમ થયું. જેથી **મીલાદ શરીફ અથવા ગ્યારવીં મુસ્તહબ જાણીને હમેશાં કરવી નાજાઈઝ નથી,** વાજિબ સમજવું અલગ છે અને કોઈ કામને હમેશાં કરવું કાંઈ અલગ છે. આપણે હમેશાં જુમ્આના રોજ ગુસ્લ તથા લિબાસ બદલીએ છીએ, હમેશાં રમઝાનમાં દીની મદ્રસાઓની રજાઓ પાડીએ છીએ, પણ એને વાજિબ નથી જાણતા, જેથી કોઈ વાંધો નથી. સરકાર ﷺ ફર્માવે છે કે બેહતર કામ તે છે જે હમેશાં કરવામાં આવે.

**૨.** આ બહુત ઈઝાફી નથી બલ્કે હક઼ીક઼ી છે, કેમ કે હુઝૂર ﷺ મોટાભાગે જમણી બાજુ ફરતા હતા, ડાબી બાજુ ઓછું, જેવું કે આગલી હદીષમાં છે.

*"હઝરત બરાઅ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે અમે જ્યારે રસૂલુલ્લાહ ﷺ ની પાછળ નમાઝ પઢતા તો આપની જમણી બાજુએ રહેવાનું પસંદ કરતા હતા. જેથી કરીને આપ અમારા પ્રતિ આપનો ચહેરો ધ્યાનિત કરે.[1] ફર્માવે છે કે મેં આપને એવું કહેતાં સાંભળ્યા, યા રબ ! મને અઝાબથી બચાવ જે દિવસે તું તારા બંદાઓને ઉઠાવીશ અથવા ભેગા કરીશ.[2]" (મુસ્લિમ)*

**૧.** આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે હુઝૂર ﷺ મોટાભાગે જમણી બાજુ મોં કરીને દુઆ માગતા હતા. બીજુ એ કે હુઝૂર ﷺ નો ચેહરા પાક ને જોવો બેહતરીન ઈબાદત છે કે સહાબાએ કિરામ કેવળ એટલા માટે સફની જમણી બાજુ પસંદ કરતા હતા કે જેથી નમાઝ બાદ દીદારે યાર નસીબ થાય. ઉલમા ફર્માવે છે કે મસ્જિદે નબવી શરીફમાં સફનો ડાબો હિસ્સો અફઝલ છે કેમ કે રોઝએ અત્હરથી નજીક છે. એ વાતો તેઓ જાણે જેને એ મહબૂબથી દિલી લગાવ હોય.

**૨.** આ દુઆ ઉમ્મતની તાલીમના માટે છે, નહીં તો આપણા જેવા ગુનેહગાર ઈન્શાઅલ્લાહ હુઝૂર ﷺ ની બરકતથી અઝાબથી નજાત પામશે. હુઝૂર ﷺ ને અઝાબથી શો સંબંધ !

*''હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલૂલ્લાહ ﷺ ના જમાનામાં સ્ત્રીઓ જ્યારે ફર્ઝોની સલામ ફેરવતી તો ઉભી થઈ જતી.[૧] અને રસૂલુલ્લાહ ﷺ અને આપની સાથે નમાઝ પઢવાળાવાળા પુરૂષો પણ ઉભા થઈ જતા. (બુખારી) અને અમે જાબિર ઈબ્ને સમુરહની હદીષ હંસી (હસવા વિશે)ના પ્રકરણમાં વર્ણન કરીશું.[૩] ઈન્શાઅલ્લાહ !*

**૧.** અને તરત ઘરે પરત આવી જતી જેથી સ્ત્રીઓ પુરૂષો મિક્સ ન થઈ જાય. સુન્નતો તથા નફલો ઘરે આવીને પઢતી. ગાલિબ એ છે કે દુઆથી પહેલાં ઉઠી જતી.

**૨.** દુઆ સુન્નતો તથા નફ્લોના માટે અને ફજરની નમાઝમાં ઈશ્રાક઼ સુધી. એનાથી જાણવા મળ્યું કે બેહતર એ છે કે મુકતદી ઈમામથી પહેલાં મસ્જિદથી ન જાય.

**૩.** એટલે કે મસાબીહમાં તે હદીષ અહીં હતી જેમાં વર્ણન છે કે અમો સૌ ફજર પછી સૂરજ નીકળતા સુધી બેસતા હતા અને જાહિલિયતના જમાનાની વાતો યાદ કરીને હસ્યા કરતા હતા. પણ અમે એ હદીષ બાબુલ ઝેહાક (હંસી વિશે પ્રકરણ)માં લાવીશું.

## (વિભાગ : ૨) الفصل الثانی

*''હઝરત મઆઝ ઈબ્ને જબલથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એ મારો હાથ પકડયો અને ફર્માવ્યું, હે મઆઝ ! હું તમારાથી મહોબ્બત કરું છું. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું પણ આપનાથી મહોબ્બત કરું છું[૧]. ફર્માવ્યું કે તું દરેક નમાઝ બાદ આવું કહેવાનું ન છોડતો કે, યા રબ ! તારા ઝિક્ર, તારા શુક્ર અને તારી સારી ઈબાદત પર મદદ ફર્માવ[૨]. (અબૂ દાઊદ, નિસાઈ) પણ અબૂ દાઊદે એ વર્ણન ન કર્યું કે મઆઝે કહ્યું કે, હું પણ મહોબ્બત કરું છું આપનાથી.''*

**૧.** આ પરથી જાણવા મળ્યું કે જેની સાથે મહોબ્બત હોય તેને ખબર આપી દે. જેવું કે અમુક હદીષોમાં સ્પષ્ટપણે આવ્યું છે, નહીં તો હુઝૂર ﷺ કોઈના દિલી હાલાત અને મહોબ્બત તથા અદાવતથી બેખબર નથી. હુઝૂર ﷺ ફર્માવે છે કે **ઓહદ પહાડ મારાથી મહોબ્બત કરે છે, અમે તેનાથી મહોબ્બત કરીએ છીએ. જેમને પથ્થરના દિલનો હાલ માલૂમ છે, શું તેમને ઈન્સાનોના દિલનો હાલ માલૂમ નહીં હોય ?!**

**૨.** આ દુઆ લગભગ સલામથી પહેલાં નમાઝની અંદર માગવામાં આવે, એટલા માટે મિશ્કાતના લેખક આ પ્રકરણમાં આ હદીષ લાવ્યા.

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાની જમણી બાજુ એ રીતે સલામ ફેરવતા, અસ્સલામુ અલૈકુમ વરહ્‌મતુલ્લાહ ! ત્યાં સુધી કે આપના જમણા તરફના ચહેરાની સફેદી દેખાય આવતી હતી. અને પોતાની ડાબી બાજુ એ રીતે કે અસ્સલામુ અલૈકુમ વ રહ્‌મતુલ્લાહ ! ત્યાં સુધી કે આપના ડાબી બાજુના ચહેરાની સફેદી દેખાય આવતી[૧]. (અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ) તિર્મિઝીએ એ ઉલ્લેખ ન કર્યો કે આપના ચહેરાની સફેદી દેખાય આવતી. ઈબ્ને માજહએ અમ્માર ઈબ્ને યાસરથી રિવાયત કરી.*

**૧.** આ હદીષ હનફીઓની દલીલ છે કે નમાઝના સલામમાં ''વ બરકાતુહ્'' ન પઢવામાં આવે. અમુક શાફઈઓ ''વ બરકાતુહ્'' પણ પઢે છે.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર ﷺ નું પોતાની નમાઝથી અધિક ફરવું જમણી બાજુ પોતાના હુજરાની તરફ હોતું."*

**૧.** આ હદીષ શરહે સુન્નહ સિવાય અન્ય કોઈ કિતાબમાં નથી. (મિર્ક઼ાત) જો આ હદીષ સહીહ છે તો અહીં ઈઝાફી અકષરિયત મુરાદ નથી. મતલબ એ છે કે જ્યારે હુઝૂર ﷺ ને નમાઝ બાદ તરત હુજરામાં તશરીફ લઈ જવાનું હોતુ તો એ બાજુ ચહેરો કરીને દુઆ માગતા, જેથી જવામાં આસાની થાય. *(અઝ : મિર્ક઼ાત)*

*"હઝરત અતા ખુરાસાનીથી[1] રિવાયત છે તે હઝરત મુગીરહથી રિવાયત કરે છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઈમામ ત્યાં નમાઝ ન પઢે જ્યાં ફર્ઝ પઢયા છે, ત્યાં સુધી કે કાંઈક હટી જાય[2]. (અબૂ દાઊદ) અને ફર્માવ્યું કે અતા ખુરાસાનીએ મુગીરાને નથી પામ્યા[3]."*

**૧.** આપ તાબઈ છે. બલ્ખી છે. હિ.સ. ૫૦માં પેદા થયા અને હિ.સ. ૧૪૫માં વફ઼ાત પામ્યા. અબૂ હાતિમ કહે છે કે આપ ષિક઼હ હતા.

**૨.** આ હુકમ ઈમામ તથા મુકતદીઓ બંનેવના માટે છે. જ્યાં જમાઅતથી ફર્ઝ પઢે ત્યાંથી થોડાક હટીને સુન્નતો વગેરે પઢે પણ કેમ કે અધિક ભીડમાં મુક઼તદી હટી નથી શકતા, એટલા માટે કેવળ ઈમામનો ઉલ્લેખ કરવામાં આવ્યો. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવું) છે કે જેથી કેટલીક જગાએ ઈબાદતો થાય અને જગાઓ ક઼યામતમાં એની ગવાહી આપે, તેમ જ આવનારાને ધોકો ન લાગે કે હજી ફર્ઝ થઈ રહ્યા છે.

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ લોકોને નમાઝ પ્રતિ આકર્ષિત કર્યા અને એનાથી મના કર્યું કે આપના નમાઝથી ફ઼ારિગ થતા પહેલાં તેઓ ચાલ્યા જાય[1]."*

**૧.** જાણવા મળ્યું કે મુક઼તદી ઈમામની સાથે દુઆમાં શરીક રહે વિના કારણે ઈમામથી પહેલાં મસ્જિદથી ચાલ્યા ન જાય. **તેમજ ઈમામના સલામથી પહેલાં મસ્બૂક઼નું ઉભા થઈ જવું હરામ છે.**

## (વિભાગ : 3) الفصل الثالث

*"હઝરત શદ્દાદ બિન અવસ رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ નમાઝમાં આ પ્રમાણે ફર્માવતા હતા, ઈલાહી ! હું તારાથી દીનમાં અડગતા અને હિદાયત પર મજબૂતી માગુ છું[2]. અને તારાથી તારી નેઅમતનો શુક્ર અને તારી સારી ઈબાદત માગુ છું. અને તારાથી સલામત દિલ અને સાચી ઝુબાન માગુ છું[3]. અને તારાથી તે ચીજ માગુ છું જે તું જાણે છે અને તેની બુરાઈથી પનાહ માગુ છું જે તું જાણે છે[4] અને એનાથી બખ્શિશ માગુ છું જે તું જાણે છે[5]." (નિસાઈ) અને અબૂ દાઊદે તેની જેમ રિવાયત કરી.*

**૧.** આપની કુન્નિયત અબૂ યઅલા છે. હઝરત હસ્સાન رضی اللہ عنہ ના ભત્રીજા છે. શામમાં વસવાટ કર્યો. **૨.** એટલે કે દુનિયામાં કોઈ સમયે ઈમાનથી હટી ન જઉં અને કદી હિદાયતથી અલગ ન થાઉં. **૩.** એટલે કે દિલ એવું અતા ફર્માવ જે બુરા અક઼ીદા, હસદ, કીનો અને બુરી આદતોથી સલામત હોય અને જીભ પર હમેશાં સાચી વાત આવે. **૪.** એટલે કે ઘણી બધી ભલાઈઓ તે છે જેને આપણે બુરાઈ સમજીએ છીએ અથવા આપણે એનાથી બિલ્કુલ અજાણ છીએ. અને ઘણી બધી બુરાઈઓ તે છે જેને આપણે સારુ સમજીએ છીએ અથવા એનાથી બેખબર છીએ. ખુદાયા ! તારી અતા અમારી તલબ પર મૌક઼ૂફ઼ ન હોય બલ્કે તારા કરમ પર હોય. **૫.** એટલે કે ઘણા બધા ગુનાહો કરીને અમે ભૂલી ગયા પણ તારા ઈલ્મમાં છે, ખુદાવંદા તે પણ માફ કરી દે. –*(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

### ★ વિવિધ પ્રકારના મેવા ખાવાની ઈજાઝત ક્યારે ? ★

**મસ્અલા** : તરહ તરહના મેવા ખાવામાં વાંધો નથી. જો કે અફઝલ એ છે કે એવું ન કરે.

**મસ્અલા** : એક પ્રકારનુ ખાણુ હશે તો જરૂરત જેટલું ખાય નહીં શકું, તબિયત ગભરાય જશે, પરિણામે વિવિધ પ્રકારનું ખાણુ તૈયાર કરાવે છે કે જેથી બધામાંથી થોડું થોડું ખાયને જરૂરત પૂરી કરી લેશે. આવી નિય્યતથી જાત જાતનુ ખાવામાં વાંધો નથી. અથવા એટલા માટે ઘણુ બધુ ખાણુ (જાત જાતનુ) તૈયાર કરાવે છે કે જેનાથી લોકોની મિજબાની કરાવવી છે અને તેમાં બધુ ખાણુ વપરાય જશે તો એમાં પણ કોઈ વાંધો નથી અને જો એ મકસદ ન હોય તો ફુઝૂલ ખર્ચી છે. *(આલમગીરી)*

## ખાવાના આદાબ અને સુન્નતો

**મસ્અલા** : **(૧)** ખાવાથી પહેલાં **(૨)** ખાધા પછી હાથ ધોવા **(૩)** ખાતા પહેલાં હાથ ધોઈને તેને લૂછવા નહીં **(૪)** ખાધા પછી હાથ ધોઈને રૂમાલ કે ટુવાલથી લૂછવા જેનાથી ખાવાની અસર બાકી ન રહેવા પામે.

**મસ્અલા** : મુસ્તહબ એ છે કે હાથ ધોતી વખતે પોતાના હાથે પાણી નાખે. એ માટે બીજા પાસેથી મદદ ન લે. એટલે કે એના માટે એ જ હુકમ છે જે વુઝૂ માટેનો છે. *(આલમગીરી)*

**(૫)** ખાધા પછી સારી રીતે હાથ ધૂએ કે જેનાથી ખાવાની અસર બાકી ન રહે. ભૂસા, બેશન યા આટાથી ધોવામાં વાંધો નથી. આજના યુગમાં સાબુથી હાથ ધોવાનો રિવાજ છે એમાં પણ વાંધો નથી. ખાવા માટે મોં ધોવું સુન્નત નથી. એટલે કે જો કોઈએ ન ધોયું તો એમ નહીં કહેવાય કે એણે સુન્નત છોડી દીધી. હા ! જો જનાબતવાળાએ મોં ન ધોયું તો મકરૂહ છે.

**(૬)** અને હૈઝવાળીએ (સ્ત્રીએ) ધોયા વગર ખાવું મકરૂહ નથી. **ખાતા પહેલાં જવાનોના** હાથ **પ્રથમ** ધોવડાવવા જોઈએ, જ્યારે ખાધા પછી **વૃદ્ધો (વડીલો)ના** પહેલા હાથ ધોવડાવવા અને ત્યાર બાદ જવાનોના હાથ ધોવડાવવા. એ જ હુકમ આલિમો અને મશાઈખ માટે છે કે ખાતા પહેલાં એમના હાથ છેલ્લે ધોવડાવવામાં આવે અને ખાધા પછી એમના પહેલા ધોવડાવવા.

### ★ ખાવા શરૂ કરવા તથા ખત્મ કરવાનો તરીકો ★

**(૭)** ખાવું **બિસ્મિલ્લાહ** બોલીને શરૂ કરવું અને ખતમ કર્યા પછી **અલ્હમ્દુલિલ્લાહ** પઢે. જો **બિસ્મિલ્લાહ** પઢવાનું ભૂલી જાય તો જ્યારે યાદ આવે ત્યારે આમ પઢે : **બિસ્મિલ્લાહિ અવ્વલહૂ વ આખિરહૂ.** બિસ્મિલ્લાહ મોટેથી બોલવું જેથી કરીને સાથવાળાઓને યાદ ન હોય તો સાંભળીને તેમને યાદ આવી જાય અને **અલ્હમ્દુલિલ્લાહ** ધીમેથી બોલે પરંતુ જ્યારે બધા લોકો ફારિગ થઈ ચૂકે તો **અલ્હમ્દુલિલ્લાહ** પણ મોટેથી બોલે કે જેને સાંભળી

www.barkatekhwaja.net

બીજા લોકો પણ ખુદાનો શુક્ર બજાવી લે. રોટી પર બીજી કોઈ ચીજ ન રાખવી. કેટલાક લોકો શાકનો પ્યાલો યા ચટણીની પ્યાલી યા નમકદાન મૂકી દે છે. એવું ન કરવું જોઈએ. જો નમક (મીઠું) કાગળના પડીકામાં હોય તો એને રોટી પર મૂકી શકાય છે. હાથ કે છૂરીને રોટીથી ન પૂછવું. ટેકો લગાવીને યા ઉઘાડા માથે ખાવું અદબની ખિલાફ છે. ડાબા હાથને જમીન પર ટેકવી ખાવું પણ **મકરૂહ** છે. રોટીની કિનારી તોડીને ફેંકી દઈ વચમાંનો ભાગ ખાવો ફુઝૂલખર્ચી છે, બલ્કે આખી રોટી ખાવી. હા ! જો કિનારી કાચી રહી ગઈ હોય અને તેને ખાવાથી નુકસાન થાય એમ હોય તો તોડી શકે છે. એ રીતે જો એવી ખબર હોય કે એ તૂટેલો ભાગ બીજા લોકો ખાય જશે બરબાદ નહીં થાય તો તોડવામાં વાંધો નથી. રોટીના ફૂલેલા ભાગને ખાયને બાકીના ભાગને છોડી દે છે, તેના માટે પણ આ પ્રમાણેનો હુકમ છે. જ્યારે રોટી દસ્તરખ્વાન પર આવી જાય કે ખાવાનુ શરૂ કરે, શાકનો ઈન્તેજાર ન કરે. એટલા માટે ખાસ કરીને રોટીને દસ્તરખ્વાન પર સૌથી છેલ્લે લાવવામાં આવે છે જેથી રોટી આવી ગયા પછી ઈન્તેજાર ન કરવો પડે. જમણા હાથે ખાવું. હાથમાંથી કોળિયો દસ્તરખ્વાન પર પડી જાય તો એને છોડી દેવો ફુઝૂલખર્ચી છે. બલ્કે પ્રથમ એને ઉપાડીને ખાય લેવો અને જે (થાળ કે પ્લેટનો) કિનારો એની નજીક (સાથે) હોય ત્યાંથી ખાઓ. જો ખાણુ એક જ પ્રકારનું હોય તો એક જગ્યાએથી ખાઓ, ચોતરફ હાથ ન મારો. હા ! જો તબાક (થાળ)માં અલગ અલગ પ્રકારની ચીજો મૂકવામાં આવી હોય તો આમ તેમથી ખાવાની ઈજાઝત છે કેમ કે એક જ પ્રકારની ચીજ નથી.

### ★ ખાતી વેળા બેસવાનો તરીકો ★

ખાતી વખતે ડાબો પગ (જમીન પર) બિછાવી દેવો અને જમણો પગ ઊભો રાખવો. યા સીટ પર બેસે અને બંને ગુથણ ઉભા રાખે. ગરમ ખાવા ન ખાવું અને ખાણા પર ફૂંક ન મારવી. ખાવાને સુંઘવું નહીં. ખાતી વખતે વાતો કરતા જવું, બિલ્કુલ ચૂપ રહેવું મજૂસીઓ (અગ્નિપૂજકો)નો તરીકો છે. પરંતુ બેહુદા વાતો ન કરવી બલ્કે સારી વાતો કરવી. ખાધા પછી આંગળીઓ ચાટી લેવી. એઠું ચોંટેલું ન રહેવા દેવું. વાસણ (પ્લેટ)ને માટે છે કે તે પ્લેટ (વાસણ) એને માટે દુઆ કરે છે, કહે છે કે અલ્લાહ તને જહન્નમની આગથી બચાવે (આઝાદ કરે) જેવી રીતે તેં મને શૈતાનથી આઝાદ કર્યો. એક રિવાયતમાં છે કે પ્લેટ એને માટે ઈસ્તિગફાર કરે છે. ખાવાની શરૂઆત મીઠાથી (નમકથી) કરવી જોઈએ અને ખતમ પણ એનાથી કરવું, એનાથી ૭૦ બીમારીઓ દૂર થાય છે. *(બઝાઝિયા, રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : રસ્તામાં અને બજારમાં ખાવું મકરૂહ છે.

**મસ્અલા** : દસ્તરખ્વાન પર રોટીના ટૂકડા એકઠા થઈ ગયા હોય તો ખાવા હોય તો ખાય લેવા નહીંતર મરઘાં, ગાય, બકરી વગેરેને ખવડાવી દે અથવા તો સાવચેતીવાળી જગ્યા પર નાખી દે જેથી કીડીઓ કે ચકલીઓ ખાય જાય, રસ્તા પર ન ફેંકે. *(બઝાઝિયા)*

### ★ ખાણાને ઐબ લગાડવા વિશેનો હુકમ ★

**મસ્અલા** : ખાવામાં એબ ન બતાવવી જોઈએ તથા એવું પણ ન બોલવું જોઈએ કે એ ખાણુ ખરાબ છે. હુઝૂરે અકદસ ﷺ એ ક્યારે પણ ખાણાની બુરાઈ નથી કરી. જો પસંદ આવ્યું તો ખાય લીધું નહીંતર ન ખાધું.

www.barkatekhwaja.net

**★ જેને ખાવા માટે કહેવામાં આવે તો તે શું જવાબ આપે ? ★**

**મસ્અલા** : ખાવા ખાતી વખતે જ્યારે કોઈ આવી જાય છે ત્યારે હિન્દુસ્તાનનો રિવાજ છે કે તેઓ એને ખાવાનું પૂછે છે અને કહે છે આવો, ખાવા ખાવ ! જો ન પૂછે તો મ્હેણું મારે છે અને કહે છે કે એમણે (ખાવાનું) પૂછયું પણ નહીં. આ વાત એટલે કે બીજા મુસલમાનોને ખાવા માટે બોલાવવું સારી વાત છે પરંતુ બોલાવવાવાળાએ ફકત દેખાવ ખાતર ન પૂછવું જોઈએ બલ્કે દિલથી પૂછે. એવો પણ રિવાજ છે કે જ્યારે (ખાવાનું) કહેવામાં આવે છે ત્યારે (આવનાર) એમ કહે છે કે ''બિસ્મિલ્લાહ !'' આવું ન કહેવું જોઈએ. અહીં ''બિસ્મિલ્લાહ'' કહેવાનો કોઈ અર્થ નથી. આવા મોકા પર ''બિસ્મિલ્લાહ'' કહેવાને આલિમોએ સખ્ત મના ફર્માવી છે. બલ્કે આવા મોકા પર દુઆ માટેના કલ્માત કહેવા બેહતર છે. દા.ત. **બારકલ્લાહ.** અલ્લાહ તઆલા બરકત આપે, વધારે આપે.

**મસ્અલા** : બાપને બેટાના માલની હાજત છે. જો જરૂરત એ કારણે હોય કે એની પાસે પૈસા નથી કે જેનાથી તે ચીજને ખરીદી શકે તો બેટાની ચીજને કોઈ પણ પ્રકારનો બદલો આપ્યા વગર ઉપયોગ કરવો જાઈઝ છે. જો પૈસા હોય પણ ચીજ નથી મળતી તો બદલો આપીને ચીજ લે. આ વાત તે સંજોગોમાં છે કે બેટો નાલાયક છે. એટલે કે બેટો નાલાયક હોય તો બદલો આપીને ચીજ લે અને જો (બેટો) લાયક હોય તો ઈજાઝત વગર પણ તેની ચીજ લઈ શકે છે. *(આલમગીરી)*

**★ ભૂખ્યાની મદદ કરવી ક્યારે ફર્ઝ છે ? ક્યારે સવાલ કરવો ફર્ઝ છે ? ★**

**મસ્અલા** : એક માણસ ભૂખના કારણે એટલો બધો કમજોર થઈ ગયો છે જેના કારણે ઘરની બહાર નીકળી શક્તો નથી કે જેથી તે પોતાની હાલત લોકોને કહી શકે તો જેમને તેની આવી હાલતની ખબર મળે તેમના પર ફર્ઝ છે કે તેને ખાવાનું આપે જેથી તે ઘરની બહાર નીકળવા લાયક બની જાય. જો એવું કરવામાં ન આવ્યું અને ભૂખથી મરી ગયો તો જે લોકોને તેની આવી હાલતની ખબર હતી તેઓ બધા ગુનેહગાર થયા અને જે માણસને તેની આવી હાલતની ખબર હતી તેની પાસે પણ તેને ખવડાવવા માટે કંઈ ન હતું તો એના પર ફર્ઝ એ છે કે તે બીજાઓને કહે અને લોકો પાસેથી માંગી લાવે. એવું કરવામાં ન આવ્યું અને તે મરી ગયો તો જેમને જેમને તેની હાલતની ખબર હતી તે બધા જ ગુનેહગાર થયા. અને જો તે માણસ ઘરની બહાર નીકળી શકતો હોય પણ કમાઈ શકતો ન હોય તો લોકો પાસે જઈને માંગે અને જેની પાસે સદકા જેવી (પ્રકારની) કોઈ ચીજ હોય એના પર દેવું વાજિબ છે. જો તે મોહતાજ શખ્સ કમાઈ શકતો હોય તો કામ કરીને પૈસા મેળવે એને માટે માંગવું હલાલ નથી. મોહતાજ જો કમાવાની તાકાત ન રાખતો હોય પરંતુ બીજાઓના દરવાજા પર જઈને સવાલ કરી શકે છે તો એવું કરવું તેના પર ફર્ઝ છે. જો એવું ન કર્યું અને ભૂખથી મરી ગયો તો ગુનેહગાર થશે. *(આલમગીરી)*

**મસ્અલા** : ખાવામાં પસીનો ટપક્યો, યા લાળ પડી યા આંસૂ ટપક્યાં તો તે ખાણું હરામ નથી, ખાય શકાય છે. એ રીતે જો પાણીમાં કોઈ ચીજ ભળી ગઈ જેનાથી તબિયતમાં નફરત પેદા થઈ તે પી શકાય છે. *(આલમગીરી)*

**મસ્અલા** : જો રોટીમાંથી છાણનો ટૂકડો નીકળ્યો અને તે છાણ સખ્ત છે તો એટલો ભાગ



www.barkatekhwaja.net

તોડીને ફેંકી દેવો, આખી રોટીને નાપાક કહી શકાશે નહીં. અને જો એમાં (છાણમાં) નરમી આવી ગઈ હોય તો બિલ્કુલ ન ખાવી. *(આલમગીરી)*

**મસ્અલા** : ગોશ્ત સડી ગયો હોય (ખરાબ થઈ ગયો હોય) તો એને ખાવો હરામ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : બાગમાં પહોંચ્યા ત્યાં ફળો નીચે પડેલાં છે તો જ્યાં સુધી માલિકની ઈજાઝત ન હોય ત્યાં સુધી ખાય શકતા નથી ઈજાઝત હોય. દા.ત. માલિકે કહી આપ્યું હોય કે નીચે પડેલાં ફળોને ખાય શકો છો યા આડકતરી રીતે ઈજાઝત હોય એટલે કે ત્યાંનો એવો રિવાજ કે શિરસ્તો હોય કે બાગવાળાઓ નીચે પડેલાં ફળોને (ખાવા માટે) મના નથી કરતા. ઝાડ પરથી ફળો તોડીને ખાવાની ઈજાઝત નથી. પરંતુ જો ખૂબ ફળો લાગેલાં હોય અને એવી ખબર હોય કે ફળો તોડીને ખાવામાં માલિકને નાપસંદ નહીં પડે. તો તોડીને પણ ખાય શકાય છે. પરંતુ કોઈ પણ હાલતમાં એવી છૂટ નથી કે ત્યાંથી ફળો ઉઠાવી લાવે. *(આલમગીરી)*

આ તમામ હાલતમાં નિયમ તથા રિવાજનો લેહાઝ જરૂરી છે. જો આદત શિરસ્તો ન હોય યા એવી ખબર હોય કે માલિકને નાપસંદ પડશે તો ખાવા જાઈઝ નથી. અને માલિક માટે બેકાર હોય જેમ કે આપણા દેશમાં ઝાડોનાં પાદડાં ખરી પડે છે અને માલિક તેનો કોઈ ઉપયોગ નથી કરતા. ભટ્ટી સળગાવનારા એને ઉઠાવી લાવે છે એવા પાડદાંને ઉઠાવી લાવવામાં વાંધો નથી. *(આલમગીરી)*

### ★ બાગમાં રજા વિના ખાવાના સંજોગો ★

**મસ્અલા** : દોસ્તને ઘરે ગયો. ત્યાં જે ચીજ પકાવવામાં આવી હતી તેને પોતે ઉઠાવીને ખાય લીધી યા એના બાગમાં જઈને ફળો તોડી ખાધાં. જો એવી ખબર હોય કે આવું કરવું એને નાપસંદ નહીં પડે તો ખાવું જાઈઝ છે. પરંતુ અહીં વિચારવાની વાત એ છે કે ઘણીવાર એવું પણ બને છે કે એ એવું સમજતો હોય કે (મારું આમ કરવું) એને નાપસંદ નહીં પડે, જ્યારે કે એને નાપસંદ હોય.

*(આલમગીરી)*

**મસ્અલા** : રોટીને છરીથી કાપવી નસારાનો તરીકો છે. મુસલમાનોએ એનાથી બચવું જોઈએ. હા ! જો જરૂરત હોય દા.ત. પાઉં રોટી કે જેને છરીથી કાપી એના ટુકડા કરવામાં આવે છે એમાં વાંધો નથી. યા દાવતોમાં કેટલીકવાર દરેક માણસને અડધી અડધી મેંદાની રોટી આપવામાં આવે છે. આવા મોકા પર છરીથી કાપીને બનાવવામા વાંધો નથી કેમ કે અહીં મકસદ બીજો અલગ છે. એ રીતે જો આખી રાંગ ભૂંજવામાં આવી હોય તો એને છરીથી કાપી ખાવામાં વાંધો નથી.

**મસ્અલા** : ઘણા લોકોએ ભેગા મળી ચંદો કરી ખાવાની ચીજ તૈયાર કરી અને બધા મળીને ખાશે. ચંદો બધાએ સરખે હિસ્સે આપ્યો છે અને કોઈ ઓછું ખાવા ખાશે જ્યારે કોઈ વધારે ખાશે તો એમાં કોઈ વાંધો નથી. એ જ રીતે મુસાફરોએ પોતાની સાથે લીધેલું ખાણું અને ખાવાની ચીજો એક સાથે ભેગા મળીને ખાધું તો એમાં પણ કોઈ વધારે ખાય કે કોઈ ઓછું ખાય એનો વાંધો નથી. ભલે કોઈની ચીજો સારી હતી અને બીજાની તેવી ન હતી તો પણ. *(આલમગીરી)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૩૧

### 03. કુર્આને મજીદ હાથ મેં લેકર કોઈ બાત કહી તો ક્યા ઈસસે ભી ક઼સમ હો જાએગી ?

અકષર અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે અગર કિસીને કુર્આને મજીદ હાથ મેં લેકર કોઈ બાત કહી તો સમજા જાતા હૈ કે ઈસ સે ભી ક઼સમ હો જાતી હૈ, ચુનાંચે ઈસકે બાદ પૂછા જાતા હૈ કે અબ ક્યા કફ્ફારા દેના પળેગા ? હાલાં કે શરઈ એઅતેબારસે સિર્ફ હાથ મેં કુર્આન ઉઠાને યા કુર્આન ઉઠાકર યે કેહને સે કે : ''મેં યે કામ નહીં કરુંગા'' ક઼સમ નહીં હોતી, ક્યૂં કે શરઈ ક઼સમ કે લિયે ઝરૂરી હૈ કે વોહ કસમકે અલ્ફાઝ કે સાથ હો, જૈસે ''અલ્લાહ કી ક઼સમ યા રહમાનકી ક઼સમ મૈં યે કામ નહીં કરુંગા'' વરના ક઼સમ નહીં હોગી.

અલ્બત્ત ! અગર કોઈ શખ્સ કુર્આન ઉઠાકર યે કેહ લે કે ''કુર્આન કી ક઼સમ યે કામ નહીં કરુંગા ''તો શરઈ કસમ હો જાએગી, ક્યું કે કુર્આને મજીદ કલામુલ્લાહકા નામ હૈ ઔર કલામુલ્લાહ સિફતે ઈલાહી હૈ ઔર અલ્લાહ عزوجل કી સિફાત મેં સે કિસી સિફત કે સાથ ક઼સમ ખાને સે ભી ક઼સમ હો જાતી હૈ.

''ફતાવા રઝવિય્યા'' મેં હૈ :–

''જૂટી બાત પર કુર્આને મજીદકી ક઼સમ ખાના ઉઠાના સખ્ત અઝીમ ગુનાહે કબીરા હૈ ઔર સચ્ચી બાત પર કુર્આને અઝીમકી ક઼સમ ખાને મેં હરજ નહીં ઔર ઝરૂરત હો તો ઉઠા ભી સકતા હૈ મગર યે ક઼સમ કો બહોત સખ્ત કરતા હૈ, બિલા ઝરૂરતે ખાસ્સા ન ચાહિયે.....હાં ! મુસ્હફ શરીફ (કુર્આને મજીદ) હાથ મેં લેકર યા ઉસ પર હાથ રખકર કોઈ બાત કેહની અગર લફઝન હલફો ક઼સમ કે સાથ ન હો હલફે શરઈ ન હોગા (યા'ની શરઈ ક઼સમ ન હોગી) મષલન કહે કે મેં કુર્આને મજીદ પર હાથ રખકર કેહતા હૂં કે ઐસા કરુંગા ઔર ફિર ન કિયા તો કફ્ફારા ન આએગા.''

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૩, સફહા : ૫૭૪/૫૭૫)*

''બહારે શરીઅત''મેં હૈ : ''કુર્આન કી ક઼સમ, કલામુલ્લાહકી ક઼સમ, ઈન અલ્ફાઝ સે ભી ક઼સમ હો જાતી હૈ.'' *(બહારે શરીઅત, જિલ્દ : ૯, સફહા : ૩૦૧)*

### 0૪. કોઈ શખ્સ ઈસ તરહ કહે કે મુજ પર ફુલાં ચીજ હરામ હૈ (હાલાં કે હક઼ીક઼ત મેં વોહ ચીઝ હલાલ હૈ) તો ક્યા ઐસા કેહને સે વોહ ચીઝ હરામ હો જાએગી ? ઔર ઈસ કો ક઼સમ માના જાએગા ?

અગર કોઈ શખ્સ ઈસ તરહ કહે કે મુજ પર ફુલાં ચીઝ હરામ હૈ, જૈસે ફુલાં સે બાત કરના મુજ પર હરામ હૈ, તો ઈસ તરહ કેહને સે વોહ હલાલ ચીઝ ઉસ પર હરામ નહીં હો જાએગી, જૈસા કે બા'ઝ અવામ મેં ગલત ફેહમી પાઈ જાતી હૈ. હાં ! ઈસ તરહ કેહનેસે ક઼સમ મુનઅક઼િદ હો જાએગી, લિહાઝા અગર વોહ અપને ઉપર હરામ કી હૂઈ ચીઝ કો કરેગા તો ઉસે ક઼સમ કા કફ્ફારા અદા કરના પળેગા.

''બહારે શરીઅત'' મેં હૈ : ''જો શખ્સ કિસી ચીઝ કો અપને ઉપર હરામ કરે મષલન કહે કે ફુલાં ચીઝ મુજ પર હરામ હૈ તો ઈસ કેહ દેને સે વોહ શય હરામ નહીં હોગી કે અલ્લાહ عزوجل ને જિસ ચીઝ કો હલાલ કિયા ઉસે કોન હરામ કર સકે મગર ઉસકે બરતનેસે કફ્ફારા લાઝિમ આએગા યા'ની યે ભી ક઼સમ હૈ.''
*(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફહા : ૩૦૨)*

''બહારે શરીઅત''મેં ક઼સમકે કફ્ફારે કી જો તફસીલ બયાન કી ગઈ હૈ, ઉસકા ખુલાસા યે હૈ :

અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી *(સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

www.barkatekhwaja.net

"એક ગુલામ આઝાદ કરના યા દસ મિસ્કીનોં કો દો વકતકા ખાના ખિલાના યા દસ મિસ્કીનો કો એક એક જોળ કપળા દેના, અગર ખાનેકી જગહ દસ મિસ્કીનો કો અલગ અલગ એક એક સદક઼એ ફ઼િત્ર કી રકમ દે દે યા એક મિસ્કીન કો દસ દિન તક એક એક સદક઼એ ફ઼િત્ર કી રકમ દે દે તો ભી કફ્ફારા અદા હો જાએગા.

ઔર અગર કોઈ કોઈ શખ્સ ઈન મેં સે કિસી કી તાકત નહીં રખતા તો વોહ તીન રોઝે મુસલસલ બતોરે કફ્ફારા રખે."

**૦૫. ક્યા માં–બાપ કી જૂટી કસમ ખાનેસે ઉનકા ઈન્તિક઼ાલ હો જાતા હૈ ?**

અવામ મેં યે મશહૂર હૈ કે અગર કોઈ માં–બાપ યા કિસી ઔર કી જૂટી ક઼સમ ખાતા હૈ તો ઉસકા ઈન્તિક઼ાલ હો જાતા હૈ, જિસ કી જૂટી કસમ ખાઈ ગઈ. શરઅન દેખા જાએ તો ઈસ બાતકી કોઈ હકીકત નહીં. કિસીકી જૂટી ક઼સમ ખાનેસે ઉસકા ઈન્તિક઼ાલ નહીં હો જાતા. હાં ! યે અલગ બાત હૈ કે જૂટી ક઼સમ ખાને વાલે કે સર પર જૂટકા વબાલ આએગા ઔર ઉસ પર વોહ વઈ઼દ આઈદ હોગી જો નીચે ઝિક્ર કરદા હદીષોં મેં બતાઈ ગઈ.

(૧) હઝરતે અબૂ હુરૈરહ رضی اللہ عنہ સે રિવાયત હૈ કે અલ્લાહ કે રસૂલ ﷺ ને ઈર્શાદ ફર્માયા : જૂટી ક઼સમ સે સોદા ફરોખ્ત હો જાતા હૈ ઔર બરકત મિટ જાતી હૈ. *(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ : ૧૬, સફહા : ૨૯૭, હદીષ નં. ૪૬૩૭૮)*

(૨) હઝરતે અબૂ હુરૈરહ رضی اللہ عنہ હી સે રિવાયત હૈ કે અલ્લાહ કે નબી ﷺ ને ઈર્શાદ ફર્માયા : "જૂટી ક઼સમ માલ કો હલાક કર દેતી હૈ ઔર આબાદી કો વીરાના કર દેતી હૈ." *(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ : ૧૬, સફહા : ૨૯૭, હદીષ નં. ૪૬૩૭૮)*

**૦૬. ક઼ર્ઝ વાપસ ન કરનેકી ક઼સમ ખાઈ ફિર વાપસ કર દિયા તો ક્યા ઈસ મેં કોઈ હરજ નહીં ?**

કભી કભાર ઈસ તરહકા મુઆમલા પેશ આતા હૈ કે જિસકા કર્ઝ હૈ, ઉસકે બાર બાર મુતાલબા કરને કી વજહસે ક઼ર્ઝ લેનેવાલા ગુસ્સે મેં આકર ક઼સમકે સાથ યે કેહ દેતા હૈ કે મૈં ક઼ર્ઝ વાપસ નહીં કરુંગા. ફિર જ મુઆમલા નાર્મલ હો જાતા હૈ તો વોહ ક઼ર્ઝ અદા કર દેતા હૈ તો ઈસકે બારે મેં ઈસકે અવામ મેં સે કુછ લોગ સમજતે હૈ કે ઈસ મેં કોઈ હરજ નહીં ઔર જો ક઼સમ ખાઈ ગઈ થી ઉસકે બદલે મેં કોઈ કફ્ફારા લાઝિમ નહીં, હાલાં કે શરઈ એઅ્તેબાર સે યહાં ક઼સમકા કફ્ફારા અદા કરના પળેગા. ક઼સમકા કફ્ફારા યે હૈ કે :–

એક ગુલામ આઝાદ કિયા જાએ યા દસ મિસ્કીનો કો દો વક્તકા ખાના ખિલાયા જાએ યા દસ મિસ્કીનો કો એક એક જોળ કપળા દિયા જાએ, અગર ખાનેકી જગહ દસ મિસ્કીનોં કો અલગ અલગ એક એક સદક઼એ ફ઼િત્રકી રક઼મ દે દી જાએ યા એક મિસ્કીન કો દસ દિન તક એક એક સદક઼એ ફ઼િત્ર કી રક઼મ દે દી જાએ તો ભી કફ્ફારા અદા હો જાએગા.

ઔર અગર કોઈ શખ્સ ઈન મેં સે કિસી કી ભી તાક઼ત ન રખતા હો તો વોહ તીન રોઝે મુસલસલ બતોરે કફ્ફારા રખ લેગા.

"ફતાવા દારૂલ્ઈફતા એહલે સુન્નત" મેં ઈસી તરહકા એક ફત્વા હૈ, જિસે યહાં નક઼લ કિયા જાતા હૈ.

**સવાલ** : મુજ પર કિસી શખ્સ કી કુછ રકમ કર્ઝ હૈ, અગર મૈં ઉસ સે કેહતા હું કે કુર્આન કી ક઼સમ મૈં તેરી રક઼મ વાપસ નહીં દુંગા યા ક઼સમ કે અલ્ફાઝ કહે બગૈર, સિર્ફ કુર્આન પર હાથ રખકર કહેતા હું કે મૈં તેરી રક઼મ નહીં દુંગા ઔર બાદ મેં વોહ રક઼મ દે દું તો ક્યા ક઼સમ ટૂટ જાએગી ઔર ઉસકા ક્યા કફ્ફારા હોગા ?

**જવાબ** : કુર્આનકી ક઼સમ કે અલ્ફાઝ ઈસ્તિઅ્માલ કિયે તો ઈસસે ક઼સમ મુન્અકિ઼દ હો ગઈ, ઈસ સૂરત મેં ક઼સમ તોળને પર ક઼સમ કા કફ્ફારા લાઝિમ હોગા, બલ્કે અગર વાક઼ઈ વોહ પૈસે ઉસી શખ્સ કે થે, જિસ કો ન દેનેકી ક઼સમ ખાઈ થી તો ઈસ સૂરત મેં ક઼સમ તોળકર ઉસે પૈસે વાપસ કરના લાઝિમ

www.barkatekhwaja.net

હૈં ઔર ક઼સમ કા કફ્ફારા ભી અદા કરના ઝરૂરી હૈ.

અલ્બત્તા ફક્ત કુર્આન પર હાથ રખકર યે કેહના કે મૈં તેરે પૈસે અદા નહીં કરૂગા તો ઈસ સે ક઼સમ મુન્અકિ઼દ નહીં હોતી, લેકિન કિસી કે પૈસે નાજાઈઝ દબા લેના ઔર કુર્આન પર હાથ રખકર વાપસી ન કરનેકા કેહના, યે મુઆમલા ભી બહોત સખ્ત હૈ, ઈસ સે ભી તૌબા કરકે પૈસે જલ્દ વાપસ કિયે જાએં. *(ફતાવા દારૂલ ઈફતા એહલે સુન્નત, ફત્વા નં. web-૧૪૧૭)*

**૦૭. આમ બોલ ચાલ મેં લફઝે "ક઼સમ સે" બોલા જાતા હૈ, ક્યા ઉસસે શરઅન ક઼સમ મુન્અકિ઼દ નહીં હોતી ?**

આમ બોલ ચાલ જો લફઝે "ક઼સમ સે" બોલા જાતા હૈ, ઉસકે બારે મેં અકષર અવામ કા યહી ખયાલ હૈ કે ઈસ સે ક઼સમ મુન્અકિ઼દ નહીં હોતી, લિહાઝા કફ્ફારા વગૈરાકા હુકમ ઈસ મેં નહીં રહેગા, યે ખયાલ શરીઅત કે એઅ્તેબાર સે ગલત હૈ. શરઈ તોર પર લફઝે "ક઼સમ સે" ભી અલ્ફાઝે ક઼સમ મેં સે હૈ ઔર ઈસકે ઝરિઆ ભી ક઼સમ મુન્અકિ઼દ હો જાતી હૈ, લિહાઝા આઈંદા કિસી કામ કે બારે મેં કિસી ને ઈસ તોર પર ક઼સમ ખાઈ ઔર ઉસ ક઼સમ કો તોળ દિયા તો ઉસ પર કફ્ફારા લાઝિમ હોગા.

"બહારે શરીઅત" મેં હૈ : "ઈન અલ્ફાઝ સે ભી ક઼સમ હો જાતી હૈ : હલફ કરતા હું, ક઼સમ ખાતા હું, મૈં શહાદત દેતા હું, ખુદા ગવાહ હૈ, ખુદા કો ગવાહ કરકે કેહતા હું, મુજ પર ક઼સમ હૈ. *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૭, સફહા : ૩૦૧)*

નીઝ ઉસી "બહારે શરીઅત" મેં હૈ :–

"અગર આઈંદા કે લિયે ક઼સમ ખાઈ, મષલન ખુદાકી ક઼સમ મૈં યે કામ કરૂંગા યા ન કરુંગા. તો ઉસકો મુન્અકિ઼દા કેહતે હૈં... યમીને મુન્અકિ઼દા જબ તોળેગા કફ્ફારા લાઝિમ આએગા." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફહા : ૨૯૯)*

---

પેજ નં.૩૨નું ચાલુ.. **અને ક઼યામત સુધી જે એ નબીની પયરવી કરશે તે સૌ બરાહીમી છે.**

પછી નજાશીએ અમ્ર તથા તેના સાથીનો માલ પરત કરી દીધો અને કહ્યું તમારો હદિયો મારા માટે લાંચ છે તેને લઈ જાવ, કેમ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે મને જે મુલ્કનો માલિક કર્યો તો એના પર મારાથી કોઈ લાંચ નથી લીધી. *(તફસીરે બગ્વી)*

હઝરત જઅફર ફર્માવે છે કે જયારે અમે નજાશીના દરબારથી પરત થયા તો અમને એક બેહતરીન ઠેકાણુ તથા બાઈઝ્ઝત પડોશ નસીબ થયો. યહૂદીઓના મદીના મુનવ્વરામાં હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બારામાં અલ્લાહના રસૂલ ﷺના બારામાં ઝઘડવા પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે કુર્આને મુક઼દસમાં નાઝિલ કર્યું.

إِنَّ أَوْلَى النَّاسِ بِإِبْرٰهِيمَ لَلَّذِينَ اتَّبَعُوهُ وَهٰذَا النَّبِيُّ وَالَّذِينَ
اٰمَنُوا ۗ وَاللّٰهُ وَلِيُّ الْمُؤْمِنِينَ ﴿٦٨﴾

"બેશક ! ઈબ્રાહીમની સૌથી અધિક નજીક તે લોકો છે જેમણે તેમની પયરવી કરી, અને આ નબી તેમની નજીક છે, અને તે લોકો નજીક છે જેઓ ઈમાન લાવ્યા. અને અલ્લાહ મોમિનોનો વાલી છે." *(સૂ. આલે ઈમરાન, આ. ૬૮)*

મોહતરમ દોસ્તો ! ચર્ચાનો સાર એ નીકળ્યો કે નજાશીએ પણ એ વાતનો સ્વીકાર કર્યો અને જાહેર એલાન કર્યુ કે મુહમ્મદ ﷺ જ ઈબ્રાહીમી (બરાહીમી) છે, અને તેમની ગુલામીમાં આવનારાઓ ક઼યામત સુધીના ઈમાનવાળાઓ તેમના સદક઼ામાં ઈબ્રાહીમી છે.

અલ્લાહ ﷻ પોતાના હબીબ ﷺના સદક઼ા વ તુફૈલ મળનારી બરાહીમિયત પર આપણો ખાત્મો ફર્માવે. (આમીન).

• • •

www.barkatekhwaja.net

## તઝકેરતુલ અવલિયા

# હઝરત યૂસુફ બિન હુસૈન رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ ઘણા જ બાકમાલ તથા તથા મહાન બુઝુર્ગોમાંથી છે અને મોટા મોટા મશાઈખોની સોહબતથી ફયઝયાબ થયા. આપનો સંબંધ હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہના ઈરાદતમંદો (મુરીદો)માંથી હતો તદ્ઉપરાંત આપ ઘણા જ ખૂબસૂરત તથા સારા પોશાકવાળા પણ હતા અને લાંબી વય પામવા છતાં પુષ્કળ પ્રમાણમાં ઈબાદત કર્યા કરતા હતા.

**હાલાત** : યુવાનીના કાળમાં કોઈ કૃબીલાના સરદારની પુત્રી આપના ઈશ્કૃમાં પડી ગઈ અને એક દિવસ એકાંતમાં આપનાથી મુલાકાતની ખ્વાહિશ જાહેર કરી. પરંતું આપના પર ખૌફે ઈલાહીનો એવો પ્રભાવ થયો કે ત્યાંથી ભાગી ગયા. અને રાતમાં ખ્વાબમાં હઝરત યૂસૂફ علیہ السلامને એક તખ્ત પર એ રીતે બિરાજમાન જોયા કે ફરિશ્તા સફબંધી આપની સામે ઉભેલા છે. અને આપને જોતાં જ હઝરત યૂસુફ علیہ السلام સ્વાગત માટે ઉભા થઈ ગયા અને પોતાની બાજુમાં બેસાડીને ફર્માવ્યું કે જ્યારે તમારા ઉપર છોકરીની મુલાકાતની ખ્વાહિશ પર ખૌફે ઈલાહી છવાઈ ગયો હતો એ જ વખતે અલ્લાહે મને ફર્માવ્યું કે હે યૂસુફ ! તમે ઝુલેખાની બુરાઈથી બચવાની દુઆ કરી હતી, પરંતું આ તે યૂસુફ છે જેણે અમારા ડરથી સરદારની બેટીને ઠુકરાવી દીધી. અને આજે એ જ કારણે તમારી સાથે મુલાકાતના માટે મને હુકમ આપવામાં આવ્યો છે. પછી હઝરત યૂસુફ علیہ السلامએ ફર્માવ્યું કે હું તમને એ બશારત આપુ છું કે આગળ જતાં તમારી ગણના મહાન બુઝુર્ગોમાં થશે. જેથી તમે ઈસ્મે આ'ઝમની તાલીમના માટે ખિદમત કરતા રહો.

પછી આપ હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہની ખિદમતમાં પહોંચ્યા, પરંતું અદબના લેહાઝના કારણે હેતુ વર્ણવી ન શક્યા. પછી જ્યારે ખુદ ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہએ આગમનનો મકૃસદ પૂછયો તો અર્ઝ કરી કે કેવળ નિયાઝ પામવા અને ખિદમતગુઝારીના માટે હાજર થયો છું. અને આવું કહીને ફરી વધુ એક વરસ સુધી ત્યાં પડયા રહ્યા. પછી બે વરસો ગુજર્યા બાદ જ્યારે ફરીથી હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہએ આગમનનો હેતુ પૂછયો તો અર્ઝ કરી, ઈસ્મે આ'ઝમ શીખવા ચાહું છું. આ સાંભળીને તે ખામોશ થઈ ગયા અને વધુ એક વરસ સુધી કોઈ જવાબ ન આપ્યો. પછી ત્રણ વરસ પૂરા થઈ ગયા બાદ આપના હાથમાં કવરથી ઢાંકેલો એક પ્યાલો આપતાં ફર્માવ્યું કે આ પ્યાલો નીલ નદીના કિનારે ફલાણા શખ્સને આપી આવો અને તે જ શખ્સ તમને ઈસ્મે આ'ઝમ પણ બતાવી દેશે. જેથી બેચકીનીની કૈફિયતમાં જ્યારે રસ્તામાં એ પ્યાલાને ખોલીને જોયો તો એમાંથી એક ઉંદર કૂદીને નાસી ગયો. એ જોઈને આપ ખૂબ જ શર્મિંદા થયા અને ખાલી પ્યાલો તે શખ્સના હાથમાં જઈને આપી દીધો. તેણે કહ્યું કે જ્યારે તમે એક ઉંદરની હિફાઝત ન કરી શક્યા તો પછી ઈસ્મે આ'ઝમને કેવી રીતે મેહફૂઝ રાખી શકશો ? એ જવાબ સાંભળીને આપ માયૂસીના આલમમાં હઝરત ઝુન્નૂનની ખિદમતમાં પરત થયા તો તેમણે ફર્માવ્યું કે મેં સાતવાર ખુદાથી તમને ઈસ્મે આ'ઝમ બતાવવાની ઈજાઝત ચાહી પરંતું દરેક વખતે એ જ જવાબ મળ્યો કે હજી અધિક અજમાવો. જેથી આજમાઈશ રૂપે મેં તમને ઉંદર બંધ કરીને આપી દીધો હતો પણ એ અંદાઝ રહ્યો કે હજી સુધી તમે ઈસ્મે આ'ઝમની હિફાઝતને પાત્ર નથી થયા, જેથી તમારા વતન પરત જઈને સમયની રાહ જુઓ.

જેથી રવાનગીથી પહેલાં આપે જ્યારે ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہને નસીહત કરવાની દરખાસ્ત કરી તો

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી*

www.barkatekhwaja.net

તેમણે ફર્માવ્યું કે તમે જે કાંઈ લખ્યું પઢયું છે તેને એકદમ ભૂલી જાવ કે જેથી વચ્ચેથી પર્દો હટી જાય અને મને પણ એવી રીતે ભૂલાવી દો કે કોઈની સામે મને તમારો મુર્શિદ ન કહો. પરંતું આપે અર્ઝ કરી કે આ બંને શરતો મારા માટે સ્વીકારને પાત્ર નથી અલ્તત્ત ત્રીજી શર્ત કે મખ્લૂકને ખુદાની તરફ દાવત આપો, એના પર ઈન્શા અલ્લાહ ! જરૂર અમલ કરતો રહીશ. જેથી વતન પરત આવ્યા બાદ આપે તબ્લીગ તથા વાઅઝનો ક્રમ શરૂ કરી આપ્યો, પણ આલિમોએ આપનો એટલી હદે વિરોધ કર્યો કે અવામ એનાથી બદઝન થઈ ગયા અને એક દિવસે જ્યારે આપ વાઅઝ કહેવા પહોંચ્યા તો ત્યાં એક વ્યક્તિ પણ હાજર ન હતો. જેથી આપે વઅઝ કહેવાનું ત્યજી દેવાનો નિશ્ચય જ કર્યો હતો, એવામાં એક વૃધ્ધાએ કહ્યું કે, આપે તો ઝુન્નૂનને નસીહતો કરતા રહેવાનો વાયદો કર્યો હતો પછી આ વાયદા ભંગ કેવો ? ત્યાર બાદથી એ પરવા કર્યા વિના કે કેટલા લોકો વઅઝમાં હાજર થાય છે, સતત પચાસ વરસો સુધી આપે વઅઝનો ક્રમ ચાલુ રાખ્યો અને આપની સોહબતના ફયઝમાં હઝરત ઈબ્રાહીમ ખવાસ પર એ અસર થઈ કે સવારી તથા માર્ગના તોશા વિના રણોમાં જંગલોમાં સફર કરતા હતા.

હઝરત ઈબ્રાહીમ ખવાસે રિવાયત કરી છે કે એકવાર ખ્વાબના આલમમાં એ નિદા (ગયબી પોકાર) સાંભળી કે યૂસુફ બિન હુસૈનને કહી દો કે તમે રાંદએ દરગાહ (રબની બારગાહના બહિષ્કૃત) થઈ ચૂક્યા છો ! પણ જાગૃત થયા બાદ આ ખ્વાબ વર્ણન કરવામાં તેમનાથી મને શરમ આવી. પણ બીજી રાત્રે ફરી એ જ ખ્વાબ જોયો, અને ત્રીજી રાત્રે મને ચેતવણી કરવામાં આવી કે જો તમે આ ખ્વાબ તેમને ન વર્ણવ્યો તો તમને જીવનભર માટે સજામાં સપડાવી દેવામાં આવશે. જેથી જ્યારે ખ્વાબ વર્ણવવાની નિય્યતથી આપની ખિદમતમાં પહોંચ્યો તો આપે હુકમ આપ્યો કે કોઈ ઉમદા શેઅર સંભળાવો અને જ્યારે મેં આ શેઅર સંભળાવ્યો તો આપ એટલા પ્રમાણમાં રડયા કે આંખોથી લોહી વહેવા લાગ્યું. પછી ફર્માવ્યું કે કદાચ એટલા માટે મને લોકો ઝિંદીક (અધર્મી) કહે છે ! અને અલ્લાહ તઆલાનું એ ફર્માવવું કે, હું બારગાહનો મરદૂદ છું એ તદન દુરુસ્ત છે. હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ કહે છે કે હું એ સાંભળીને આશ્ચર્યમાં પડી ગયો અને એ ચિંતાની અંદર જંગલની તરફ નીકળી ગયો અને ત્યાં જ્યારે હઝરત ખિઝરથી મુલાકાત થઈ તો તેમણે ફર્માવ્યું કે યુસૂફ બિન હુસૈન ઈશ્કે ઈલાહીની તલ્વારથી ઘાયલ છે અને તેમનો મકામ આ'લા ઈલ્લીય્યીનમાં છે અને ખુદાની રાહમાં એવો જ મકામ હાંસલ પણ કરવો જોઈએ કે પડતી પછી પણ ઈલ્લીય્યીનમાં રહે, કેમ કે વાસિલે ઈલલ્લાહ થયા બાદ જો બાદશાહ જ નહીં તો વઝારત તો મળી જ જાય છે.

યુવાનીના કાળમાં હઝરત અબ્દુલ વાહિદ ઝૈદ ખૂબ જ શરારતી તથા નીડર હતા અને મોટાભાગે મા બાપથી લડી ઝઘડીને નાસી જતા હતા. તે સંજોગોવસાત એક દિવસ આપની વઅઝની મજલિસમાં જઈ પહોંચ્યા, અને આપ આપની વઅઝમાં એવું કહી રહ્યા હતા કે અલ્લાહ તઆલા બંદાને એ રીતે પોતાની પ્રતિ ધ્યાનિત કરી લે છે જેવી રીતે કોઈ મોહતાજ થઈને કોઈની સામે જાય છે. આ સાંભળતાં જ અબ્દુલ વાહિદ પર એવી અસર થઈ કે ચીસ પાડી અને કપડાં ફાડીને કબ્રસ્તાનની તરફ ચાલી નીકળ્યા અને ત્રણ રાત દિવસ બેખુદીના આલમમાં ત્યાં પડયા રહ્યા. પરંતું જે દિવસે એમના પર કૈફિયત છવાઈ રહી હતી એ જ દિવસે યૂસુફ બિન હુસૈને ખ્વાબમાં એ નિદા સાંભળી કે તાઈબ થનાર (તૌબા કરનાર) નવયુવાનને તલાશ કરો. જેથી જ્યારે શોધતા શોધતા કબ્રસ્તાન પહોંચ્યા તો ત્રણ જ દિવસમાં હઝરત અબ્દુલ વાહિદે તે દરજા પાર કરી લીધા હતા કે આપને જોતાં જ કહ્યું કે આપને તો ત્રણ દિવસ પહેલાં હુકમ કરવામાં આવ્યો હતો પરંતું આપ આજે પહોંચ્યા છો !

નીશાપુરના એક વેપારીનું કોઈના પર કરજ હતું

www.barkatekhwaja.net

અને તે શખ્સ ક્યાંક બહાર ચાલ્યો ગયો હતો અને એ જ દૌરમાં એ વેપારીએ એક સુંદર લોંડી ખરીદી હતી જેથી કરજ વસૂલ કરવા જતા પહેલાં તે એ ફિકરમાં ખોવાયેલો હતો કે લોંડીને કોને સોંપીને જાઉં ?! છેવટે હઝરત ઉષ્માન હયરીથી દરખાસ્ત કરી કે જો આપની પત્ની લોંડીને પોતાની પાસે રાખી લે તો હું ફલાણી જગાએ જઈને મારુ કરજ વસૂલ કરી આવું. અને તે જ્યારે લોંડીને છોડીને ચાલ્યો ગયો તો એક દિવસ ઉષ્માન હયરીની તેણી પર નજર પડી ગઈ અને વાસનાની ભાવના જાગૃત થઈ ગઈ. પરંતું આપ તુરંત જ આપના મુર્શિદ હઝરત અબૂ હફસ હદ્દાદની પાસે પહોંચી ગયા અને તેમણે હુકમ આપ્યો કે હઝરત હુસૈન બિન યૂસુફની પાસે તાત્કાલિક રય ચાલ્યા જાવ. જેથી રાય પહોંચીને જ્યારે લોકોને તેમનું સરનામુ પૂછયું કે તે ક્યાં છે ? તો લોકોએ કહ્યું કે તે તો ઝિંદીક (અધર્મી) છે અને તમે એની પાસે જઈને બર્બાદ થઈ જશો, જ્યારે કે તમે ખુદ કમાલવાળા જણાવ છો. આ સાંભળીને ઉષ્માન હયરી નીશાપુર પાછા આવી ગયા. અને પોતાના મુર્શિદને પૂરો બનાવ વર્ણવી આવ્યો. પરંતું તેમણે ફરી એ જ હુકમ આપ્યો કે તમે પાછા રય જઈને કોઈ રીતે પણ તેમની સાથે મુલાકાત કરો. અને જ્યારે તે ફરીથી રય જઈને તેમને મળ્યા તો જોયું કે એક નાની વયનો છોકરો તેમની પાસે બેસેલો છે અને જામ તથા સુરાહી સામે રાખેલ છે. તેમણે સલામ કરી તો હઝરત યૂસુફ ઈબ્ને હુસૈન رحمۃ اللہ علیہએ જવાબ આપ્યા બાદ એવા અસરકારક અંદાઝમાં વાતચીત કરી કે એ દંગ રહી ગયા. પછી ઉષ્માન હયરીએ તેમને સવાલ કર્યો કે શું મઅરેફતવાળા હોવા છતાં પણ આપે જાહેરી હાલત આવી કેમ બનાવી રાખી છે કે લોકો આપનાથી નફરત કરતા થઈ ગયા છે. તેમણે કહ્યું કે આ છોકરો મારો પુત્ર છે અને સુરાહીમાં પાણી છે, પરંતું જાહેરી હાલત મેં એટલા માટે ખરાબ રાખી છે કે ક્યાંક કોઈ શખ્સ મને ગૈર દીનદાર સમજીને તુર્કી લોંડી મારા હવાલે ન કરી દે. આ સાંભળીને ઉષ્માન હયરી સમજી ગયા કે ખુદાનો દોસ્ત કદી મખ્લૂકથી દોસ્તી નથી રાખી શકતો.

આપ ઈશા બાદ સવાર સુધી કયામની હાલતમાં પસાર કરી દેતા હતા. અને જ્યારે લોકોએ અર્ઝ કર્યું કે આ કયા પ્રકારની ઈબાદત છે તો ફર્માવ્યું કે ઈશા બાદ રુકૂઅ તથા સિજદાઓની શક્તિ જ બાકી નથી રહેતી એટલા માટે કયામ કરતો રહું છું.

**સોનેરી કથનો** : હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہને આપે લખ્યું કે જો ખુદાએ તમને નફસની સખ્તીથી માહિતગાર કરી દીધા તો કોઈ મર્તબો પણ હાંસલ કરી શકશો નહીં અને અલ્લાહે દરેક ઉમ્મતમાં અમુક અમીન વિશિષ્ટ રાખ્યા છે, પરંતું ઉમ્મતે મુહમ્મદીના અમીન અવલિયાએ કિરામ છે. અને સ્ત્રીઓ તથા છોકરાઓની સોહબત સૂફીઓ માટે તબાહ કરનારી હોય છે. અને દિલી લગાવ સાથે ખુદાને યાદ કરે છે તેના દિલથી આપોઆપ અલ્લાહ સિવાયનાની યાદ નીકળી જાય છે. અને સાદિક (સાચો) તે જ છે જે એકાંત ખૂણામાં ખુદાને યાદ કરે છે. અને મુવહ્હિદ તે છે જે ખુદાની બારગાહમાં હાજર રહીને અવામિર (સારી વાતોનો હુકમ આપવું) તથા નવાહી (બુરી વાતો રોકવું)ની પાબંદી કરે છે. અને તૌહીદના દરિયામાં ડૂબી જનારની તરસ કદી દૂર નથી થતી, અને ઝાહિદ તે જ છે જે પોતાને ખોઈને ખુદાની તલાશ કરે છે અને બંદાએ બંદાની જેમ જ રહેવું શાભે છે. અને જે ગૌરો ફિક્ર (ચિંતન મનન) બાદ ખુદાને પેહચાની લે છે તે ઈબાદત પણ ખૂબ જ અધિક કરે છે.

**વફાત** : ઈન્તેકાલ વખતે આપે અર્ઝ કર્યું કે હે અલ્લાહ ! હું કૌલથી મખ્લૂકને અને ફેઅલ (અમલ) વડે નફ્સને નસીહત કરતો રહું છું, જેથી મખ્લૂકની નસીહતના બદલામાં મારા નફ્સની ખયાનતને માફ કરી દે. વફાત પછી કોઈ બુઝુર્ગે આપને આ'લા મર્તબા પર બિરાજમાન જોઈને સવાલ કર્યો કે આ મર્તબો આપને કેવી રીતે હાંસલ થયો ? ફર્માવ્યું કે , મેં દુનિયામાં બુરાઈને ભલાઈની સાથે કદી ભેગી નથી થવા દીધી.

મસ્અલા-૭

# રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ
# કિતાબ તથા સુન્નતની-રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**હદીષ-૫** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વર્ણવે છે કે નબી કરીમ ﷺના જમાનામાં સૂરજ ગ્રહણ લાગ્યું તો રસૂલુલ્લાહ ﷺએ જમાઅતની સાથે સૂર્યગ્રહણની નમાઝ (બે રકાત) પઢી. નમાઝ બાદ સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે જોયું કે આપ આપના નમાઝના સ્થાનેથી હાથ લંબાવીને કાંઈક લેવા ચાહતા હતા, પછી જોયું આપ પાછળ હટી ગયા ! તો સરકાર ﷺએ ફર્માવ્યું કે **મેં જન્નત જોઈ અને તેની દ્રાક્ષનો એક લૂમ હાથ લંબાવીને લેવા ચાહ્યું[1]. જો હું લઈ લેત તો તમે લોકો દુનિયાના અસ્તિત્વ સુધી ખાતા રહેતા.** અને મને જહન્નમ દેખાડવામાં આવી તો મેં આજના જેવો ભયાનક મન્ઝર કદી નથી જોયો. (એ વખતે હું પાછળ હટી ગયો.) *(સહીહુલ બુખારી, ૧/૧૪૪, અબ્વાબુલ કુસૂફ, મજલિસે બરકાત) (૧. શરહે સહીહ મુસ્લિમ, ૧/૪૯૭)*

આ હદીષના શબ્દો સંપૂર્ણ ધ્યાનપૂર્વક જોવાને પાત્ર છે :-

★ મેં જન્નતનો દ્રાક્ષનો લૂમ લેવા માટે હાથ લંબાવ્યો છે.

★ તે લૂમ દ્રાક્ષનો તમારી પાસે લાવી દેત તો તમે લોકો દુનિયાના અસ્તિત્વ સુધી તેને ખાતા રહેત.

★ જહન્નમનો ભયાનક મન્ઝર જોઈને પાછળ હટી આવ્યો.

આ શબ્દો ગવાહ છે કે હુઝૂર સરવરે કાઈનાત ﷺએ પોતાના માથાની આંખો વડે અૈયન (Exact) જન્નત તથા અૈયન (ખરેખર) જહન્નમનો દીદાર કર્યો. કેમ કે જન્નતનો લૂમ હાથમાં લેવો અને તેને લાવવાની સ્થિતિમાં તેની અસીમ બરકતોનું જાહેર થવું અને જહન્નમના ભયાનક મન્ઝરથી નમાઝમાં પાછળ હટી જવું અૈયન જન્નત તથા અૈયન જહન્નમને જોવાની દલીલ છે. *(અલ કવાકિબુદ્દરારી ફી શરહે સહીહુલ બુખારી અલ મઅરૂફ બિશરહિલ કિર્માની, ૨/૨૮)*

www.barkatekhwaja.net

કિબ્લાની દીવાલમાં જન્નત તથા જહન્નમની છબી જોઈને કોઈ સદ્‌બુદ્ધિવાળો તેના લૂમો હાથમાં ન લેશે, ન તેને લાવવા પર તેની અસીમ બરકતોનું વર્ણન કરશે, ન તો જહન્નમની છબી જોઈને કોઈ ઉચ્ચ હિંમતવાન બુદ્ધિવાન મર્દ પાછળ હટશે.

મોબાઈલ વગેરેની સ્ક્રીન અને આઈનામાં કેવા કેવા ખુશનુમા તથા ભયાનક મંઝરો સામે આવે છે, પણ શું કોઈ બુદ્ધિવાળો તેમની સાથે અસલ દશ્યો જેવો વર્તાવ કરે છે ? કદાપિ નહીં ! એનો સ્વીકાર સૌને છે. તો આ અનૂભૂતિઓની રોશનીમાં અૈયન જન્નત તથા જહન્નમ અને તેની છબીઓના ફરકને પણ સમજવો જોઈએ.

હા ! અમુક નબવી હદીષોથી એ જણાય છે કે સરકારે અબદ કરાર ﷺએ કિબ્લાની દીવાલમાં જન્નત તથા જહન્નમની છબી જોઈ, પણ તે અલગ બનાવ છે અને આ તેનાથી અલગ બીજો બનાવ છે.

**હદીષ-૬** : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રિસાલતકાળમાં હઝરત ઈબ્રાહીમ ઈબ્ને રસૂલ ﷺના વિસાલના દિવસે

ગ્રહણ લાગ્યું તો આપે સહાબાને ગ્રહણની નમાઝ પઢાવી. પછી ફર્માવ્યું : જ્યારે તમે કોઈ પણ ગ્રહણ જુઓ તો નમાઝ પઢો ત્યાં સુધી કે સૂર્ય રોશન થઈ જાય.

*(અસ્સહીહ મુસ્લિમ, ૧/૨૯૭, ૨૯૮)*

**તમને લોકોને જે જે ચીજોનો પણ વાયદો છે તે સર્વ ચીજો મેં મારી આ નમાઝમાં જોઈ લીધી.** જહન્નમ મારી સામે કરવામાં આવી. આ તે સમયની વાત છે જ્યારે તમે લોકોએ મને પાછળ હટતાં જોયો. હું તેની આંચ લાગવાના અંદેશાથી પાછળ હટી આવ્યો હતો.

ત્યાર બાદ જન્નત મારી નજરો સામે કરવામાં આવી. આ તે સમયની વાત છે જ્યારે તમે લોકોએ મને આગળ વધતો જોયો અને મેં હાથ લંબાવીને તેનાં કાંઈક ફળ લેવા ચાહયાં જેથી તમે લોકો પણ તેને જોઈ લો. પછી મારી રાય એ થઈ ગઈ કે એવું ન કરું.

**તમારાથી જે ચીજોનો વાયદો છે તે સર્વ ચીજો મેં મારી આ નમાઝમાં જોઈ લીધી.** આ હદીષોમાં مَامِن شَيْئٍ كُنْتُ لَمْ أَرَهُ તથા مَامِن شَيْئٍ تُوعَدُونَهُ ના શબ્દો એ સર્વ ચીજોને માટે સામાન્ય છે તથા તેમને સમાવે છે જેમને સરકાર ﷺએ પહેલાં કદી ન જોઈ હતી. સાથોસાથ એ સર્વ ચીજો માટે પણ સામાન્ય તથા તેમને સમાવે છે જેમનો બંદાઓથી કિતાબ તથા સુન્નતમાં વાયદો કરવામાં આવ્યો છે અને સરકાર علیہ الصلوٰۃ والسلامને એ સર્વ ચીજોનો મુશાહિદો (દીદાર) પણ કરાવવામાં આવ્યો.

આ ઉમૂમ (સામાન્યપણા)માં કબરની હાલતો, કયામતની હાલતો, હશ્ર નશ્ર, હૌઝે કૌષર જન્નત, જહન્નમ અને દીદારબાઝી પણ સામેલ છે. જેમ કે ઈમામ શમ્સુદીન કિર્માની رحمۃ اللہ علیہ લખે છે : આ હદીષ એ વાતની દલીલ છે કે રસૂલુલ્લાહ ﷺએ એ સ્થળે અલ્લાહ તઆલાની જામેઅ સિફાતવાળી જાતનો પર દીદાર કર્યો, કેમ કે શબ્દ "શય" એને પણ સમાવે છે અને બુદ્ધિ એના સામેલ હોવાથી મના કરનાર નથી અને ઉર્ફે શરઅ એને "શય" (ચીજ)ના ઉમૂમમાં સામેલ ન કરવાનો તકાદો નથી કરતી.

"રૂયત" (દીદાર)નો હકીકી ભાવાર્થ "માથાની આંખોથી જોવું છે" અને ✪ જન્નતી દ્રાક્ષ લેવા માટે હાથ લંબાવવો ✪ એનાથી નજીક થવા માટે આગળ વધવું ✪ અને જહન્નમની આંચથી બચવાના માટે પાછળ હટવું પણ અયન જન્નત તથા અયન જહન્નમના મુશાહિદા (દીદાર)ની દલીલ છે.

સારાંશ કે આ હદીષોથી સાબિત થાય છે કે અલ્લાહ عزوجل تعالیٰએ પોતાના બંદાઓથી જે જે ચીજોનો વાયદો કર્યો છે એ સર્વ ચીજોનો પોતાના મહબૂબ ﷺને મુશાહિદો પણ કરાવી દીધો, એટલા માટે આપ અલ્લાહ તઆલાની અતાથી અગણિત ગયબોના રાઝના જાણનાર તથા ગયબોના જાણનાર છે.

## ★ અલ્લાહે પોતાનો દસ્તે કુદરત પોતાના મહબૂબ ﷺના બે ખભાઓ વચ્ચે રાખીને દરેક ચીજ રોશન કરી આપી ★

**હદીષ–૭** : હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہએ વર્ણવ્યું કે એક સવારે રસૂલુલ્લાહ ﷺ ફજરની નમાઝ માટે (મસ્જિદમાં) આવવાથી રોકાયેલા રહ્યા, ત્યાં સુધી કે એવું લાગતું હતું કે સૂરજ ઉગી નીકળશે. એટલામાં સરકાર ﷺ જલ્દીમાં નીકળ્યા, નમાઝની તકબીર થઈ, તો રસૂલુલ્લાહ ﷺએ ટૂંકાણમાં નમાઝ પઢાવી અને સલામ ફેરવીને એલાન કર્યું કે તમે લોકો સફમાં પોત પોતાની જગાએ બેસેલા રહો. પછી હુઝૂરે અમારી તરફ ચહેરો કરીને ફર્માવ્યું કે :–

"હું રાતે જાગ્યો, વુઝૂ કર્યું અને જે થઈ શકી નમાઝ પઢી પછી મને નમાઝમાં ઊંઘ આવી ગઈ અને

www.barkatekhwaja.net

તબીયત ભારે થઈ ગઈ. એટલામાં મેં મારા રબ તબારક વ તઆલાનો સારી સિફતમાં દીદાર કર્યો. મેં જોયું કે મારા રબે પોતાના દસ્તે કુદરતને મારા બંને ખભાઓ વચ્ચે રાખ્યો જેની ઠંડક મેં મારા સીનામાં મહેસૂસ કરી તો મારા માટે દરેક ચીજ રોશન થઈ ગઈ અને મેં (દરેક ચીજ) ઓળખી લીધી.

ઈમામ અબૂ ઈસા તિર્મિઝી કહે છે કે આ હદીષ હસન સહીહ છે. મેં ઈમામ મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી رحمۃ اللہ علیہથી આ હદીષના બારામાં પૂછયું તો તેમણે ફર્માવ્યું કે આ હદીષ સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, ૨/૧૫૬, અબ્વાબુત્તફસીર, સૂરએ સ્વાદ, મજલિસે બરકાત, મુબારકપુર)*

كُلُّ شيءٍ એટલે "દરેક ચીજ"ના સામાન્યપણામાં આખી સૃષ્ટિ (કાયનાત) સામેલ છે. જેથી આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ કાયનાતે આલમની સર્વ ચીજોનો ઈલ્મ ધરાવે છે અને પહેચાને છે કે આ સર્વ ચીજો હુઝૂરના માટે રોશન છે.

પણ આ સર્વ ચીજો શું સરકાર ﷺની પોતાની જાતથી રોશન છે ? અને આપનો આ અમલ તથા ઈર્ફાન (ઓળખ) જાતી છે ? એવું નથી ! બલ્કે અલ્લાહ ﷻએ પોતાના ખાસ ફઝ્લથી આ એઝાઝ અતા કર્યો કે, "દસ્તે કુદરતને હુઝૂર علیہ الصلوۃ والسلامના સીના મુબારક પર રાખ્યો" અને દરેક ચીજ રોશન (જાહેર) થઈ ગઈ. તો આ ઈલ્મ તથા ઈર્ફાન ખાસ અતિયાએ રબ્બાની (રબનો અર્પણ કરેલ) છે.

## ★ મને પૂર્વ પશ્ચિમની વચ્ચેની સર્વ ચીજોનો ઈલ્મ હાંસલ થઈ ગયો ★

**હદીષ-૮ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, 'મારો રબ ઘણી જ શાને જમાલો ઝૈબાઈની સાથે જાહેર થયો. અને પૂછયું કે, હે મુહમ્મદ ! મલાઈકા મુકર્રબીન (નિકટના ફરિશ્તા) કઈ ચીજના બારામાં બહષ તથા ચર્ચા કરે છે ? મેં કહ્યું, પરવરદિગાર ! મને માલૂમ નથી ! તો અલ્લાહ તઆલાએ પોતાનો દસ્તે કરમ મારા બંને ખભાઓ વચ્ચે રાખ્યો, ત્યાં સુધી કે મેં મારા સીનામાં તેની ઠંડક મહેસૂસ કરી અને મને **"પૂર્વ તથા પશ્ચિમ વચ્ચેની" સર્વ ચીજોનો ઈલ્મ થઈ ગયો.** *(જામેઅ તિર્મિઝી, ૨/૧૫૬, મજલિસે બરકાત)*

ما بَيْنَ المشرقِ والمغرب નો શબ્દ જમીનથી લઈને આસ્માન સુધી જે કાંઈ પણ પૂર્વ તથા પશ્ચિમમાં છે સૌના માટે સામાન્ય છે. કેમ કે ما સામાન્યપણાના શબ્દોથી છે અને المشرِق والمغرب તેના ઈત્લાક્ (લાગુ થવા)ના કારણે જમીન તથા આસ્માન બંનેને સમાવે છે. એનું સમર્થન હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની બીજી રિવાયતથી થાય છે, જેના શબ્દો આ પ્રમાણે છે : فَعَلِمتُ مَا فِي السَّمٰوٰتِ وَمَافِى الأرض "તો મને તે સર્વ કાંઈ માલૂમ થઈ ગયું જે આસ્માનોમાં છે અને જે જમીનોમાં છે."

*(ઉપર મુજબ, પેજ-૧૫૫)*

હદીષે નબવીની આ બંને રિવાયતોથી સાબિત થાય છે કે હુઝૂર દાનાએ ગોયૂબ ﷺને ખુદા તઆલાની ખાસ અતાથી તે સર્વ કાંઈ માલૂમ થઈ ગયું જે આસ્માનોમાં છે અને જે જમીનોમાં છે અને જે બંનેની વચ્ચે પૂર્વ તથા પશ્ચિમની વિશાળતાઓમાં છે.

હઝરત શયખ અબ્દુલ હક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ હદીષના તર્જુમા તથા શરહ (સમજૂતી)માં લખે છે : "મેં જે કાંઈ આસ્માનો તથા જમીનોમાં હતું સર્વ જાણી લીધું." એનાથી મુરાદ એ છે કે આપને સર્વ જુઝવી (શાખાકિય) તથા કુલ્લી ઈલ્મો હાંસલ થઈ ગયા અને આપે એ સર્વને ઘેરી લીધા. *(અશિઅતુલ લમ્આત, ૧/૩૫૭, મક્તબા હબીબિયા, પાક.)*

www.barkatekhwaja.net

### ★ મેં જમીનની પૂર્વ તથા પશ્ચિમ દિશાઓને જોઈ લીધી ★

**હદીષ–૯ :** હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે બેશક ! અલ્લાહે મારા માટે જમીનને સમેટી દીધી, ત્યાં સુધી કે મેં જમીનની પૂર્વ બાજુઓ તથા પશ્ચિમ બાજુઓને જોઈ લીધી. *(સહીહ મુસ્લિમ, ૨/૩૯૦, કિતાબુલ ફિતન, મજલિસે બરકાત)*

કોઈ ચીજને જોવી તેના ઈલ્મનો ઝરીયો હોય છે, જેથી પૂર્વ બાજુઓ અને પશ્ચિમ બાજુઓને જોઈ લેવી એ તે બાબતની દલીલ છે કે આપને પૂર્વ તથા પશ્ચિમની બાજુઓનો ઈલ્મે ગયબ હાંસલ છે. જમીન પોતાની વિશાળતાઓ છતાં સમેટાઈને નિગાહે નબુવ્વત સામે થઈ ગઈ અને તેના ઈલ્મો જે પહેલાં ગાયબ હતા આપના માટે શહાદત બની ગયા. (પહેલાં જાણતા ન હતા હવે જણાઈ ગયા)

### ★ આસ્માનની નાની મોટી વાતો સરકાર صلی اللہ علیہ وسلمએ વર્ણવી આપી ★

**હદીષ–૧૦ :** હઝરત અતા رضی اللہ عنہથી રિવાયત છે કે સહાબીયે રસૂલ હઝરત અબૂ દર્દા رضی اللہ عنہએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અમને એ હાલમાં છોડયા કે આસ્માનમાં કોઈ પક્ષી પાંખો મારનાર એવું નથી જેના વિશે અમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈલ્મ ન આપ્યો હોય. *(મુસ્નદે અબૂ યઅ્લા અલ મૂસ્લી, ૯/૪૬, દારુલ મામૂન લિલ તરાષ, દમિશ્ક)*

આ હદીષને હાફિઝ નૂરુદ્દીન અલી બિન અબૂ બકર હૈષમીએ પોતાની કિતાબ "મજમઉઝ્ ઝવાઈદ"માં નક્લ કરીને લખ્યું કે આ હદીષને ઈમામ તિબ્રાનીએ રિવાયત કરી અને તેના રિજાલ "સહીહ"ના રિજાલ છે. *(મજમઉઝ્ ઝવાઈદ વ મમ્બઈલ ફવાઈદ, ૮/૪૭૨)*

**હદીષ–૧૧ :** હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ ફર્માવે છે કે અમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ હાલમાં છોડીને તશરીફ લઈ ગયા કે હવામાં જે પક્ષી પણ પોતાની પાંખો હલાવે છે એના બારામાં આપે પોતાના ઈલ્મનો ઉલ્લેખ કર્યો. *(અલ મોઅજમુલ કબીર લિલ ઈમામિત્તિબરાની, ૨/૧૫૬, મુસ્નદે અબીઝર ગિફારી, કાહિરા)*

આ હદીષને હાફિઝ નૂરુદ્દીન અલી બિન અબૂ બકર હૈષમીએ મજમઉઝ્ ઝવાઈદમાં વર્ણવીને એવું લખ્યું કે આ હદીષને ઈમામ અહમદ તથા ઈમામ તિબ્રાનીએ રિવાયત કરી છે અને તિબ્રાનીના રિજાલ "સહીહ"ના રિજાલ છે. હા ! મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ યઝીદ મુક્રી સહીહના રિજાલથી નથી, તેમ છતાં ષિક્હ છે.

આ હદીષોથી એ દર્શાવાનો હેતુ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمને નાનામાં નાની ચીજ અને એકે એક જુઝઈ (છૂટક છૂટક) વાતનો ઈલ્મ હતો. –*(ક્રમશઃ)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૦૦ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

www.barkatekhwaja.net

# સાચા ઈબ્રાહીમી કોણ ?!

અઝ : મૌલાના ઝહીર મિસ્બાહી

(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી જંબુસર)

આજકાલ કેટલાક એવા તત્વો તથા ગુમરાહ ભેજાંઓ નીકળેલાં છે જેઓ યહૂદી તથા ઈસાઈને પણ આપણા ભાઈ તથા ઈમાનવાળા (**Believers**) કહીને તેમનાથી ઈમાની ભાઈચારો સાબિત કરવા કોશિશ કરે છે, જેમ કે "મૌલાના તાહિર મિન્હાજી" તેમજ અન્ય સઉદીઓ વિશે પણ જાણવા મળેલ છે. હુઝૂર ﷺના એલાને નબુવ્વત બાદ આપણા નબી ﷺ પર જે ઈમાન નથી લાવ્યા કે ન લાવે તેઓ કદાપિ ઈમાનવાળા (**Believers**) નથી. કેટલાક તેમને ઈબ્રાહીમી કહીને આપણા "ભાઈ ભાઈ" સમજાવવા જાય છે, પણ આવો ! આ લેખમાં એ ગુમરાહીને કુર્આની આયતો તથા હદીષો થકી દૂર કરીને ગુમરાહોની ગુમરાહીથી બચીએ અને સત્યને સમજીએ. *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

## ★ સાચા યહૂદી ઈસાઈ માનતા હતા કે મુહમ્મદી જ સાચા ઈબ્રાહીમી છે ★

જયારે હઝરત જઅફર ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ અને અમુક સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ હબ્શાની તરફ હિજરત કરી અને ત્યાં જ વસવાટ કર્યો અને અલ્લાહના રસૂલ ﷺએ મદીના મુનવ્વરાની તરફ હિજરત કરી અને ત્યાં જંગે બદરનો બનાવ ઉપસ્થિત થયો જેમાં કાફિરોની ભૂંડી હાર થઈ.

તો કુરૈશ દારુન્નદવામાં ભેગા થયા અને મશ્વરો થયો કે બાદશાહ નજાશીના દેશ હબ્શામાં મુહમ્મદ ﷺના જે સહાબીઓ વસે છે તેમનાથી બદરમાં આપણા કત્લ થનારાઓનો બદલો આપણે લઈ શકીએ છીએ, તો માલ જમા કરો જેથી તે નજાશીને પેશ કરવામાં આવે અને તે આપણી કૌમના બંદાઓને આપણા હવાલે કરી આપે જેમને આપણે બદરના કત્લ થનારાઓના બદલામાં કત્લ કરી દઈએ.

તમારામાંના સલાહકાર બંદાઓમાંથી બે હોશિયાર બંદાઓને તૈયાર કરો ! તો પછી તેમણે અમ્ર ઈબ્ને આસ તથા અમ્મારા બિન વલીદને કપડાં વગેરેના તોહફા ભેટો લઈને મોકલ્યા. તો તેઓ દરિયાઈ માર્ગે થઈને હબ્શા પહોંચ્યા, પછી જ્યારે નજાશીની પાસે પહોંચ્યા તો તેને સજદો કર્યો, સલામ કરી અને તેને કહ્યું, અમારી કૌમ આપની શુભેચ્છક તથા આભારી છે અને આપનાથી ફસાદ (ઝઘડો) દૂર કરવા ચાહે છે એટલા માટે એમણે અમને આપની પાસે મોકલ્યા છે જેથી કરીને અમે લોકો તમને તે લોકોના ખતરાથી માહિતગાર કરીએ જેઓ આપની પાસે આવેલા છે. કેમ કે એ લોકો એક જૂઠા શખ્સને માનનારા છે જે અમારી દરમિયાન જાહેર થયેલો છે, જેનું ગુમાન છે કે તે અલ્લાહનો રસૂલ છે અને અમારામાંથી એની પયરવી (અનુસરણ) મૂર્ખ લોકો જ કરે છે. અમે એમના પર દરેક મામલાને તંગ કરી આપ્યો અને તેમને અમારી જમીન પરની એક ઘાટીમાં ધકેલી આપ્યા હતા. ન એમની પાસે કોઈ જતુ ન એમનામાંથી કોઈ બહાર નીકળતુ. ભૂખ તરસે તેમને તબાહ કરી દીધા તો જ્યારે મામલો એમના પર સખત થઈ ગયો તો તેમના કાકાના પુત્રએ તમારી તરફ એમને મોકલી દીધા કે જેથી તે તમારા દીન તથા તમારા દેશમાં ફસાદ પેદા કરે. આપ એમનાથી સાવધાન રહેશો અને એમને અમારી સાથે કરી દો જેથી અમે એમને તમારા તરફથી કિફાયત કરીએ એટલે ખતમ કરી દઈએ. તે બંનેવે નજાશીને કહ્યું કે

તેમની પહેચાન એ છે કે જ્યારે તેઓ આપની પાસે આવશે તો આપને સિજદો નહીં કરે અને આપને એ સલામી પણ પેશ નહીં કરે જેવી રીતે લોકો આપને પેશ કરે છે, કેમ કે તેઓ આપના દીન તથા આપના તરીકાને નથી માનતા.

પછી જ્યારે નજાશીએ તેમને બોલાવ્યા તો તેઓ હાજર થયા એ વખતે હઝરત જઅફર رضی اللہ عنہ એ દરવાજેથી જ મોટા અવાજે કહ્યું, અલ્લાહનો ગિરોહ આપથી ઈજાઝત માગી રહેલ છે. તો નજાશીએ કહ્યું, આ અવાજ આપનારને કહો કે ફરીથી એ જ શબ્દો દોહરાવે. તો હઝરત જઅફર رضی اللہ عنہ એ ફરી એ અવાજ દોહરાવ્યો, તો નજાશીએ કહ્યું, હા ! અલ્લાહની અમાન અને એના જિમ્માની સાથે આવી જાવ ! તો અમ્ર ઈબ્ને આસે પોતાના દોસ્તની તરફ જોઈને કહ્યું કે શું તમે સાંભળતા નથી આ લોકો કેવી રીતે પોતે પોતાને "હિઝબુલ્લાહ" કહે છે, અને નજાશીએ જવાબ પણ કેવો આપ્યો ! એ બંનેને બુરુ લાગ્યું.

પછી જ્યારે એ લોકો બાદશાહ પાસે આવ્યા તો તેને સજદો ન કર્યો. તેના પર અમ્ર બિન આસે કહ્યું, બાદશાહ સલામત ! આપ જુઓ તો ખરા કે આ લોકો આપને સજદો કરવાથી ઘમંડ કરે છે. તો નજાશીએ તેમને પૂછયું કે, તમે મને સિજદો કેમ ન કર્યો ? અને મારી પાસે બહારથી આવનારા લોકો જેવી રીતે સલામી પેશ કરે છે તેવી સલામી તમે કેમ પેશ ન કરી ? તો મુસલમાનોએ કહ્યું, અમે સિજદો તે અલ્લાહને કરીએ છીએ જેણે તમને પેદા કર્યા અને તમારો મુલ્ક પેદા કર્યો. અને એ સલામી અમે એ વખતે પેશ કરતા હતા જ્યારે અમો મૂર્તિઓને પૂજતા હતા. પછી અલ્લાહે અમારામાં એક સાચા નબીને મોકલ્યા જેમણે અમને એ સલામીનો હુકમ આપ્યો જેનાથી અલ્લાહ રાજી છે અને તે જ જન્નતીઓની સલામી છે, અને તે સલામ છે. તો નજાશી પર સ્પષ્ટ થઈ ગયું કે આ હક્ક્ છે, કેમ કે એ જ તૌરાત તથા ઈન્જીલમાં લખેલું છે.

તેણે કહ્યું, તમારામાં અવાજ આપનારો કોણ છે જેણે કહ્યું હતું કે અલ્લાહના લશ્કરને ઈજાઝત છે ? તો હઝરત જઅફરે ફર્માવ્યું, એ હું છું ! નજાશીએ કહ્યું, આપ વાત કરો. હઝરત જઅફર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે આપ જમીનના બાદશાહોમાંથી એક બાદશાહ અને અહલે કિતાબમાંથી છો. આપની બારગાહમાં વધુ વાતો કરવી યોગ્ય નથી. અને હું એ ચાહું છું કે અમારા વિરોધી સાથીઓના બારામાં જવાબ આપું. તો આપ એ બંનેવને કહો કે એ બંનેમાંથી કોઈ એક વાત કરે, બીજો ચૂપ રહે, પછી આપ અમારી વાતચીત સાંભળો.

પછી ઉમર બિન આસે હઝરત જઅફરને કહ્યું, આપ વાત કરો. તો હઝરત જઅફરે નજાસીને કહ્યું, એ બંનેને પૂછો કે અમે ગુલામ છીએ કે આઝાદ ? જો અમે ગુલામ છીએ અને માલિકથી ભાગીને આવ્યા છીએ તો આપ અમને જરૂર તેમની પાસે પરત કરી દો. તો નજાસીએ કહ્યું, બતાવો કે આ લોકો ગુલામ છે કે આઝાદ ? તો અમ્ર બિન આસે કહ્યું કે ઈજ્જતવાળા આઝાદ છે. નજાસીએ કહ્યું કે ગુલામીથી તમે નજાત પામી ગયા. પછી હઝરત જઅફરે કહ્યું, એ બંનેને પૂછો કે શું અમે કોઈનું નાહક્ક્ લોહી વહાવ્યું છે કે અમારાથી ક઼ેસાસ લેવો જોઈએ ? નજાશીએ કહ્યું જો કિ઼ન્તા઼ર (ખૂબ જ વધુ) પણ હશે તો તેની અદાયગી મારા પર છે. અમ્ર ઈબ્ને આસે કહ્યું કે કિ઼ન્તા઼ર તો શું કિ઼રાત (એક હલકુ વજન) પણ નથી. તો નજાશીએ કહ્યું કે તો પછી તમે એ લોકોથી શું ચાહો છો ? તો અમ્ર ઈબ્ને આસે કહ્યું, અમે તથા તેઓ એક જ દીન પર હતા અને તે અમારા બાપદાદાનો દીન હતો. એ લોકોએ એને છોડી આપ્યો અને બીજો દીન શોધી કાઢયો છે, તો એમની કૌ઼મે જ અમને આપની પાસે મોકલ્યા છે જેથી આપ એમને તેમની કૌ઼મની પાસે પાછા મોકલી આપો.

નજાશીએ કહ્યું, એ દીન કયો હતો જેના પર

www.barkatekhwaja.net

તમે હતા ? અને એ દીન કેવો છે જેનું તમે અનુસરણ કરી રહ્યા છો ? સાચુ સાચુ બતાવો ! હઝરત જઅફરે ફર્માવ્યું, એ દીન જેના પર અમે હતા તે શૈતાનનો દીન હતો, જેથી અમે એને છોડી ચૂક્યા છીએ. એ દીનમાં અમે અલ્લાહ તઆલાનો ઈન્કાર કરતા હતા અને પથ્થરોની પૂજા કરતા હતા. અને તે દીન જે અમે હવે અપનાવેલો છે તે અલ્લાહ તઆલાનો દીન ઈસ્લામ છે જે દીનને અલ્લાહ તઆલાની બારગાહથી એક નબી લાવ્યા છે અને કિતાબ પણ લાવ્યા છે. હઝરત ઈસા علیہ السلامની કિતાબની જેમ, જે કિતાબમાં હઝરત ઈસા علیہ السلامની મુવાફિક઼ત (સમર્થન) છે. તો નજાશીએ કહ્યું, હે જઅફર ! તમે તો એક ઘણી જ જબદસ્ત વાત સંભળાવી છે ! થોડીવાર થોભો ! પછી નજાશીએ શંખ વગાડવાનો હુકમ આપ્યો તો સર્વ ઈસાઈ આલિમ રાહિબ ભેગા થઈ ગયા.

પછી જ્યારે સૌ નજાશી પાસે ભેગા થઈ ગયા તો નજાશીએ કહ્યું, તમને એ અલ્લાહની ક઼સમ ! જેણે હઝરત ઈસા પર ઈન્જીલ નાઝિલ કરી, શું તમે ઈન્જીલમાં જોયું છે કે હઝરત ઈસા અને ક઼યામત દરમિયાન કોઈ નબી મુરસલ આવનાર છે ? તો એ સૌએ એકી અવાજે કહ્યું, હા ! હઝરત ઈસા علیہ السلامએ એક નબી આવવાની બશારત આપી છે અને એ પણ હઝરત ઈસા علیہ السلامએ ફર્માવ્યું છે કે જે એમના પર ઈમાન લાવ્યો તો હક઼ીક઼તમાં મારા પર ઈમાન લાવ્યો, અને જેણે એનો ઈન્કાર કર્યો, હક઼ીક઼તમાં તેણે મારો ઈન્કાર કર્યો.

નજાશીએ હઝરત જઅફરને પૂછયું, એ જે નબી બનીને આવ્યા છે તે તમને શું કહે છે ? કઈ ચીજનો હુકમ આપે છે ? અને કઈ ચીજથી રોકે છે ? હઝરત જઅફરે ફર્માવ્યું, એ નબી અમારી સામે અલ્લાહની કિતાબ પઢે છે, ભલાઈનો હુકમ આપે છે, બુરાઈથી રોકે છે, પડોશીની સાથે સદ્‌વર્તાવનો હુકમ આપે છે, સગાં સાથે સદ્‌વર્તાવ અને યતીમો સાથે સારા વર્તાવનો હુકમ આપે છે. તે અમને કેવળ અલ્લાહની ઈબાદતનો હુકમ આપે છે. નજાશીએ કહ્યું, મારી સામે તે પઢો જે તે નબી તમારી સામે પઢે છે. તો હઝરત જઅફરે સૌની સામે સૂરએ અન્કબૂત, સૂરએ રોમની તિલાવત કરી. નજાશી તથા તેના સાથીઓની આંખો એ સાંભળીને અશ્રુમય થઈ ગઈ અને તેમણે કહ્યું, હે જઅફર ! એ કલામ અધિક વધુ સંભળાવો ! હઝરત જઅફરે સૂરએ કહફની તિલાવત કરી.

પછી અમ્ર ઈબ્ને આસે નજાશીને ગુસ્સો અપાવવા કહ્યું કે આ લોકો તો હઝરત ઈસા علیہ السلام અને તેમનાં માને ગાળો આપે છે ! તો નજાશીએ કહ્યું કે તમે હઝરત ઈસા علیہ السلام અને તેમનાં માના વિશે શું કહો છો ? તો હઝરત જઅફર رضی اللہ عنہએ તેમની રૂબરૂ સૂરએ મરયમની તિલાવત કરી. અને જ્યારે હઝરત જઅફર رضی اللہ عنہ હઝરત મરયમ અને હઝરત ઈસા علیہ السلامના ઝિક્ર પર પહોંચ્યા તો નજાશીએ પોતાની મિસ્વાકનું એક તણખલુ ઉઠાવ્યું અને કહ્યું, ખુદાની ક઼સમ ! જે કાંઈ તમે બતાવ્યું એનાથી મસીહ علیہ السلام આટલા પણ વધારે નથી.

પછી નજાશી હઝરત જઅફર અને તેમના સાથીઓની તરફ ધ્યાનિત થઈને બોલ્યો, જાવ ! તમે મારી જમીન પર જ્યાં ચાહો વસો ! તમે મામૂન છો ! જેણે તમને ગાળ આપી કે તકલીફ આપી તેમનાથી જુર્માનો લેવામાં આવશે.

પછી નજાશીએ કહ્યું, ઈબ્રાહીમી લોકોને ખુશખબર થાય ! આજથી જ્યાં સુધી ચાહો કશાય ડર તથા ભય વિના મારી ભૂમિ પર આબાદ રહો. અમ્ર બિન આસે કહ્યું, હે નજાશી ! ઈબ્રાહીમી લોકો તમે કોને કહ્યું ? નજાશીએ કહ્યું, **બરાહીમી લોકો આ જ મુસલમાનો છે અને તેમના એ નબી બરાહીમી છે જેમની પાસેથી તેઓ આવ્યા છે,** વધુ પેજ ૨૨ પર..

અંબિયાએ કિરામ શારીરિક હયાત સાથે ઝિંદા છે

# આપણા નબી હયાતુન્નબી ﷺ

અઝ : હઝરત મૌલાના શફીઅ ઓકાળવી رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

હઝરત સૈયદે આલમ ﷺના સરાપા અક્દસના હાલાત તથા કમાલાત તથા ખાસ કરીને મોજિઝાઓ વિશે વાંચતા પહેલાં એ જાણી લો કે સર્વ અંબિયાએ કિરામ ખાસ કરીને આપણા નબી કરીમ, રહ્‌મતુલલિલ્આલમીન, શફીઉલ મુઝનબીન ﷺ હક઼ીક઼ી તથા જિસ્માની (શારીરિક) હયાતની સાથે ઝિંદા છે, નમાઝો પઢે છે અને અફઆલે મુબારક (કામો) કરે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَمَآ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ "અને અમે તમને ન મોકલ્યા પણ રહમત સર્વ આલમોના માટે." (સૂ. અંબિયા, ૨૧/૧૦૭, કન્ઝુલ ઈમાન) તફસીરે રૂહુલ મઆનીમાં છે : "અને નબી કરીમ ﷺનું સર્વ આલમો માટે રહમત હોવું એ એતબારથી છે કે દરેક અસ્તિત્વવાળી ચીજો પર તેમની ક઼ાબેલિયતો મુજબ અલ્લાહના ફયઝનો વાસ્તો છે અને એટલા માટે આપનું નૂર મખ્લૂક઼માં સૌથી પ્રથમ છે, કેમ કે હદીષમાં આવ્યું છે, "હે જાબિર ! અલ્લાહ તઆલાએ તારા નબીનું નૂર સૌ પ્રથમ પેદા કર્યું છે." બીજી હદીષમાં આવ્યું છે કે, "અલ્લાહ તઆલા આપનાર છે અને હું વહેંચનાર છું."

## ★ હુઝૂર ﷺ આલમોની દરેક વ્યક્તિ માટે રહમત છે ★

આ જ રૂહુલ બયાનના લેખક આગળ જતાં લખે છે : "અને મારી નજીક પસંદીદા મસ્લક એ છે કે નબી કરીમ ﷺ આલમોના દરેકે દરેક વ્યક્તિ માટે રહમત બનાવીને મોકલવામાં આવ્યા છે. ફરિશ્તા, ઈન્સાનો અને જિન્નાત સૌના માટે રહમત છે. અને આ બાબતમાં જિન તથા માનવી, કાફિર તથા મો'મિન વચ્ચે કોઈ ફરક નથી. અને દરેકના માટે અલગ અલગ અને વિવિધ પ્રકાર ધરાવે છે." *(રૂહુલ મઆની, પારા–૧૭, પેજ–૯૭)*

વિરોધીઓના પેશવા મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી પણ કહે છે : રસૂલુલ્લાહ ﷺ મુહક્ક઼િક઼ોની નજીક સર્વ ફયઝોનો વસીલો તથા સર્વ આલમની પ્રગતિ માટે વાસ્તો છે." *(આબે હયાત, પેજ–૧૭૬)*

ઉપરોક્ત આયત તથા તેની તફસીરના લખાણોથી સાબિત થયું કે હુઝૂર ﷺ સર્વ આલમોની દરેકે દરેક વ્યક્તિ (ચીજ) માટે રહમત અને તમામ આલમે મુમ્કિનાતના માટે દરેક પ્રકારના ફયઝો તથા બરકતોનો ઝરીયો તથા વસીલો છે. એટલે કે જેવી રીતે મૂળ આખા ઝાડની સર્વ ડાળીઓની તાજગી તથા તેના ખીલવા માટેનો સબબ હોય છે, એ જ પ્રમાણે આપ ﷺ સર્વ આલમીન (જહાનો)ના માટે દરેક પ્રકારના ફયઝો (લાભો)નો સબબ છે. તો શું એવું થઈ શકે છે કે મૂળ સૂકાય જાય, મુડદા થઈ જાય અને ડાળીઓ જીવંત તથા લીલીછમ રહે ? જ્યારે એ નથી થઈ શકતુ તો એ પણ નથી થઈ શકતુ કે જેમની પવિત્ર જાત સર્વ જહાનના માટે રહમત અને અસ્લલ ઉસૂલ (આલમોના પેદા કરવાનો મૂળ હેતુ) છે તે મુડદા થઈ જાય અને જહાન ઝિંદા રહે ?! જેથી સાબિત થયું કે આપ ઝિંદા અને સર્વ જહાનની જિંદગીનો વાસ્તો તથા વસીલો છે.

www.barkatekhwaja.net

વો જો ન થે તો કુછ ન થા
વો જો ન હોં તો કુછ ન હો

જાન હૈં વો જહાન કી
જાન હૈ તો જહાન હૈ

*(આ'લા હઝરત)*

## ★ ખુદાની રાહમાં માર્યા જનારને ન મુર્દા કહો ન મુર્દા ધારો ! ★

અલ્લાહ તઆલા ફર્માવે છે : "અને જેઓ ખુદાની રાહમાં માર્યા જાય તેમને મુર્દા ન કહો, બલ્કે તેઓ ઝિંદા છે, હા ! તમને ખબર નથી." (સૂ. બક્રહ, ૨/૧૫૪) અને ફર્માવે છે : "અને જેઓ અલ્લાહની રાહમાં માર્યા ગયા કદાપિ તેમને મુર્દા ન ધારશો બલ્કે તેઓ ઝિંદા છે પોતાના રબની પાસે, રોજી પામે છે. ખુશ છે એના પર જે અલ્લાહે તેમને પોતાના ફઝ્લથી આપ્યું અને ખુશીઓ મનાવી રહ્યા છે પોતાના પાછલાઓની જે હજી તેમનાથી નથી મળ્યા કે તેમના પર ન કાંઈ ભય છે ન કાંઈ ગમ." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૬૯, ૧૭૦, કન્ઝુલ ઈમાન)*

આ બંને આયતોથી સ્પષ્ટપણે સાબિત થયું કે શહીદો ઝિંદા છે ન તેમને જીભ વડે મુર્દા કહેવું જોઈએ અને ન તેમને દિલમાં મુર્દા ગુમાન કરવું જોઈએ. તેમની જિંદગીની કૈફિયત તથા હક્રીક્ત આપણે આપણી બુધ્ધિથી નથી સમજી શકતા. જેથી આ જ અલ્લાહના કલામ પર ઈમાન રાખીને એ અક્રીદો રાખવો જોઈએ કે તેઓ ઝિંદા છે, ખાય પીએ છે, અને અલ્લાહ તઆલાના ફઝ્લ તથા ઈનામ પર ખુશીઓ મનાવે છે. જો આપણે તેમની હયાતનો ઈન્કાર કરીશું અથવા તાવીલો (અર્થઘટનો) કરીશું તો આપણી જેહાલત તથા મૂર્ખાઈ અને અલ્લાહના કલામ પર ઈમાન તથા યક્રીન ન હોવાની ઉઘાડી દલીલ બનશે. કેમ કે હયાતનો સહીહ તથા હક્રીક્રી ભાવાર્થ તે ન થશે જે આપણી અપૂર્ણ બુધ્ધિ તથા સીમિત સમજે સમજ્યો છે, બલ્કે તે થશે જે હયાતના ખાલિક્રે પોતાના સાફ તથા સ્પષ્ટ એલાન થકી ઠરાવેલ છે. જ્યારે શહીદોની જિંદગી કુર્આને પાકની નસ (આયતોની દલીલ)થી સાબિત છે, તો અંબિયાએ કિરામ તથા ઉમ્મતના સિદ્દીક્રોની જિંદગીમાં કેવી રીતે શંકા કરી શકાય છે ?! જેઓ એકમતીએ દરજા તથા મર્તબામાં શહીદોથી ઉચ્ચ તથા વધીને છે. જેમ કે :

## ★ અંબિયાએ કિરામ દરજા તથા મર્તબામાંથી શહીદોથી વધીને છે ★

આ આયતો હેઠળ ગિઝાલીએ દૌરાં, અલામતુદ્દહર હઝરત મૌલાના સૈયદ અહમદ સઈદ કાઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : જાહેરી રીતે આ આયતે કરીમા શહીદો (ગૈર નબીઓ)ની હયાત પર દલીલો પૂરી પાડે છે, પરંતુ હક્રીકતમાં અંબિયા علیہم السلام ખાસ કરીને નબી કરીમ صلی اللہ علیہ وسلم એમાં સામેલ છે, એટલા માટે કે દલીલો તથા બનાવોની રોશનીમાં એ હક્રીક્ત ઈન્કારને પાત્ર નથી કે સર્વ અંબિયા علیہم السلام શહીદ છે, અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ દુનિયામાં શહાદતનો દરજો પામ્યો અને لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللهِ (જેઓ અલ્લાહની રાહમાં શહીદ થયા)ના સામાન્યપણામાં વિના શંકાએ આપ સામેલ છે. આ ટૂંકાણની વિગત એ છે કે يقتل ક્રત્લથી માખૂઝ છે, અને ક્રત્લનો અર્થ છે અમાતત, મારી નાખવું. કત્લ તથા મારી નાખવાના અર્થમાં એક બારીક ફરક છે જેને ધ્યાનમાં રાખવો જરૂરી છે. ઈમામ રાગિબ અસ્ફહાની ક્રત્લનો અર્થ વર્ણવતાં આ ફરકને જાહેર કરે છે. મુફર્રદાતે રાગિબમાં છે : (ક્રત્લ) ક્રત્લનો મૂળ અર્થ શરીરથી રૂહને દૂર કરવું છે, જેમ કે મૌત. પરંતુ જ્યારે મુતવલ્લી અને મુતસર્રફ ઈઝાલાના ફેઅલનો એતબાર કરવામાં આવે તો ક્રત્લ કહેવામાં આવશે

www.barkatekhwaja.net

અને જ્યારે ફૌતે હયાત (હયાતના નાશ)નો એતબાર કરવામાં આવે તો મૌત કહેવામાં આવશે. ક઼ત્લ કેમ કે ફાઈલ (કર્તા)નો ફેઅલ (કાર્ય) મોઅતબર હોય છે અને ફેઅલનો અખત્યાર અબ્દના માટે પણ હાંસલ છે એટલા માટે ક઼ત્લની અસ્નાદ અબ્દની તરફ સહીહ છે, અને અબ્દને ક઼ાતિબ કહી શકાય છે, અમાતત (નાશ થવું) ની વિરૂધ્ધ કે એમાં મઝકૂર ફેઅલ મોઅતબર નથી બલ્કે હયાતના ફૌત (નષ્ટ થવા)નો એતબાર છે. અને અબ્દનો એતબાર ફેઅલથી આગળ વધીને હયાતને નાબૂદ (ફૌત) કરવા સુધી નથી પહોંચતો. બંદો કેવળ એટલુ કરી શકે છે કે પોતાના તરફથી કોઈ ફેઅલ વાકેઅ્ (લાગુ) કરી દે, દા.ત. કોઈને તલ્વાર મારી દે અથવા ઝહેર ખવડાવી દે, અથવા કોઈના શરીરના ટુકડા કરી દે, પણ તેના શરીરથી હયાતને દૂર કરવું બંદાના અધિકારમાં નથી. એ કેવળ અલ્લાહ તઆલાની કુદરતથી સંબંધિત છે એટલા માટે બંદો ક઼ાતિલ હોય શકે છે, મૌત આપનાર (મુમીત) નથી થઈ શકતો. હયાતનું નષ્ટ થવું ખુદાની કુદરતથી જ સંબંધિત છે. એટલા માટે અમાતત (નષ્ટ કરવુ)ની અસ્નાદ કેવળ અલ્લાહ તઆલાની તરફ થઈ શકે છે, હયાતને દૂર કરવું કેવળ અલ્લાહ તઆલાનો ફેઅલ છે, અને મૃત્યુ આપનાર એના સિવાય કોઈ નથી.

અમારા આ વર્ણનથી વાંચકોના દિમાગમાં એક શંકા પેદા થઈ ગઈ હશે કે હુઝૂર ﷺનું من يقتلના સામાન્યપણામાં સામેલ થવું وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ની વિરૂધ્ધ છે. કેમ કે જ્યારે અલ્લાહ તઆલા તેમની પવિત્ર જાનને લોકોથી બચાવવાનો વાયદો કરી ચૂક્યો તો હવે તેમને કેવી રીતે ક઼ત્લ કરી શકાય છે ? અને ક઼ત્લ થયા વિના من يقتلમાં આપનું સામેલ થવું શક્ય નથી.

એના હલની તરફ અમે પહેલાં નિર્દેશ કરી ચૂક્યા છીએ કે ક઼ત્લમાં ફેઅલ ફાઈલ (કર્મ, કર્તા)નો એતબાર થાય છે અને અમાતત (મૌત આપવા)માં હયાતને નષ્ટ થવાનો. એની વિગત એ છે કે અલ્લાહના વાયદાના શબ્દો છે : وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ એમાં ન ક઼ત્લનો શબ્દ છે ન મૌતનો. આ વાયદાનો ખુલાસો એ છે કે **લોકોના મારી નાખવાથી અલ્લાહ તઆલા આપને બચાવશે. એટલે આપની પવિત્ર જાતના માટે કોઈ એવું કામ ન કરી શકશે જેનાથી તરત જ આપનુ મૃત્યુ થઈ જાય.** જેમ કે અલ્લાહ તઆલાનો વાયદો પૂરો થયો અને કોઈ શખ્સે આપને મારી નાખવાની શક્તિ ન પામી.

રહી એ બાબત કે من يقتلના સામાન્યપણામાં હુઝૂર ﷺ કેવી રીતે સામેલ છે ? તો એનો જવાબ એ છે કે ક઼ત્લથી મુરાદ એ ફેઅલ (કાર્ય) છે જે હયાતના ખતમ થવાનો સબબ બની જાય. ક઼ત્લના ફેઅલ (અમલ)નું હયાતના મૌતનો સબબ બે રીતે થાય છે : એક આદતન, બીજુ ખારિક લિલ આદત. ક઼ત્લના આદતન ફેઅલ (અમલ)થી તાત્કાલિક (તુરત) જ હયાત નષ્ટ થઈ જાય છે. અને ખારિક઼ે આદતની રીતે તુરત જ હયાત નષ્ટ નથી થતી બલ્કે એક લાંબી મુદ્દત બાદ જ તેનું મૌતનો સબબ હોવું જાહેર થઈ શકે છે.

અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ ﷺને પ્રથમ પ્રકારની ક઼ત્લ (ઝેરથી તુરત જ મૃત્યુ)થી બચાવીને પોતાના વાયદાને પૂરો કરી આપ્યો અને બીજા પ્રકારના ક઼ત્લનો ફેઅલ આપના માટે હિકમતના આધાર પર મુતહક્ક઼ક઼ (નિશ્ચિત) કરી દીધો. જેથી આપ ﷺ من يقتلના સામાન્યપણામાં સામેલ થઈને શહાદતનો મર્તબો પામે અને કોઈ બેદીનના માટે આપને મુર્દા કહીને નબીના હયાતના ઈન્કારની મજાલ બાકી ન રહે. અમારા આ દાવાની દલીલ બુખારી તથા ઈમામ બયહક઼ીની તે દલીલ છે જે

www.barkatekhwaja.net

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہએ પોતાની મશહૂર કિતાબ "અંબાઉલ અઝકિયા બહયાતિલ અંબિયા"માં નક઼લ કરી છે :

## ★ આપણા નબીએ શહાદતની વફાત પામી ★

"ઈમામ બુખારી તથા ઈમામ બયહક઼ીએ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાના વિસાલ વેળાની બીમારીમાં ફર્માવતા હતા કે મેં ખૈબરમાં જે ઝહેર મિશ્રિત કોળિયો ખાધો હતો તેની તકલીફ હું હમેશાં મેહસૂસ કરતો રહ્યો છું. તો હવે એ સમય આવી પહોંચ્યો કે એ જ ઝહેરની અસરથી મારી જાનની રગ કપાય જાય. *(અંબાઉલ અઝકિયા, પેજ–૧૪૯)*

તેમજ ઈમામ ઝુર્કાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અને બેશક ! એ વાત સાબિત થઈ ગઈ છે કે આપણા નબી صلی اللہ علیہ وسلمએ શહાદતની વફાત પામી એટલા માટે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ખૈબરના દિવસે એવી ઝહેર મિલાવેલી બકરીના ગોશતનો એક કોળિયો ખાધો જેનું ઝહેર એવું ક઼ાતિલ હતું કે એને ખાવાથી એ જ વખતે તુરત જ મૌત આવી જાય. ત્યાં સુધી કે એ ઝહેરની અસરથી હુઝૂર صلی اللہ علیہ وسلمના એક સહાબી બુશ્ર બિન બરાર બિન મઅરૂર رضی اللہ عنہ એ જ વખતે મૃત્યુ પામ્યા અને આપ صلی اللہ علیہ وسلمનું બાકી રહેવું મોજિઝો બની ગયો. એ ઝહેર આપને મોટાભાગે તકલીફ આપતુ રહેતુ હતું ત્યાં સુધી કે એની જ અસરથી આપની વફાત થઈ. *(ઝુર્કાની, ૮/૩૧૩)*

બુખારી, બયહક઼ી, સિયૂતી, તથા ઝુર્કાનીની આ રજૂ કરેલી રિવાયતોથી અમારો દાવો સારી રીતે સાબિત થઈ ગયો કે હુઝૂર صلی اللہ علیہ وسلمને ક઼ત્લ કરવા માટે ઝહેર આપવામાં આવ્યું હતું અને એ ઝહેરથી આપનું મૃત્યુ થયું, જો કે ઝહેર આપવામાં અને મૃત્યુ થવામાં ત્રણ વરસનો ગાળો હતો, પરંતું વફાત શરીફ એ જ ઝહેર આપવાના કૃત્યથી અસ્તિત્વમાં આવી. અને ત્રણ વરસો સુધી હુઝૂર صلی اللہ علیہ وسلمનું બાકી રહેવું ઝહેર આપવામાં તથા એ ક઼ત્લના કૃત્યની કમજોરીના લીધે ન હતું બલ્કે સામાન્ય નિયમ વિરૂધ્ધ (ખર્કે આદત) અને હુઝૂર صلی اللہ علیہ وسلمના મોજિઝારૂપે હતું. જેવું અમે નકલ કરેલ લખાણોમાં સાબિત કરી ચૂક્યા છીએ. ઈમામ જલાલુદ્દીન સિયૂતી "અંબાઉલ અઝકિયા ફી હયાતિલ અંબિયા"માં ફર્માવે છે :

"અહમદ, અબૂ યઅ્લા, તિબ્રાની અને મુસ્તદરકમાં હાકિમે અને દલાઈલે નબુવ્વતમાં બયહક઼ીએ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે જો હું નવ વખત ક઼સમ ખાઈને એવું કહી આપું કે હુઝૂર صلی اللہ علیہ وسلم ક઼ત્લ કરવામાં આવ્યા તો એ મને એના કરતાં અધિક પસંદ છે કે એકવાર પણ ક઼સમ ખાઈને એવું કહું કે હુઝૂર صلی اللہ علیہ وسلم ક઼ત્લ કરવામાં આવ્યા નથી. અને એ એના કારણે છે કે અલ્લાહ તઆલાએ નબી કરીમ صلی اللہ علیہ وسلمને નબી પણ બનાવ્યા અને શહીદ પણ.

*(અંબાઉલ અઝકિયા, પેજ–૧૪૮)*

અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની રિવાયતથી જાહેર થઈ ગયું કે નબી કરીમ صلی اللہ علیہ وسلم لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِના સામાન્યપણામાં સામેલ છે. એ કારણે હુઝૂર صلی اللہ علیہ وسلمનું ઝિંદા હોવું નસ્સે ક઼તઈ (કુર્આની આયત)થી સાબિત છે.

તદ્ ઉપરાંત એ કે અલ્લાહ તઆલાએ ઈનામ પામનારાઓના ચાર ગિરોહ કુર્આને કરીમમાં વર્ણવેલા છે : નબીઓ, સિદ્દીકો, શહીદો તથા સાલેહ લોકો. અને દરેક નેઅમતનું મૂળ નબી કરીમ صلی اللہ علیہ وسلمની જાતે પાક છે. જેવું કે અગાઉ વર્ણવેલ વિગતથી માલૂમ થઈ ચૂક્યું. નબુવ્વત, સિદ્દીક઼િયત તથા સાલેહિયતના અવસાફ (ગુણો, ખૂબીઓ)નું હુઝૂર صلی اللہ علیہ وسلمની પાક

જાતમાં હોવું તો સૌની નજીક કૃતઈ તૌર પર સાબિત છે. હવે જો શહીદ હોવાનો ગુણ (ખૂબી) હુઝૂર ﷺ માટે (અમારી વર્ણવેલ દલીલોની રોશનીમાં) સ્વીકારવામાં ન આવે તો હુઝૂર ﷺની પાક જાત શહાદતના કમાલથી વંચિત રહેશે, જે હુઝૂર ﷺના "રહમતુલ લિલ આલમીન" હોવા અને સર્વ આ'લા કમાલો તથા ઈનામોના માટે હુઝૂર ﷺના અસલ (મૂળ) હોવાની વિરૂધ્ધ છે, જે તદ્દન બાતિલ તથા દલીલોની રોશનીમાં મરદૂદ છે. જેથી માનવું પડશે કે નબુવ્વત તથા સિદ્દીકિયત તથા સાલેહિયતની જેમ શહાદતની ખૂબી પણ હુઝૂર ﷺની પવિત્ર જાતમાં વિના શંકાએ જોવા મળે છે.

*(અસ્સઈદ, હયાતુન્નબી નંબર, પેજ-૧૨)*

## ★ અંબિયા હયાતમાં શહીદોથી અગ્ર સ્થાને છે ★

અલ્લામા કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અંબિયાની હયાત શહીદોની હયાત કરતાં મજબૂત અને ઝહૂરમાં ખૂબ જ અધિક વધીને છે, ત્યાં સુધી કે નબી ﷺની અઝવાજે મુતહહરાત (પાક બીવીઓ, ઉમ્મતની માઓ)ની સાથે આપ ﷺની વફાત બાદ નિકાહ જાઈઝ નથી, શહીદોથી વિરૂધ્ધ કે તેમની પત્નીઓ સાથે નિકાહ જાઈઝ છે. એ જ પ્રમાણે સિદ્દીકો પણ શહીદોની હયાત કરતાં આ'લા દરજામાં છે, અને સાલેહીન એટલે અવલિયાએ કિરામ શહીદોથી ઓછા છે. પરંતુ તેમની સાથે જોડાયેલા છે, જેમ કે અલ્લાહ તઆલાના ઈર્શાદનો ક્રમ એના માટે દલીલ પૂરી પાડે છે કે ફર્માવ્યું :-

مِنَ النَّبِيِّينَ وَالصِّدِّيقِينَ وَالشُّهَدَاءِ وَالصَّالِحِينَ

*(તફસીરે મઝહરી, ૧/૧૫૨)*

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અંબિયાએ કિરામ હયાતમાં શહીદોથી અગ્રસ્થાને અજલ (મહાન) તથા આ'ઝમ છે. અને કોઈ શંકા તથા શક વિના અલ્લાહ તઆલાએ દરેક નબીમાં નબુવ્વત તથા શહાદત બંને વસ્ફો (ખૂબીઓ)ને ભેગી કરી છે, જેથી અંબિયાએ કિરામ પણ આયતના સામાન્યપણામાં સામેલ છે." *(અલ હાદી લિલ્ ફતાવા, ૨/૩૩૦)*

અલ્લામા કુર્તબી رحمۃ اللہ علیہ તઝકિરહમાં હદીષે સઅ્કાના વર્ણનમાં પોતાના શયખથી નક્લ ફર્માવે છે :

## ★ મૌતથી નબીઓ આપણાથી ફક્ત પર્દો કરી જાય છે ★

"કે મૃત્યુ એ તદ્દન નાબૂદ થઈ જવાનું નામ નથી બલ્કે એક સ્થિતિથી બીજી સ્થિતિ (હાલ)ની તરફ ઈન્તેકાલ (બદલી)નું નામ છે અને એના પર દલીલ એ છે કે બેશક ! શહીદો પોતાના કત્લ તથા પોતાના મૃત્યુ બાદ ઝિંદા હોય છે. ખાતા, પીતા, ખુશ તથા આનંદિત થતા હોય છે. અને આ જ દુનિયામાં ઝિંદાઓની ખૂબી છે. તો જ્યારે શહીદોનો આ હાલ છે તો અંબિયાએ કિરામ ઝિંદા હોવામાં તેમના કરતાં ખૂબ જ અધિક અફઝલ તથા અવલા છે. અને બેશક ! સહીહ હદીષમાં આવ્યું છે કે જમીન અંબિયાએ કિરામ (નબીઓ)ના શરીરોને ખાતી નથી. અને બેશક ! નબી કરીમ ﷺ મેઅરાજની રાત્રે બયતુલ મુકદસમાં સર્વ અંબિયાએ કિરામની સાથે ભેગા થયા અને આપે મૂસા علیہ السلامને તેમની કબરમાં નમાઝ પઢતા જોયા. અને આપે ફર્માવ્યું છે કે આપ ﷺ તે દરેક શખ્સના સલામનો જવાબ આપે છે જે આપના પર સલામ મોકલે છે. અને એ જ પ્રમાણે તે સર્વ બાબતો જે મૌતથી કટ થઈ જાય છે તે નબીઓને હાંસલ હોય છે, કેમ કે આપની મૌત એના સિવાય અન્ય કાંઈ નથી હોતી કે તે આપણાથી પર્દો ફર્માવી જાય છે અને આપણે તેમને નથી જોતા, જો કે તે ઝિંદા મૌજૂદ હોય છે અને તેમનો હાલ ફરિશ્તાઓ જેવો થઈ જાય છે કે ફરિશ્તા ઝિંદા મૌજૂદ હોય છે, પણ તેમને કોઈ નથી જોતુ એના

સિવાય જેને અલ્લાહ તઆલા પોતાના ફઝ્લો કરમથી ખાસ કરે પોતાના વલીઓમાંથી.''

*(અલ્હાદી લિલ ફતાવા, ૨/૩૩૦)*

**★ હુઝૂર ﷺ આપની કબ્રમાં અઝાન તથા ઈકામત સાથે નમાઝ પઢે છે ★**

અલ્લામા કુસ્તલાની શારેહે સહીહ બુખારી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''અને હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી એક એ પણ છે કે આપ આપની કબ્ર મુબારકમાં ઝિંદા છે અને અઝાન તથા ઈકામતની સાથે નમાઝ પઢે છે. અને એ જ હાલ સર્વ અંબિયાએ કિરામનો છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે તેમની પાક બીવીઓ પર ઈદ્દત નથી (કેમ કે તે ઝિંદા છે) અને બેશક ! એ સાબિત થઈ ચૂક્યું છે કે અંબિયાએ કિરામ હજ કરે છે અને તલબિયા કહે છે. જો કોઈ કહે કે તે તો મુર્દા છે અને બીજા ઘરમાં છે, અને તે ઘર અમલની જગા નથી, તો જવાબ એ છે કે તેમનો હાલ શહીદોની જેમ બલ્કે તેમનાથી અફઝલ છે, અને શહીદો ઝિંદા છે અને પોતાના રબની પાસેથી રોજી આપવામાં આવે છે, તો પછી તેઓ (નબીઓ) હજ કરે અને નમાઝો પઢે તો કોઈ દૂરની વાત નથી.''

*(ઝુર્કાની અલલ મવાહિબ, ૫/૨૩૩)*

અલ્લામા ઈમામ સમહૂદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''હુઝૂર ﷺ પોતાની વફાત બાદ વિના શંકાએ હયાત છે અને એ જ પ્રમાણે સર્વ અંબિયાએ કિરામ علیہم السلام પોતાની કબરોમાં ઝિંદા છે એ હયાતની સાથે જે શહીદોની હયાત કરતાં અકમલ (Most Perfect) છે જેની ખબર અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં આપી છે, અને આપણા નબી ﷺ સર્વ શહીદોના સરદાર છે અને સર્વ શહીદોના અમલો આપના મીઝાનમાં છે. અને બેશક ! આપ ﷺનું ફર્માન છે કે મારો ઈલ્મ મારી વફાત પછી એવો જ છે જેવો મારો ઈલ્મ હયાતમાં છે. *(વફાઉલ વફા, ૩/૧૪૫૨)*

શયખ મુહક્કિક હઝરત અલ્લામા શાહ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''અને અંબિયાએ કિરામની હયાત શહીદો કરતાં અધિક કામિલ છે.'' *(મદારિજુન્નબુવ્વત)*

**★ હયાતુન્નબી ﷺ વિશે મુબારક હદીષો ★**

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, ''અંબિયા (علیہم السلام) પોતાની કબરોમાં ઝિંદા છે અને નમાઝ પઢે છે.''

ઈમામ બયહકીએ આ હદીષને સહીહ કહી છે અને હાફિઝ ઈબ્ને હજર અસ્કલાનીએ તેમની માફક કહ્યું છે. *(ફત્હુલબારી)*

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : ''જુમ્આના દિવસે મારા પર ખૂબ જ અધિક દુરૂદ મોકલ્યા કરો કેમ કે તે યૌમે મશ્હૂદ છે એમાં ફરિશ્તા હાજર થાય છે અને કોઈ એવો નથી જે મારા પર દુરૂદ મોકલે પણ તેનું દુરૂદ મારા સમક્ષ રજૂ થાય છે, ત્યાં સુધી કે એ તેનાથી ફારિગ થાય. હઝરત અબૂ દર્દા ફર્માવે છે, મેં અર્ઝ કરી, અને મૃત્યુ પછી ? ફર્માવ્યું, અને મૌત પછી પણ પેશ થશે. કેમ કે **અલ્લાહે જમીન પર નબીઓના શરીરને હરામ કરી આપેલ છે તો અલ્લાહના નબી ઝિંદા હોય છે અને રોજી પણ આપવામાં આવે છે.**

*(ઈબ્ને માજહ, ૧/૫૦૨, મિસર)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''જેણે મારી કબરની પાસે મારા પર દુરૂદ પઢયું તેને હું ખુદ સાંભળુ છું અને જેણે દૂર હોવાની હાલતમાં મારા પર દુરૂદ પઢયું તે મને પહોંચાડી દેવામાં આવે છે.''

**★ સો દુરૂદ પઢવામાં સો હાજતો પૂરી થશે ★**

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ

www.barkatekhwaja.net

ફર્માવ્યું: "જેણે જુમ્આના દિવસે અને જુમ્આની રાતમાં મારા પર સો વાર દુરૂદ પઢ્યું અલ્લાહ તઆલા તેની સો હાજતો પૂરી કરશે, સિત્તેર આખેરતની હાજતોમાંથી અને ત્રીસ દુનિયાની હાજતોમાંથી છે. પછી એ દુરૂદ પર એક ફરિશ્તો નિયુક્ત કરે છે જે એ દુરૂદને મારી કબરમાં મારા પર એ રીતે પેશ કરે છે જેવી રીતે તમારા પર હદિયા (તોહફા) પેશ કરવામાં આવે છે. બેશક ! મારો ઈલ્મ મારી વફાત પછી પણ એવો જ છે જેવો કે મારો ઈલ્મ મારી હયાતમાં છે. અને બયહકીના શબ્દો આ પ્રમાણે છે કે : તે ફરિશ્તો દુરૂદ પઢનારનું નામ અને તેનો વંશ મને બતાવે છે તો હું તેને એક ચમકતા સહીફામાં લખી લઉં છું."

### ★ ક઼બ્રે અન્વરથી અઝાન તથા ઈકામતનો અવાજ આવતો ★

હઝરત સઈદ ઈબ્ને મુસૈયબ رضی اللہ عنہ ફર્માવે છે : "અલ્બત્ત ! તેહકીક઼ જંગે હર્રાના જમાનામાં મેં મારી જાતને એ હાલતમાં જોઈ કે મસ્જિદે નબવી صلی اللہ علیہ وسلمમાં મારા સિવાય કોઈ ન હતું. એ દિવસોમાં કોઈ નમાઝનો સમય ન આવતો હતો પણ ક઼બ્રે અન્વરથી હું અઝાનનો અવાજ સાંભળતો હતો.

*(દલાઈલુન્નબુવ્વત, અબૂ નુએમ, પેજ-૪૯૬)*

હઝરત સઈદ ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ફર્માવે છે કે, "હર્રાના દિવસોમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની મસ્જિદ શરીફમાં ન અઝાન થતી ન ઈક઼ામત. અને સઈદ ઈબ્ને મુસૈયબ (رضی اللہ عنہ) મસ્જિદથી ન નીકળ્યા અને તે નમાઝનો સમય ન પહેચાનતા હતા પણ એક અવાજથી જેને તે નબી صلی اللہ علیہ وسلمની ક઼બ્રે અન્વરથી સાંભળતા હતા." *(મિશ્કાત શરીફ, પેજ-૫૪૫)*

ઈબ્ને જવઝીએ પોતાની સનદની સાથે હઝરત સઈદ બિન મુસૈયબ رضی اللہ عنہથી રિવાયત કરી. તે ફર્માવે છે, હર્રાના દિવસોમાં કોઈ નમાઝનો સમય ન આવતો હતો પણ હું (હુઝૂરની) ક઼બ્રે અન્વરથી અઝાનનો અવાજ સાંભળતો પછી જમાઅત ઉભી થઈ જતી તો હું આગળ વધતો (અને એ જ નમાઝની સાથે) નમાઝ પઢતો, અને મારા સિવાય મસ્જિદમાં કોઈ બીજુ ન હતું. *(વફાઉલ વફા, ૧/૯૪)*

અલ્લામા ઈમામ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ બાક઼ી ઝુર્ક઼ાની માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ફતાવા રમલિય્યામાં છે કે, "અંબિયા તથા શહીદો તથા ઉલમા નથી સડી જતા, અને નબીઓ તથા શહીદો પોતાની કબરોમાં ખાતા પીતા તથા નમાઝ પઢતા અને રોઝા રાખતા અને હજ કરે છે."

*(ઝુર્ક઼ાની અલલ મવાહિબ, ૫/૨૨૪)*

અલ્લામા અલી ક઼ારી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બેશક઼ ! તે નબી صلی اللہ علیہ وسلم પોતાની કબરમાં ઝિંદા છે જેમ કે સર્વ અંબિયાએ કિરામ પોતાની ક઼બરોમાં પોતાના રબની નજીક ઝિંદા છે અને બેશક ! તેમની રૂહોનો સંબંધ ઉલુવી (આખેરત)ના આલમ તથા સિફલી (દુનિયા)ના આલમ સાથે એ રીતે સ્થાપિત રહે છે જેવો કે દુનિયામાં હતો. અને તેઓ આ મામલામાં દિલના એતબારથી અર્શી અને ક઼ાલિબ (શરીર)ના એતબારથી ફર્શી હોય છે અને અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા જ કમાલ ધરાવનારાઓની હાલતોને અધિક જાણે છે."

*(શરહે શિફા શરીફ, ૨/૧૪૨)*

### ★ નબી صلی اللہ علیہ وسلم કબરમાં કેદ નથી બલ્કે આલમોની સૈર કરે છે ★

એ જ અલ્લામા અલી ક઼ારી પોતાની બીજી કિતાબમાં ફર્માવે છે : "અમે એવું નથી કહેતા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم આલમે બરઝખ એટલે પોતાની કબરમાં કેદ તથા ઘેરાયેલા છે બલ્કે અમે એવું કહીએ છીએ કે આપ આલમે સિફલી (દુનિયાનો આલમ) તથા આલમે ઉલૂવી (આખેરતનો આલમ)માં સૈર કરે છે, કેમ

www.barkatekhwaja.net

કે શહીદોની રૂહો જેઓ મર્તબામાં અંબિયાથી ઓછી છે તે જ્યારે લીલા પક્ષીઓના શરીરોમાં જન્નતના બાગોમાં આઝાદીથી ફરે છે પછી એ કંદીલો સુધી સૈરના માટે જાય છે જે અર્શે ઈલાહીની નીચે ટીંગાડેલી છે, જેવું કે એ એના સ્થાને સાબિત થઈ ચૂકેલુ છે. તેમ છતાં કોઈ એવું નથી કહેતુ કે તેમની કબરો તેમનાં શરીરોથી ખાલી છે, અને તેમની રૂહોને તેમનાં શરીરો સાથે સંબંધ નથી. અને જે સલામ તેમને કરવામાં આવે છે તેને નથી સાંભળતા. તો એવું જ અંબિયાએ કિરામના બારામાં આવ્યું છે કે, બેશક ! અંબિયાએ કિરામ તલબિયા કહે છે અને હજ કરે છે અને આપણા નબી ﷺ આ કરામતોના સૌથી અધિક હક્કદાર છે." *(જમઉલ વસાઈલ, ૨/૨૩૮)*

હઝરત શાહ વલીયુલ્લાહ સાહબ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "તેઓ પોતાની કબરોમાં ઝિંદા છે અને નમાઝો પઢે છે અને હજ કરે છે"

*(ફુયૂઝુલ હરમૈન, પેજ–૨૮)*

અલ્લામા કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બેશક ! અલ્લાહ તઆલા અંબિયા, સિદ્દીકો, શહીદો અને અવલિયાની રૂહોને (દરજા પ્રમાણે) શરીરોની શક્તિ અતા કરે છે તો તેઓ જમીન તથા આસ્માન અને જમીનમાં જ્યાં પણ ચાહે છે ચાલ્યા જાય છે અને પોતાના દોસ્તોની મદદ કરે છે અને પોતાના દુશ્મનોને હલાલ કરે છે. ઈન્શા અલ્લાહ !" *(તફસીરે મઝહરી, ૧/૧૫૨)*

ઈમામ કુસ્તલાની અને અલ્લામા ઝુર્કાની رحمۃ اللہ علیہما ફર્માવે છે : વિના શંકાએ અંબિયાએ કિરામ علیہم السلام ની હયાત (ઝિંદા હોવું) સાબિત થયેલ હક઼ીક઼ી તથા યક઼ીની છે અને ક઼ાયમી છે, અને આપણા નબી ﷺ એ સૌથી અફઝલ છે. નુસૂસ તથા ઈજમાઅની સાથે તો એ લાઝિમ તથા જરૂરી છે કે આપની હયાત પણ તમામ અંબિયાએ કિરામની હયાત કરતાં પરિપૂર્ણ તથા કામિલ હોય."

*(ઝુર્કાની અલલ મવાહિબ, ૮/૩૦૯)*

## ★ નબી ﷺ ઉમ્મતની નેકીઓથી ખુશ અને ગુનાહોથી ગમગીન થાય છે ★

ઉસ્તાઝ અબૂ મન્સૂર અબ્દુલ કાહિર બિન તાહિર અલ બગદાદી અલ ફકીહુલ ઉસૂલ શયખુશ્શાફઈય્યા رحمۃ اللہ علیہ ફર્માવે છે:"અમારા તમામ મુતકલ્લિમીન તથા મુહક્કિ઼ક઼ીન શાફઈ ઉલમાનું ફર્માન છે કે, બેશક ! આપણા નબી ﷺ પોતાની વફાત બાદ ઝિંદા છે અને પોતાની ઉમ્મતની નેકીઓથી ખુશ થાય છે અને ગુનેહગારોના ગુનાહોથી ગમગીન થાય છે અને બેશક ! આપની ઉમ્મતમાંથી જે આપના પર દુરૂદ મોકલે છે તેનું દુરૂદ આપના પર પહોંચે છે."

*(અલ હાદી લિલ ફતાવા)*

અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ એક દલીલબધ્ધ મબસૂત (વિસ્તારપૂર્વકની) ચર્ચા કર્યા બાદ લખે છે : "આ સર્વ નક઼ૂલ તથા હદીષોના સમૂહનો સાર એ છે કે નબી ﷺ પોતાના શરીર તથા રૂહ મુબારકની સાથે ઝિંદા છે અને વિના શંકાએ આપ જ્યાં ચાહે છે તશરીફ લઈ જાય છે અને જમીન તથા આલમે મલકૂતના દરેક ખૂણામાં તસર્રુફ ફર્માવે છે. અને આપ તદ્દન પોતાની એ જ દેખાવની સાથે છે જેના પર વફાત પહેલાં હતા. એમાં કોઈ તબદીલી આવી નથી. અને બેશક ! આપ અમારી આંખોથી ગાયબ કરી દેવામાં આવ્યા છે જેવી રીતે ફરિશ્તા પોતાના શરીરો સાથે ઝિંદા હોવા છતાં અમારી આંખોથી ગાયબ કરી દેવામાં આવ્યા છે. જ્યારે અલ્લાહ તઆલા આપના દીદારથી કોઈની સાથે ઈજ્જત તથા ઈકરામ અતા કરવા ચાહે છે તો તેનાથી પર્દો ઉઠાવી દે છે અને તે આપને એ જ દેખાવમાં જુએ છે જેના પર આપ છો. એનાથી કોઈ બાબત આડરૂપ નથી અને રૂયતે મિષાલીને ખાસ કરવાની

www.barkatekhwaja.net

પણ કોઈ જરૂરત નથી. *(અલ હાદી લિલ ફતાવા)*

### ★ નબી ﷺ જિસ્માની, દુનિયવી, હકીકી હયાત સાથે ઝિંદા છે ★

શયખુલ મુહદ્દિષીન હઝરત શાહ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છેઃ "અને અંબિયાએ કિરામની હયાત પર સર્વ ઉલમાની એકમતી છે, કોઈને પણ એમાં મતભેદ નથી. અને જિસ્માની હયાત, દુનિયવી તથા હકીકી છે ન કે રૂહાની અને મઅનવી."

આ જ શયખ મુહક્કિક તથા મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ બીજા સ્થાને ફર્માવે છે : "આ મતભેદ તથા મઝહબોની ખૂબ અધિકતા જે ઉમ્મતના ઉલમામાં છે, છતાં આ મસ્અલામાં કોઈ એકને પણ મતભેદ નથી કે આં હઝરત ﷺ હકીકી જિંદગીની સાથે મજાઝની તથા વહેમની, તથા તાવીલની શંકા વિના ઝિંદા, કાયમ તથા બાકી છે અને ઉમ્મતના અમલો પર હાઝિર તથા નાઝિર છે."

સૈયદુત્તાઈફા, ઈમામુલ અવલિયા, હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે પોતાના નફસની સાથે ઝિંદા છે તે રૂહના નીકળી જવાથી મુર્દા થઈ જાય છે અને જે પોતાના રબની સાથે ઝિંદા છે તે નથી મરતો બલ્કે તે હયાતે તબઈથી હયાતે અસલી તથા હકીકી તરફ ઈન્તેકાલ કરે છે. જ્યારે શરીઅતની તલ્વારથી કત્લ થનાર ઝિંદા છે, રોજી દેવામાં આવે છે, તો જે સિદક તથા હકીકતની તલ્વારથી કત્લ થાય છે તે કેટલી આ'લા જિંદગીની સાથે ઝિંદા હશે.

*(તફસીરે રૂહુલ બયાન)*

### ★ અલ્લાહ દરેક ચીજ પર શક્તિમાન છે ★

દાનાએ રુમૂઝ, મૌલાનાએ રૂમ رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે કોઈ અમારી જાતમાં ફના થઈ જાય તેને "કુલ્લુ શયઈન હાલિક"ના હેઠળ હલાકતની સજા નથી ભોગવવી પડતી. કેમ કે તે "ઈલ્લા" સાથે અપવાદ (Independent) છે તે "લા" એટલે હાલિકથી (હલાક થવાથી) પસાર થઈ ગયો. જે શખ્સ ઈલ્લામાં છે તે ફાની ફિલ્લાહ થઈ ગયો. અલ્હમ્દુલિલ્લાહ ! આપણે كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ અને اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ مَّيِّتُوْنَ પર ઈમાન રાખીને નબી કરીમ ﷺની પવિત્ર રૂહના કબ્ઝ થવાને માનનારા છીએ પણ આપની હયાતના મુન્કિર નથી એટલા માટે કે હયાતનો અર્થ છે : للعلم والقدرة والارادة (શર્હે અકાઈદ) એવી સિફત જે ઈલ્મ તથા કુદરત, સમઅ તથા બસર (જોવાની તથા સાંભળવાની શક્તિ) અને ઈરાદા સહીહ ઠરાવી દે. એટલે જેના કારણે ઈલ્મ તથા કુદરત વગેરેનું સહીહ હોવું ઠરે, એ સિફતનું નામ હયાત છે. અને નબી કરીમ ﷺની આ સિફત રૂહ કબ્ઝ થવાના કારણે નષ્ટ નથી થઈ, કેમ કે રૂહનું શરીરમા હોવું હયાતનો સબબ છે, અને અલ્લાહ તઆલા એ વાત પર શક્તિમાન છે કે જે ચીજ સબબની સાથે હોય છે તે સબબ વિના કરી આપે, અને એ વાત પર પણ કાદિર છે કે સબબ હોય અને ચીજ એટલે મુસબ્બબ ન થવા દે. જુઓ, બાળકના અસ્તિત્વમાં આવવાનો સબબ પુરૂષ સ્ત્રી છે, પણ અલ્લાહ તઆલાએ હઝરત આદમ તથા હવ્વા અને ઈસા علیہم السلامને આ સબબ વિના પેદા કર્યા અને હજારો પુરૂષો સ્ત્રીઓ મૌજૂદ છે પણ ઔલાદ નથી થતી. એટલે કે સબબ છે પણ મુસબ્બબ નથી. જેથી સાબિત થયું કે તે એ વાત પર કાદિર (શક્તિમાન) છે કે રૂહ જે હયાતનો સબબ છે તે ન હોય અને હયાત હોય અને એના પર પણ કાદિર છે કે રૂહ હોય અને હયાત ન હોય. જેમ કે કાફિરોના શરીરોમાં રૂહો છે અને હયાત નથી. એટલા માટે અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં તેમને મુર્દા, ગુંગા, બહેરા અને આંધળા વગેરે કહ્યા, અને અંબિયા, અવલિયાના શરીરોમાં રૂહો કબ્ઝ થઈ પણ હયાત છે. એટલા માટે કુર્આને પાક તથા મુબારક હદીષોમાં તેમને ઝિંદા કહેવામાં આવ્યા, જેવું કે ઉપર વર્ણન થઈ ચૂક્યું છે. તેમજ

www.barkatekhwaja.net

સુતૂને હન્નાનાનું રડવું અને પથ્થરોનું કલમો પઢવું સહીહ હદીષોથી સાબિત છે. તો જે ખુદા લાકડી અને પથ્થરની અંદર રૂહ વિના હયાત પેદા કરી શકે છે તે અંબિયા તથા અવલિયાની અંદર નથી પેદા કરી શકતો ?!

અને જો શરીરમાં રૂહનું હોવું જ હયાત માનવામાં આવે તો હય્ય (ઝિંદા) તે જ હશે જેના શરીરમાં રૂહ હશે. તો પછી ખુદા તઆલાની હયાત કદાપિ સાબિત ન થઈ શકશે ! કેમ કે ખુદા તઆલા શરીરથી પાક છે.

યાદ રાખશો ! એક છે મૌતે આદી અને એક છે મૌતે હક઼ીક઼ી. એ જ પ્રમાણે એક છે હયાતે આદી અને એક છે હયાતે હક઼ીક઼ી. શરીરથી રૂહનું કબ્ઝ થવું મૌતે આદી છે, મૌતે હક઼ીક઼ી નથી. હક઼ીક઼ી મૌત અદમુલ હયાત (હયાતનુ ન હોવું) છે. અને શરીરની અંદર રૂહનું હોવું આદી હયાત છે, હક઼ીક઼ી હયાત નથી. હક઼ીક઼ી હયાત શરીરમાં એ સિફતનું હોવું છે જે ઈલ્મ તથા કુદરત અને સમઅ (સાંભળવા) તથા બસર (જોવા)નો સબબ છે.

**★ સર્વ સૃષ્ટિનું અસ્તિત્વ આપની હયાતને લીધે છે ★**

અને નબી ﷺની અંદર વફાત પછી પણ ઈલ્મ તથા કુદરત, સમઅ તથા બસર (સાંભળવું જોવું) અને ઈરાદો છે જેથી આપ હયાત થયા અને એ હયાત એક ક્ષણ માટે પણ નષ્ટ નથી થઈ અને આપ મુર્દા નથી થયા. અને એવું જ થવું જોઈતુ હતું, કેમ કે આપ ﷺ આખી કાઈનાત (સૃષ્ટિ)ના અસલ (મૂળ) છે, જો મઆઝલ્લાહ ! મુર્દા થઈ જાય તો આ જહાન ઝિંદા કેવી રીતે રહી શકે છે ?! શું એ બની શકે છે કે મૂળ સૂકાઈ જાય અને ઝાડ હર્યુ ભર્યું રહે ? કદાપિ નહીં ! એ જ પ્રમાણે એ પણ નથી થઈ શકતુ કે જહાનની જાન મુર્દા થઈ જાય અને જહાન ઝિંદા રહે. બલ્કે જેવી રીતે ઝાડનું લીલુછમ રહેવું મૂળના કારણે હોય છે એ જ પ્રમાણે સર્વ સૃષ્ટિનું અસ્તિત્વ તથા જિંદગી આપના કારણે છે.

*વો જો ન થે તો કુછ ન થા*
*વો જો ન હોં તો કુછ ન હો*

*જાન હૈં વો જહાન કી*
*જાન હૈ તો જહાન હૈ*

*(બહવાલા : તહફફૂઝે અકાઈદ નંબર, ઈસ્તિક઼ામત ડાયજેસ્ટ–કાનપુર, ઈ.સ. ૧૯૯૬)*

## જુનાગઢમાં યાદે ઈમામ હુસૈન વ યાદે મુફતીયે આ'ઝમ તથા દસ્તારબંદી

**જુનાગઢ** : ખાતે "ખાનક઼ાહે રઝવિય્યહ નૂરિય્યહ" ખાતે તા. ૧૨–૦૮–૨૦૨૪ જુમ્આના રોજ ઈશા બાદ હઝરત પીર નૂર મુહમ્મદ મારફાની ખલીફા હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની રૂહાની સરપરસ્તીમાં, પીરે તરીક઼ત હઝરત ગુલઝાર અહમદ નૂરી સાહબની સદારતમાં ઈમામે આલી મક઼ામ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની બારગાહમાં ખિરાજે અક઼ીદત પેશ કરવા તથા હુઝૂર સરકાર મુફતીયે આ'ઝમે હિંદ મુસ્તફારઝા رحمۃ اللہ علیہના ૪૨મા ઉર્સે પાકના મોકા પર અને "દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા"નો ૧૦મો જશ્ને દસ્તારે હિફઝો ફઝીલતનો જશ્ન ૧૪ મુહર્રમુલ હરામના રોજ મનાવાયો. જનાબ હાફિઝો ક઼ારી મુહમ્મદ સાબિર ક઼ાદરી રઝવીએ તિલાવતે કુર્આન પેશ કરી તથા જનાબ મુહમ્મદ તૌહીદ રઝા તથા હાફિઝ શહઝાદ આલમે નઅતો મન્ક઼બત પેશ કરી ત્યાર બાદ મૌલાના ક઼ારી નિયાઝ અહમદ સાહબે પણ નઅત પેશ કરી. બાદમાં બરેલી શરીફથી પધારેલ હઝરત અલ્લામા મૌલાના અખ્તર રઝા સાહબે હુઝૂર મારફાની સાહબની શાને વિલાયત પેશ કરી હતી. ત્યારબાદ હઝરત અલ્લામા મુફતી ગુલામ જીલાની અઝહરી (ખંડવા, એમ.પી.)એ હુઝૂર મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہની શાનમાં શાનદાર બયાન કર્યુ. કુલ શરીફ તથા શજરા આલિયા રઝવિય્યહ પઢીને હઝરત ગુલઝારે મિલ્લતે નિયાઝ પર ફાતિહા ખ્વાની કરી. હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબ નૂરી, અને નવાસાએ અમીરે અહલે સુન્નત મુફતી મુનવ્વર રઝા–ધોરાજી તેમજ અનેક ઉલમા, સાદાત અવામે હાજરી આપી હતી.

# નજાત પામનાર ફિર્કો
## એટલે
# એહલે સુન્નત

લેખક : હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા અબ્દુલહફીઝ મુહદ્દિષ મુરાદાબાદી
*(બાનીયે જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*
અનુવાદક : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી
*(દારૂલ ઉલૂમ ફયઝે નૂરાની–વાગરા)*

ફર્માને ખુદાવંદી અને ઈર્શાદે નબવી ખરેખર હિદાયત અને સિરાતે મુસ્તકીમ છે. તેના પર જે વ્યક્તિ ઈમાન લાવી અડગ રહેશે તે નિઃસંકોચ મો'મિન છે. તેના માટે હમેશાંની નજાત અને નેકબખ્તી છે. ભલે મુસલમાન હોવાનો દાવો કરનાર સર્વ ફિર્કાઓ કુર્આન તથા હદીષ પર અમલ કરવાનો દાવો કરે છે પરંતુ હકીકત એ છે કે કુર્આનો હદીષ પર સંપૂર્ણ રીતે ઈમાન રાખનાર સવાદે અઅ્ઝમ (મોટી જમાઅત) કેવળ એહલે સુન્નત વ જમાઅત છે. જેથી માત્ર તેના માટે જ નજાત છે. બાકી સર્વ ફિર્કા જહન્નમી છે. યકીની કતઈ દલીલથી જાણવા માટે નિમ્ન તથ્યોને ધ્યાનમાં રાખવાં જરૂરી છે :–

૦૧. કુર્આને મજીદ અને હદીષ વિના અપવાદે સર્વ જિનો અને ઈન્સાનો માટે હાદી અર્થાત માર્ગદર્શક છે. દરેક વ્યક્તિ માટે હિદાયતનો દીપ છે, જે વ્યક્તિ પોતાના ઈરાદાથી ઈમાન લાવી તેમની રોશનીમાં ચાલશે નજાત પામશે. એમ નથી કે કુર્આનો હદીષની જવાબદારીમાં જબરદસ્તી મંઝિલ મકસૂદ (હિદાયત) સુધી પહોંચાડવું જરૂરી છે.

૦૨. ઈમાન કેવળ ઝબાનથી એકરાર (સ્વીકાર) કરવું નથી, બલ્કે અલ્લાહ તઆલા અને તેના રસૂલના તમામ આદેશો અર્થાત તમામ જરૂરિયાતે દીનને દિલથી માનવું અને સ્વીકારવું શરીઅતમાં ઈમાન છે. ઝબાનથી એકરાર દુન્યવી હુકમોના લાગુ થવા માટે શર્ત છે, જેમ કે શર્હે અકાઈદ વગેરેમાં છે.

૦૩. કુર્આનો હદીષ પર ઈમાન લાવવાનો મતલબ એ છે કે સંપૂર્ણ કુર્આન હદીષને માને, **જો એક આયત અથવા એક હદીષે મુતવાતિરનો ઈન્કાર કરે તો તે કુર્આન હદીષને માનનાર નથી.**

૦૪. કુર્આનની આયતો અને હદીષનો સાચો અર્થ એ જ છે જે હુઝૂર ﷺ અને આપના સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين એ બયાન ફર્માવ્યો, એ જ અર્થ પર ઈમાન લાવવું જરૂરી છે, તે સિવાય અન્ય કોઈ અર્થ પોતાના મંતવ્યથી ઘડવો ગુમરાહી છે.

૦૫. હિદાયત મેળવવાની પાત્રતા જિન અને ઈન્સાનોના દરેક સભ્યમાં મૌજૂદ છે, કારણ કે દરેક વ્યક્તિને અલ્લાહ તબારક વ તઆલાએ એ શક્તિ આપી છે કે તે પોતાની ઈચ્છા અને ઈરાદાથી ઈમાન લાવે. તો જેણે પોતાના ઈરાદાને કામમાં લાવી સ્વીકાર કર્યો તે હિદાયત પામ્યો અને જેણે નાફર્માની કરી તે ગુમરાહ થયો. તેમાં કુર્આન તથા હદીષ અને દીની રહનુમાઓનો કોઈ વાંક નથી, તે ગુમરાહનો જ કસૂર છે કે તે અલ્લાહની આપેલી શક્તિને કામમાં ન લાવ્યો અને પોતાના ઈરાદાથી ગુમરાહી અપનાવી.

૦૬. દરેક દાવાની સાબિતી માટે દલીલ જરૂરી છે, દલીલ વિના દાવો માન્ય નથી. દલીલ તે છે જે

www.barkatekhwaja.net

વાતિવિક્તામાં દાવાને સાબિત કરનાર હોય. એમ નહીં કે દાવો કરનાર જે કહી દે તેને જ તેના દાવાની સાબિતીમાં પૂરતું માની લેવામાં આવે.

૦૭. ઈસ્લામનો દાવો કરનાર તમામ ફિર્કાઓમાં કેવળ એક ફિર્કો નજાત પામનાર બાકી સર્વે જહન્નમી છે. આ સ્થિતિમાં નજાત પામનાર ફિર્કાને વિશિષ્ટ કરી દેવામાં ન આવતો તો દીનનું નુકસાન બલ્કે સખત ગુમરાહી થતી. એટલા માટે જયારે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ નજાત પામનાર ફિર્કા વિશે પૂછયું તો નબીયે કરીમ ﷺએ ફર્માવ્યું, ما انا علیہ واصحابی **નજાત પામનાર ફિર્કો તે છે જે મારા અને સહાબાના તરીક઼ા પર ક઼ાયમ રહે.** બીજી હદીષમાં ફર્માવ્યું, وهی الجماعة, **તે નજાત પામનાર ફિર્કો મોટી જમાઅત છે.**

જો કે ઉપરોક્ત તથ્યો પર વિચાર વિર્મશ કરી કોઈ પણ બુદ્ધિવાન સવાલના તમામ પાસાં હલ કરી શકે છે અને એ તારણ કાઢી શકે છે કે નજાત પામનાર ફિર્કો કેવળ એહલે સુન્નત વ જમાઅત છે, બાકી સૌ જહન્નમી છે. તેમ છતાં આસાની માટે થોડીક વિગત વર્ણવવામાં આવે છે.

મહબૂબે કિબ્રિયા ﷺએ જયારે ઈસ્લામની તબ્લીગ કરી અને સર્વ મખ્લૂક઼ે ખુદાને દીને હક઼્ક઼ની દા'વત આપી તો તે પોકારને સાંભળી ઘણા બદ્કિસ્મત લોકોએ તેની હિદાયતથી આંખો બંધ કરી સ્પષ્ટ ઈન્કાર કરી દીધો અને ઘણા બદ્નસીબોએ જાહેરમાં એકરાર પણ કર્યો પરંતુ દિલથી ન કર્યો. પ્રથમ ગિરોહ કાફિર અને જાણી બુઝીને ઈન્કાર કરનાર કહેવાયા અને બીજા ગિરોહ મુનાફિક઼ીન કહેવાયા અને તેઓનું ઠેકાણુ જહન્નમ છે. મુનાફિકો ઈસ્લામનો દાવો કરતા હતા, ઝબાનથી કલ્મો પઢતા હતા, કસમો ખાઈ ખાઈને હુઝૂર ﷺની રિસાલતની ગવાહી આપતા હતા પરંતુ કુર્આને તેમને જૂઠા બતાવ્યા અને તેમના એકરાર કરવાને અને કસમો ખાવાને માન્ય ન રાખ્યું.

كما قال الله تعالى اذا جاءك المنافقون قالو نشهد
انك لرسول الله والله يعلم أنك لرسوله والله
يشهد ان المنافقين لكذبون

તો જાણવા મળ્યું કે કેવળ ઝબાનથી કલ્મો પઢવું અને પોતાના ઈમાન તથા ઈસ્લામનો એકરાર કરવું ભલે કસમો ખાઈને કેમ ન હોય તે ઈમાન માટે પૂરતું નથી, જ્યાં સુધી દિલથી ન માને મો'મિન નથી થઈ શકતા. દિલથી માનવું પણ ત્યારે જ માન્ય થઈ શકે છે જયારે તે એકરારની સાથે તેમાં કોઈ કુફ્રની બાબત ન હોય.

અને જે ખુશનસીબ હસ્તીઓએ જાહેર અને અંતરમાં દિલથી સ્વીકાર કર્યો તે ગિરોહ મો'મિનીનના લકબથી સમ્માનિત થયો. તેમને જ یا ایھا الذین اٰمنوا (હે ઈમાનવાળાઓ !)ના સંબોધનથી પોકાર્યા અને તેમના માટે જ કુર્આને મજીદમાં અજ્રો સવાબનો વાયદો ફર્માવ્યો અને તે જ ગિરોહ દીને હક઼્ક઼ અને સિરાતે મુસ્તકીમ પર ક઼ાયમ છે.

સદ્રે અવ્વલ એટલે નબીયે કરીમ علیہ الصلوٰۃ والسلامની જાહેરી હયાતમાં સહાબાના જમાનામાં આ માનવાવાળી જમાઅત સહીહ અને હક઼્ક઼ અક઼ીદાઓ પર ક઼ાયમ રહી અને ઈન્શા અલ્લાહુલ અઝીઝ ક઼યામત સુધી ક઼ાયમ રહેશે. જેમ કે સહીહ હદીષમાં ફર્માવ્યું :–

لا يزال من أمتي أمة قائمة بأمر الله. لا يضرهم
من خذلهم ولا من خالفهم، حتى يأتي أمر الله
وهم على ذلك

પરંતુ એહલે હક઼્ક઼ના પર્દામાં ઈમાનના દાવેદાર



www.barkatekhwaja.net

બની ઘણા બધા ફિર્કા જે હકીકતમાં મો'મિન નથી તે જાહેર થવાના હતા, મુખ્બિરે સાદિક ﷺએ તેમની ખબર આપી જેથી એહલે હક્ક તેમનાથી સાવચેત રહે, તેમની જાળમાં ન આવે, ફર્માવ્યું :–

અર્થાત મારી ઉમ્મતે ઈજાબત જે મને નબી માને અને કિબ્લા તરફ નમાઝ પઢે તો તે તોત્તેર ફિર્કામાં વિભાજિત થઈ જશે, સર્વ ફિર્કા દોઝખી છે, કેવળ એક ફિર્કો જન્નતી હશે.

જેમ કે શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ અશિઅતુલ્ લમ્આતમાં આ હદીષ ''વ તફતરિકુ ઉમ્મતી......''ની સમજૂતીમાં ફર્માવ્યું : ''મારી ઉમ્મત જે ઈમાન લાવી છે અને કિબ્લા તરફ મોઢુ રાખે છે તે બુન્યાદી અકીદાઓમાં તોત્તેર ફિર્કામાં વિભાજિત થઈ જશે, 'કુલ્લુહુમ ફિન્નાર', બદ્અકીદગીના કારણે સૌ જહન્નમમાં જશે.''

સહાબાએ પૂછયું; યા રસૂલલ્લાહ ! ﷺ નજાત પામનાર જમાઅત કઈ છે ? ફર્માવ્યું : જેના પર હું અને મારા સહાબા છે.

મુસ્નદે અહમદ તથા અબૂ દાઊદની રિવાયતમાં છે : તે જન્નતી ગિરોહ મોટી જમાઅત છે.

હદીષનો મતલબ એ છે કે ઈસ્લામના દાવેદારોના તોત્તેર ફિર્કા થઈ જશે, બોત્તેર જહન્નમી અને એક જન્નતી. તે જન્નતી ફિર્કો મારા અને સહાબાના તરીકા પર કાયમ રહેનાર છે અને તે મોટી જમાઅત છે.

બીજી હદીષમાં ઈર્શાદ ફર્માવ્યું :–

فاتَّبِعوا السوادَ الأعظمَ ، فإنه من شذَّ شذَّ في النَّارِ

અર્થાત : ''મોટી જમાઅતનું અનુસરણ કરો, કારણ કે જે મોટી જમાઅતથી અલગ થયો દોઝખમાં નાખવામાં આવશે.''

સહાબા અને તાબઈનના જમાનાથી આજ સુધી આ બધા ફિર્કા જાહેર થયા છતાં દરેક જમાનામાં મોટી જમાઅત એ જ રહી જેના પર સહાબા, તાબઈન, તબએ તાબઈન, અઈમ્મએ મુજતહિદીન, ઉલમાએ મોઅ્તમદીન, ઔલિયાએ કામિલીન કાયમ રહ્યા. એ જ મઝહબ એહલે સુન્નત વ જમાઅતનો છે. આજે પણ અલ્લાહના ફઝ્લ અને તેના હબીબ ﷺના કરમથી એહલે સુન્નત વ જમાઅતની તે મોટી જમાઅત છે કે તમામ દુન્યાના ઈસ્લામના દાવેદારોના કુલ ફિર્કા એકત્ર કરી લેવામાં આવે તે પણ તેની સંખ્યાને નહીં પહોંચી શકે, અલગ અલગ તેમની તુલના કરી શકે એ તો બહુ મોટી વાત છે.

માટે બંને હદીષોથી સ્પષ્ટ તારણ નીકળ્યું કે **નજાત પામનાર ગિરોહ સવાદે અઅ્ઝમ (મોટી જમાઅત) કેવળ એહલે સુન્નત વ જમાઅત છે**, બાકીના સર્વ ફિર્કા જેમ કે વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ, કાદયાની, નેચરી વગેરે સૌ દોઝખી.

પરંતુ અફસોસ ! સદ્ અફસોસ ! કે હદીષે કરીમાની આ સ્પષ્ટતા હોવા છતાં આંખો બંધ કરી લોકો ગુમરાહીમાં પડેલા છે, પોત પોતાની અલગ અલગ ટોળીઓ બનાવી જહન્નમમાં જઈ રહ્યા છે. મઝહબે એહલે સુન્ન વ જમાઅતને સ્વીકારી નજાત પામનાર જમાઅતમાં શરીક નથી થતા. આ તેમની મેહરૂમી અને બદ્નસીબી છે. મૌલા તઆલા હિદાયત આપે.

ઈર્શાદે નબવી ﷺ મુજબ સદીઓ બાદ આ ગુમરાહ ફિર્કા જાહેર થયા, જે ઈસ્લામના દાવેદાર કુર્આન તથા હદીષો પર ઈમાન અને અમલનો દાવો કરનાર, કિબ્લા તરફ મોઢુ કરી નમાઝ પઢનાર, પોતાને ઘણા સાચા પાકા મુસલમાન કહેનાર. પરંતુ તે સૌએ તે મઝહબે હક્ક જેના પર હુઝૂરે અકદસ ﷺ અને સહાબા કાયમ હતા તેને છોડીને પોતાની

દોઢ ઈંચની અલગ જમાઅત બનાવી અને "મન શઝ્ઝ શુઝ્ઝ ફિન્નાર"ના પાત્ર બન્યા અને કુર્આની આયતો તથા મશહૂર હદીષોના વિરુદ્ધ અક઼ીદા ઘડયા અને જે અક઼ીદાઓ પર સહાબાએ કિરામ તથા તાબઈને એઝામની જમાઅત ક઼ાયમ રહી તેના વિરુદ્ધ કર્યું. પોતાના બાતિલ અક઼ીદાઓ અને ફાસિદ મઝહબોના પ્રચાર માટે ફલસફીઓનો સહારો લીધો અને મુસલમાનોને ગુમરાહ કરવા અને પોતાના ગિરોહને વધારવા માટે કુર્આન તથા હદીષોનું નામ લેતા રહ્યા કે અમે કુર્આન હદીષને માનવાવાળા છીએ. નહીં તો કુર્આન તથા હદીષને માનવાવાળો તો કેવળ એ મુસલમાન હોય શકે છે જે સહાબા અને તાબઈનની પૈરવી કરનાર હોય અને તેમના જ અક઼ીદાઓને માનતો હોય. એટલા માટે કે કુર્આન હદીષનો સહીહ અર્થ સમજનાર અને માનનાર એ જ લોકો છે કારણ કે તેમને નબીયે કરીમ ﷺએ કુર્આન તથા હદીષની તા'લીમ આપી. તો જે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની જમાઅત વિરુદ્ધ અક઼ીદો રાખે તે કુર્આનને માનવાવાળો કઈ રીતે થઈ શકે છે ?! માત્ર ઝબાની દાવો છે જેના પર કોઈ દલીલ નથી.

એ બાતિલ ફિર્ક઼ાઓના બાતિલ હોવા માટે માત્ર એટલું જ પૂરતું છે કે સદરે અવ્વલ નબીયે કરીમ ﷺ બાદથી જ તેમના અક઼ીદા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની જમાઅતના વિરુદ્ધ છે, તદ્ ઉપરાંત તેમણે કુર્આનની આયતો અને સ્પષ્ટ મશહૂર હદીષોના પણ વિરુદ્ધ કર્યું છે. આની થોડીક વિગત એ છે કે મૂળ ફિર્ક઼ા આઠ છે : (૧) મોઅ્તઝિલા (૨) શિયા (૩) ખારજી (૪) મુરજીયા (૫) નજ્જારિયા (૬) જબ્રિયા (૭) મુશબ્બિહા (૮) નાજીયા.

મોઅ્ઝિલાના વીસ ફિર્ક઼ા છે, શીઆના બાવીસ, ખારજીઓના વીસ, મુરજીયાના પાંચ, નજ્જારિયાના ત્રણ, જબ્રિયા અને મુશબ્બિહાનો એક એક ફિર્ક઼ો. આ બોત્તેર ફિર્ક઼ા છે અને તોત્તેરમો નાજીયા (નજાત પામનાર) કેવળ એહલે સુન્નત વ જમાઅત છે.

તેમનામાંથી બોત્તેર ફિર્ક઼ા ગુમરાહ છે, જેમાં પ્રથમ ફિર્ક઼ો મોઅ્તઝિલાનો છે જે સદીઓ બાદ તાબઈનના જમાનામાં જાહેર થયો, તેણે ઈમાન અને કુફ્રની વચ્ચે ત્રીજો માર્ગ કાઢયો અને કહ્યું : "ગુનાહે કબીરા કરનાર ન મો'મિન રહેશે ન કાફિર."

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ એ તેને હક્ક઼વાળાઓની જમાઅતથી ખારિજ ઠરાવ્યો અને ફર્માવ્યું : "કદ ઈઅ્તઝલ અન્ના" બેશક ! તે અમારાથી અલગ થઈ ગયા. આ ફિર્ક઼ાએ ગુનેહગારને દોઝખમાં અને ફર્માબરદારને જન્નતમાં દાખલ કરવું અલ્લાહ તઆલા પર વાજિબ ઠરાવ્યું. અલ્લાહની સિફતોનો ઈન્કાર કર્યો અને આવા ગંદા અક઼ીદા પર ગર્વ કરતાં પોતાનું નામ અસ્હાબુલ અદ્લ વ તૌહીદ રાખ્યું. કર્મોના સર્જનહાર બંદાઓને માન્યા, જે અલ્લાહના ફર્માન واللّٰہ خلقکم وما تعملون "અને અલ્લાહે તમને અને જે કાંઈ તમે કરો છો તે (કર્મો)ને પેદા કર્યા"ના વિરુદ્ધ છે. ઈસાલે સવાબનો ઈન્કાર કર્યો. એવા અક઼ીદા ઘડયા જે કુર્આન તથા હદીષ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની જમાઅતના વિરુદ્ધ છે. માટે આ ફિર્ક઼ો તેની સર્વ શાખો સહિત એહલે સુન્નત વ જમાઅતથી ખારિજ જહન્નમી ફિર્ક઼ો છે.

શીઆ ફિર્ક઼ાએ કુર્આનને અધૂરું અને અસુરક્ષિત માન્યું, જેનાથી આયતે કરીમા اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّكۡرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوۡنَ۝ "અમેજ કુર્આન ઉતાર્યું અને અમે જ તેની હિફાઝત કરવાવાળા છીએ"નો ઈન્કાર થાય છે. અસ્હાબે ષલાષા સિદીક઼ે અકબર, ફારૂકે આ'ઝમ તથા ઉષ્માને ગનીની ખિલાફતનો ઈન્કાર કર્યો, જેના પર ઉમ્મતનો ઈજમાઅ (સહમતી) છે. આ પ્રકારના તેમના ઘણા

ગંદા અકીદા છે. માટે તે પણ પોતાની સર્વ શાખો સહિત એહલે સુન્નત વ જમાઅતથી ખારિજ થયા.

ખારજી ફિર્કાએ એ અકીદો ઘડયો કે ગુનાહે કબીરા કરવાથી મો'મિન કાફિર થઈ જાય છે, તેની મગફિરત કદાપિ નથી થઈ શકતી. આ અકીદો એહલે સુન્નત વ જમાઅતના વિરુદ્ધ છે. તેમનાથી આયતે કરીમા :–

اِنَّ اللّٰہَ لَا یَغۡفِرُ اَنۡ یُّشۡرَکَ بِہٖ وَ یَغۡفِرُ مَا دُوۡنَ ذٰلِکَ لِمَنۡ یَّشَآءُ

''બેશક ! અલ્લાહ એ વાતને નથી બખ્શતો કે તેની સાથે શિર્ક કરવામાં આવે અને તે સિવાય જેને ચાહે બખ્શે છે''નો ઈન્કાર થાય છે. આ પ્રકારના અન્ય ઘણા બધા ગંદા અકીદા છે અને આ ફિર્કો પણ એહલે સુન્નત વ જમાઅતથી ખારિજ થયો.

મુરજીયા ફિર્કાએ એહલે સુન્નત વ જમાઅતના વિરુદ્ધ એ અકીદો ઘડયો કે ઈમાન લાવ્યા બાદ કોઈ ગુનોહ નુકસાન નથી પહોંચાડતો એટલે કે ગુનાહે કબીરા પર કોઈ પકડ નથી થતી. જે આયતે કરીમા : من یعمل سوءا یجز به ''જે કોઈ બુરાઈ કરશે તેની સજા આપવામાં આવશે''ના વિરુદ્ધ છે. માટે આ ફિર્કો પણ પોતાની શાખો સહિત એહલે સુન્નત વ જમાઅતથી ખારિજ (બહાર) થયો.

આ જ રીતે નજ્જારિયા, જબ્રિયા, મુશબ્બિહા પોતાના અકીદાઓના કારણે જમાઅતે હક્કથી નીકળી જહન્નમી ફિર્કાઓમાં સામેલ થયા.

**આજકાલ હિંદુસ્તાનમાં જે ગુમરાહ ફિર્કા જેમ કે શીઆ, દેવબંદી, ગૈર મુકલ્લિદ, નેચરી, કાદયાની વગેરે છે તે આ જ ગુમરાહ ફિર્કાઓની શાખો છે અને તેમના ગંદા અકીદા જમાઅતે સહાબા કિરામ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **ના વિરુદ્ધ છે.** ભલે તે પોતાના મઝહબના પ્રચારમાં આયતો અને હદીષો જરૂર રજૂ કરે છે પરંતુ **આયતો અને હદીષોના એવા અર્થ ઘડે છે જે હુઝૂરે અકદસ** ﷺ **અને સહાબાએ કિરામ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **ની તા'લીમ અને તેમણે જણાવેલ અર્થના વિરુદ્ધ છે.** જેમ કે આયત وَلٰکِنۡ رَّسُوۡلَ اللّٰہِ وَخَاتَمَ النَّبِیّٖنَ ''પરંતુ (આપ) અલ્લાહના રસૂલ અને અંતિમ છે''નો અર્થ ખત્મે ઝમાની (જમાનાના આધારે અંતિમ હોવું) ખુદ હુઝૂર ﷺએ બયાન ફર્માવ્યું, لا نبی بعدی અર્થાત : ''મારા ખાતમુન્નબીય્યીન હોવાનો અર્થ એ છે કે મારા પછી કોઈ નબી નથી.'' ખત્મે ઝમાનીનો આ જ અર્થ સહાબાથી પણ નકલ થયેલ છે અને તેના પર જ ઉમ્મતનો ઈજમાઅત છે.

પરંતુ કાદિયાની દજ્જાલ અને દેવબંદી કઝ્ઝાબ (જૂઠા)એ આયતનો અર્થ ખત્મે ઝાતી ઘડયો. જેમ કે દેવબંદીઓના પેશવા મૌલવી કાસિમ નાનોત્વીએ પોતાની કિતાબ ''તેહઝીરુન્નાસ''માં ખત્મે ઝમાનીના અર્થને અવામનો ખયાલ બતાવ્યો અને સાફ લખી દીધું કે :–

''અવામના ખયાલમાં તો રસૂલુલ્લાહનું અંતિમ હોવું એ અર્થમાં છે કે આપનો જમાનો અગાઉ નબીઓના જમાના પછી (છે) અને આપ સૌથી અંતિમ નબી છે પરંતુ સમજદારો પર સ્પષ્ટ હશે કે જમાનાના આધાર પર આગળ અથવા પાછળ હોવામાં બિઝ્ઝાત કોઈ ફઝીલત નથી તો પ્રશંસાના મૌકા પર وَلٰکِنۡ رَّسُوۡلَ اللّٰہِ وَخَاتَمَ النَّبِیّٖنَ ફર્માવવું કેમ કરી સહી થઈ શકે છે. *(તેહઝીરુન્નાસ, પેજ–૨)*

આમાં હુઝૂરે અકદસ ﷺ, આપના સહાબા رِضۡوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ અને ઉમ્મતના તમામ અકાબિરીનને અવામ બતાવ્યા અને પોતે એહલે ફહમ (સમજદાર) બન્યા અને આયતને ખત્મે ઝાતીના

www.barkatekhwaja.net

અર્થમાં બતાવી હુઝૂર બાદ નબુવ્વતનો દરવાજો ખોલી દીધો, જેથી કાદયાની, કાસિમ નાનોત્વીની આ કમાણી લઈ ઉડયો અને નબી બની બેઠો.

મૌલ્વી અશરફ અલી થાનવીએ હુઝૂરના ઈલ્મે ગૈબને જાનવરો, પાગલોથી સરખાવ્યો અને પોતાની કિતાબ "હિફ્ઝુલ ઈમાન"માં લખી દીધું :–

"જો અમુક ગૈબી ઉલૂમ મુરાદ છે તો તેમાં હુઝૂર ﷺની શું વિશિષ્ટતા છે, આવો ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમ્ર બલ્કે દરેક બાળક, પાગલ બલ્કે તમામ પશુ પ્રાણીઓને પ્રાપ્ત છે." *(હિફ્ઝુલ ઈમાન, પેજ–૭)*

મોલ્વી રશીદ અહમદ ગંગોહી તથા ખલીલ અહમદ અંબેઠવીથી જે દેવબંદીઓના ગુરૂ છે, તેમણે પોતાની કિતાબ "બરાહીને કાતિઆ"માં ખુદાવંદે કુદસ માટે જૂઠ બોલવાને શક્ય માનવાને જૂનો અકીદો બતાવ્યો અને લખી દીધું :–

"ઈમ્કાને કિઝૂબનો મસ્અલો તો હવે નવો કોઈએ નથી કાઢયો, આગળના લોકોમાં મતભેદ થયો છે કે ખલ્ફે વઈદ જાઈઝ છે કે નથી."

*(બરાહીને કાતિઆ, પેજ–૨)*

પોતાની એ જ બરાહીને કાતિઆ, પેજ–૫૧માં હુઝૂર ﷺના ઈલ્મને શૈતાન મલઊનના ઈલ્મથી ઘટાડયો. શૈતાન મરદૂદ માટે વુસ્અતે ઈલ્મ (ઈલ્મની વિશાળતા) કુર્આન તથા હદીષથી સાબિત માની, હુઝૂર ﷺ માટે તેનો ઈન્કાર કર્યો. હુઝૂર ﷺ માટે પૂરી જમીનનો ઈલ્મ હોવાને ખાલિસ શિર્ક બતાવ્યું અને તેને જ શૈતાન માટે સાબિત માન્યો. તેના શબ્દો આ છે :–

*"અલ્ હાસિલ ગૌર કરના ચાહિયે કે શૈતાનો મલકુલ મૌત કા હાલ દેખ કર ઈલ્મે મુહીત ઝમીન કા ફખ્રે આલમ કો ખિલાફે નુસૂસે કત્ઈયા કે બિલા દલીલ મહઝ કયાસે ફાસિદ સે ષાબિત કરના શિર્ક નહીં તો કૌન સા ઈમાન કા હિસ્સા હૈ ?! શૈતાનો મલકુલ મૌત કો યે વુસ્અત નસ્સે સે ષાબિત હુવી. ફખ્રે આલમ કી વુસ્અતે ઈલ્મ કી કૌનસી નસ્સ કતઈ હૈ જિસ સે તમામ નુસૂસ કો રદ કર કે એક શિર્ક ષાબિત કરતા હૈ. (બરાહીને કાતિઆ, પેજ–૫૧)*

આ સિવાય કાદયાની અને દેવબંદીઓના હજારો ગંદા અકીદા હિંદુસ્તાનના ખૂણે ખૂણામાં જે પ્રચલિત થઈ ચૂક્યા છે તે સૌ જમાઅતે સહાબા વ તાબઈનના વિરુદ્ધ છે. માટે એ એહલે સુન્નત વ જમાઅતમાંથી નીકળી જહન્નમી ફિર્કામાં દાખલ થયા.

કાદિયાની અને દેવબંદીઓના કુફ્ર પર ઉલમાએ મક્કા મુકર્રમા વ મદીના તૈયબાએ ફત્વા આપ્યા જેની વિગત ફતાવા હુસ્સામુલ હરમૈનમાં વર્ણન પામેલી છે. ગૈર મુકલ્લિદો અકીદામાં દેવબંદીઓના ભાગીદાર છે. તક્વિયતુલ ઈમાન જે કુફ્રિયાતથી ભરેલી છે તેના પર ઈમાન રાખે છે. તે સિવાય તકલીદે શખ્સી જેના પર ઉમ્મતનો ઈજમાઅ છે તેને શિર્ક કહે છે. માટે જમાઅતે હક્ક એહલે સુન્નતથી ખારિજ થઈ જહન્નમી ફિર્કા થયા.

નેચરી કબ્રના અઝાબ, મૃત્યુ પછી જીવંત થવા અને હિસાબ કિતાબ તથા જન્નત દોઝખનો ઈન્કાર કરે છે, અંબિયાએ કિરામના મોઅ્જિઝાનો ઈન્કાર કરે છે. તેમના ફાસિદ અકીદાઓ પણ તે મઝહબે હક્કના વિરુદ્ધ છે જેના પર સહાબા અને તાબઈનની જમાઅત કાયમ હતી. માટે આ ફિર્કો પણ એહલે સુન્નત વ જમાઅતથી ખારિજ છે.

અલ્બત્ત ! ઈસ્લામનો દાવો કરનાર આ સર્વે બાતિલ ફિર્કાઓ પોત પોત પોતે હક્ક પર હોવાનો ઢંઢોરો પીટે છે અને પોતાના બાતિલ મઝહબ માટે કુર્આન તથા હદીષ પઢે છે અને આયતો તથા હદીષો દલીલમાં રજૂ કરે છે. પરંતુ શું કોઈ દાવા પર કેવળ

www.barkatekhwaja.net

કોઈ આયત અથવા હદીષ પઢી દેવું પૂરતુ છે ? આટલાથી જ તે દાવો સાબિત થઈ જશે ? જો આવું જ હોય તો દરેક વ્યક્તિ દરરોજ કુર્આનની આયતોની સંખ્યા બરાબર ૬,૬૬૬ દાવા સાબિત કરી લેશે !

નહીં ! નહીં ! હરગિઝ નહીં ! કુર્આનો હદીષથી કોઈ દાવાને સાબિત કરવા માટે એ જોવામાં આવશે કે કુર્આન અને હદીષનો જે મતલબ દાવો કરનારે બતાવ્યો છે તે રસૂલુલ્લાહ ﷺ અને સહાબા વ તાબઈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના ફર્માન વિરુદ્ધ તો નથી. જો તેમના મુજબ છે તો માન્ય અને જો વિરુદ્ધ છે તો અમાન્ય. અને ઉપરોક્ત લખાણથી જણાયું કે આ બાતિલ ફિર્કાઓ આયતો અને હદીષનો અર્થ સહાબા, તાબઈન અને સલ્ફે સાલિહીનની તા'લીમથી વિરુદ્ધ લે છે, બલ્કે તેમના કથનો અને અકીદાઓ કુર્આનની સ્પષ્ટ આયતોથી વિપરીત છે. માટે ખરી રીતે કુર્આને હદીષને માનવાવાળા હરગિઝ નથી બલ્કે કેવળ ઝબાની દાવેદાર છે જેનો હરગિઝ એતેબાર નથી.

**નોંધ** : કુફ્ર અને બેદીની માટે એ જરૂરી નથી કે કુર્આન મજીદની દરેક આયતના વિરુદ્ધ કરવામાં આવે, તમામ હદીષોનો ઈન્કાર કરવામાં આવે, બલ્કે કોઈ એક આયતનો વિરોધ પણ કુફ્ર અને બેદીની માટે કાફી છે ભલે બાકી આખા કુર્આન પર ઈમાન રાખતો હોય.

માટે આ બાતિલ ફિર્કાઓ ભલે અમુક અકીદાઓ અને અમલમાં એહલે સુન્નત વ જમાઅતથી સહમતથી પણ હોય પરંતુ કારણ કે તેમના કેટલાક ગંદા અકીદા અને કથનો કેટલીક આયતો, હદીષો અને પૂર્વજ બુઝુર્ગોના અકીદાઓથી વિરુદ્ધ છે એટલા માટે તેઓ બદ્દીન, ગુમરાહ અને જહન્નમી ફિર્કાઓમાં સામેલ છે.

આ વિગતોથી સાબિત થયું કે કુર્આન તથા હદીષને માનવાવાળો ગિરોહ તે જ છે જેના સર્વ અકીદા સહાબા, તાઈબન અને સલ્ફે સાલિહીનના મુજબ હોય અને તે ગિરોહ એકમાત્ર એહલે સુન્નત વ જમાઅત છે, કારણ કે આ ગિરોહના અકીદા એ જ છે, એ જ મઝહબની પૈરવી કરે છે જેના પર સહાબાએ કિરામ, તાબઈને એઝામ, અઈમ્મએ દીન, ઉલમાએ મોઅતમદીન, અવલિયાએ કામિલીન, સલ્ફે સાલહીન رضوان اللہ تعالیٰ علیہم اجمعین કાયમ રહ્યા. તેના સિવાય અન્ય સર્વ ફિર્કા જહન્નમી છે. તેમ છતાં કોઈ બદ્દીન, હઠધરમ, જિદ્દી ન માને તો અમે એલાન કરીએ છી કે હદીષ, તફસીર, ઈલ્મે કલામ, ઈલ્મે ફિકહ, તસવ્વુફ, સીરત અને તારીખની સર્વે મોઅતબર કિતાબો જમા કરો. સહાબા, તાબઈન અને સલ્ફે સાલિહીનના અકીદા શોધો. તમામ કિતાબોમાં તેમના એ જ અકીદા છે જે હમણા એહલે સુન્નત વ જમાઅતના અકીદા છે અને ઉપરોક્ત દર્શાવેલ કોઈ પણ ગુમરાહ ફિર્કાનું તેમાં હરગિઝ સમર્થન મળી શકે નહીં.

માટે અહાદીષે કરીમાએ નજાત પામનાર ફિર્કાની જે પેહચાન બતાવી છે :

ما أنا عليه أصحابي وهم الجماعة السواد الاعظم

"જેના પર હું અને મારા સહાબા છે, તે મુસલમાનોની મોટી જમાઅત છે." તેના અનુસાર કેવળ એક જ નજાત પામનાર ફિર્કો એહલે સુન્નત વ જમાઅત છે. માટે એ જ નજાત પામનાર છે. જેમ કે શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ એ અશિઅતુલ્ લમ્આતમાં વિસ્તારથી વર્ણન કર્યુ. અને અલ્લાહ જ હિદાયતનો માર્ગ બતાવનાર છે અને એ જ સીધા રસ્તાની તૌફીક આપનાર છે અને તે સર્વાધિક ઈલ્મવાળો છે અને તેનો ઈલ્મ મુકમ્મલ છે.

*(ઈસ્તિકામત ડાયજેસ્ટનો તહફ્ફૂઝે અકાઈદ નંબર, કાનપુર ઈ.સ. ૧૯૯૬)*

www.barkatekhwaja.net

## બરકાતે ખ્વાજાની ટપાલ... ➤➤➤➤ કાર્યાલય

### ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہની યાદ મનાવાયી

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ખાતે તા. ૨૮–૦૭–૨૦૨૪ રવિવારે અસર બાદ "સુન્ની દા'વતે ઈસ્લામી"ના સુન્ની ઈજતેમામાં હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہની યાદ મનાવવામાં આવી જેમાં પ્રથમ યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો. બાદમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આપની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. આપની ઈબાદત, આપનો તક્વો, આપનો ઈલ્મ કેવો હતો તે દર્શાવ્યું અને આપના ફર્માનો પણ પેશ કરીને તાકીદ કરી હતી કે જો અહલે બયતની મહોબ્બતનો, બુઝુર્ગોની મહોબ્બતનો આપણે દાવો કરીએ છીએ તો એમનાં ફર્માનો પર ચાલીને, તેમના નક્શે કદમ પર ચાલીને પાકીઝા જિંદગી ગુજારવી જોઈએ.

### દયાદરામાં જશ્ને મખ્દૂમે સિમ્નાં મનાવાયો

**દયાદરા** : ખાતે મુખ્તારુલ મસાજિદમાં તા. ૦૪–૦૮–૨૦૨૪ રવિવારના રોજ હઝરત સૈયદ મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે અસર બાદ "સુન્ની દા'વતે ઈસ્લામી"ના સુન્ની ઈજતેમામાં જશ્ને મખ્દૂમ સિમ્નાં મનાવાયો જેમાં પ્રથમ યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો બાદમાં જનાબ કારી મક્સૂદ અશરફી (પેશ ઈમામ સાહબ)એ પોતાના અનોખા અંદાઝમાં મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہની શાનમાં મન્કબત પેશ કરી હતી ત્યારબાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ *"શાને મખ્દૂમ અશરફ ઔર ઉન્કી તા'લીમાત"* સંબંધે ઈમાન અફરોઝ બયાન કર્યું. તેમજ **મુ. આંતી, તા. પાદરા** ખાતે પણ જશ્ને મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

### જશ્ને હુઝૂર મુફતીયે આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہ

**દયાદરા** : ખાતે ૧૪ મુહર્રમ શરીફ ઉર્સ નિમિત્તે અંગ્રેજી તા. ૨૧–૦૭–૨૦૨૪ રવિવારે અસર બાદ મુખ્તારુલ મસાજિદમાં જશ્ને મુફતીયે આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝા ખાં رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં ખત્મે યાસીન શરીફ બાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના તક્વા પરહેઝગારી તથા આપની કરામતો સંબંધે ઈમાન અફરોઝ બયાન કરી હાજરજનોનાં દિલોમાં ઈમાની રૂહાની તાજગી ભરી આપી હતી.

### ઈન્તેકાલ પુરમલાલ

❒ **દયાદરા** : ખાતે તા. ૩૦–૦૭–૨૦૨૪, ૨૨ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૬, મંગળવારના રોજ ઈકબાલ ઈબ્રાહીમ કાપડીયાનો ઈન્તેકાલ થયો. ❒ **દયાદરા** : ખાતે તા. ૨૧–૦૭–૨૦૨૪, ૧૩ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૬, રવિવારના રોજ આઈશાબેન દાઊદ ઈસપબેટી (છેલાઘરવાળા)નો બરોડા મુકામે ઈન્તેકાલ થયો અને દફનવિધિ દયાદરા થઈ. ❒ **લંડન** : ખાતે તા. ૧૭–૦૭–૨૦૨૪, ૯–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૬, બુધવારે હજીયાણી મરયમ મુહમ્મદ માલજી (દયાદરાવાળા)નો ઈન્તેકાલ થયો. ❒ **દયાદરા** : ખાતે ઝાકિર મુહમ્મદ વલી અકુજી (B/o. મુશતાક અકુજી)નો ૨૮–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૬, સોમવારને તા. ૦૫–૦૮–૨૦૨૪ના રોજ ઈન્તેકાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*** *ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.* –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)